અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ જૂન ૨૦૨૫, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૭

વર્ષ : ૧૬
અંક : ૩૪૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### યુવરાજ સિંહ, હરભજન, રૈના, ઉર્વશી રૈતેલાની ED દ્વારા પૂછપરછ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ઓનલાઈન બેટિંગ કેસમાં અનેક મોટા સેલેબ્સની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈદ્વના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર્સ યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ રૈના સાથે ઈડીએ પૂછપરછ કરી હતી. આ સાથે જ બોલિવૂડ કલાકાર સોનુ સૂદ અને ઉર્વશી રૌતેલા સાથે પણ આ મામલે પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈડી દ્વારા હાલ આ સેલેબ્સની પૂછપરછનું કારણ એ છે કે, જે એપ્સ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે, તેનો પ્રચાર-પ્રસાર કેમ કરવામાં આવી રહ્યો છે? આ એપ્લિકેશનમાં વન બેટ, ફેયર પ્લે અને મહાદેવ ઓનલાઈન બેટિંગ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

### અમરનાથયાત્રા રૂટનો ફ્લાઇંગ ઝોન જાહેર કરાયો



। (એજન્સી) જમ્મુ, તા.૧૭ ।

અમરનાથયાત્રા ૩ જુલાઈએ શરૂ થવાની છે. આ યાત્રાને લઈને સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત ખડકી દેવાયો છે. ત્યારે યાત્રિકોની સુરક્ષાને લઈને સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે એલાન કર્યું છે કે જમ્મુ કાશ્મીરે તીર્થયાત્રિકોની સુરક્ષાને મજબૂત કરવા માટે ગૃહમંત્રાલયની સલાહ પર પહલગામ અને બાલટાલ માર્ગ પર હવાઈ પ્રતિબંધ લગાવી દીધા છે. જેને લઈને સમગ્ર રૂટને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરી દીધો છે. આ પગલુ ભરવાનું કારણ છે યાત્રિકોની સુરક્ષા. આગામી અરનાથ યાત્રાને લઈને તમામ પ્રકારની સુરક્ષાને જોતા આ નિર્ણય લેવાયો છે. કેન્દ્ર શાસિક પ્રદેશના ગૃહ વિભાગે પહલગામ અને બાલટાલ બંને માર્ગો સહિત તમામ માર્ગોને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરી દીધો છે. આ પ્રતિબંધ પહલગામ અને બાલટાલ બંને માર્ગોને કવર કરનાર તમામ પ્રકારના એર ડિવાઈસ પર લાગુ પડે છે. જેમાં યુએવી, ડ્રોન અને ફુગ્ગાનો પણ સમાવેશ થાય છે. આ સુરક્ષા નિર્દેશ ૧ જુલાઈથી ૧૦ ઑગષ્ટ ૨૦૨૫ સુધી લાગુ રહેશે.

### G7 સમિટ અધવચ્ચે છોડ્યા બાદ ટ્રમ્પના નિવેદનથી સસ્પેન્સ

# અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન પરત ફર્યા

## આ યુદ્ધમાં અમેરિકા તટસ્થ રહેવા માગતુ નથી તે ઈરાન વિરૂદ્ધ કોઈ મોટું પગલું લઈ શકે છે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।



કેનેડામાં આયોજિત G7 સમિટને અધવચ્ચે જ અધૂરી મૂકી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન પરત ફર્યા છે. ટ્રમ્પે પોતાની આ વાપસી પહેલાં જ કંઈક મોટું થવાનો સંકેત આપ્યો છે. તેમણે પોતાની વાપસીનું કારણ મધ્ય-પૂર્વમાં ચાલુ તણાવ આપ્યું છે. જેથી લોકો અટકળો લગાવી રહ્યા છે કે, હવે અમેરિકા ઈરાન વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરી રહ્યું છે.

ટ્રમ્પે કેનેડામાંથી પરત વોશિંગ્ટન જતી વખતે નિવેદન આપ્યું હતું કે, પ્રશંસા મેળવાની ઈચ્છા રાખતા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ભૂલથી કહ્યું છે કે, હું કેનેડામાં ૭૭ શિખર સંમેલન છોડી પરત વોશિંગ્ટન જઈ રહ્યો છું, જેથી ઈરાન- ઈઝરાયલ વચ્ચે સીઝફાયર પર કામ કરી શકું. પરંતુ તે વાત ખોટી છે. તેમને ખબર નથી કે, હું શા માટે વોશિંગ્ટન પરત ફરી રહ્યો છું. પરંતુ નિશ્ચિત રૂપે સીઝફાયર માટે તો નહીં. તેનાથી પણ કંઈક મોટુ થવાની શક્યતા છે... જાણી જોઈને અથવા અજાણતા ઈમેન્યુઅલ હંમેશા ખોટા જ નિવેદનો આપે છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા પાંચ દિવસથી યુદ્ધ ચાલી રહ્યુ છે. એવામાં ટ્રમ્પના આ પ્રકારના નિવેદન સંકેત આપી રહ્યા છે, બંને દેશો વચ્ચે વધુ ભયાનક યુદ્ધ થશે. કારણકે, તેમણે સ્પષ્ટતા કરી છે કે, બંને દેશો સીઝફાયર તો કરી રહ્યા નથી. વધુમાં અમેરિકા પણ ઈચ્છતું નથી કે, બંને દેશો વચ્ચે સીઝફાયર થાય. ટ્રમ્પે ઈરાનને ઝૂકવા માટે અનેક અપીલ અને ધમકીઓ આપી છે. પરંતુ ઈરાન ટસનું મસ થઈ રહ્યું નથી. અત્યારસુધી અમેરિકાએ આ યુદ્ધમાં પોતાની દખલગીરી ન હોવાની સ્પષ્ટતા આપી છે. પરંતુ ટ્રમ્પના વર્તમાન નિવેદન પરથી લાગી રહ્યું છે કે, હવે આ યુદ્ધમાં અમેરિકા તટસ્થ રહેવા માગતુ નથી. તે ઈરાન વિરૂદ્ધ કોઈ મોટું પગલું લઈ શકે છે.



ગયા અઠવાડિયે અમદાવાદમાં ક્રેશ થયેલા એર ઈન્ડિયાના વિમાનના પાઈલટ કેપ્ટન સુમિત સભરવાલના પિતા પુષ્કરાજ સભરવાલ તેમના પુત્રના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે મુંબઈ લાવવામાં આવ્યા બાદ અન્ય લોકો સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### યુદ્ધની ૫ મોટી અસર ભારત પર જોવા મળશે

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધ લાંબુ ખેંચાયું તો ક્રૂડ ઓઈલ મોંઘુ થશે

। (એજન્સી) ઈરાન, તા.૧૭ ।



ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પાંચ દિવસથી ચાલી રહેલા ભયાનક સંઘર્ષ બાદ પણ સ્થિતિ સુધરે તેવો કોઈ સંકેત જોવા નથી મળી રહ્યો. જોકે, હવે આ સંઘર્ષની અસર સીધી જનતાના ખિસ્સા પર જોવા મળી શકે છે.

ઈરાનના પરમાણુ કાર્યક્રમની સામે ઈઝરાયલે ઓપરેશન રાઈઝિંશ લાયન ૧૨ જૂને શરૂ કર્યું હતું. જેમાં ઈરાનના ટોચના પરમાણુ વિજ્ઞાની અને પ્લાન્ટ્સને નિશાનો બનાવવામાં આવ્યા હતા. ચાલો જાણીએ કે, યુદ્ધની ૫ કઈ મોટી અસર ભારત પર જોવા મળશે. ભારત દુનિયાના અમુક જ એવા દેશોમાંથી છે, જેના ઈઝરાયલ અને ઈરાન બંને સાથે સારા સંબંધો છે. ભારત ઈરાનના ક્રૂડ ઓઈલનો ખરીદદાર છે. ઈરાન ભારતને ક્રૂડ ઓઈલ પર ઘણી છૂટ પણ આપે છે. એવામાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ઘટવું અથવા આપૂર્તિ પર અસરથી ભારત માટે આયાત મોંઘુ પડશે અને પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે. ઈરાને પોતાના પરમાણુ હથિયાર કાર્યક્રમથી પીછેહઠ ન કરી તો અમેરિકા તેના પર નવા આર્થિક પ્રતિબંધ લાગુ કરી શકે છે. ભારત ક્રૂડ સિવાય સૂકા મેવા પણ ઈરાન પાસેથી મંગાવે છે. આ સિવાય તેને બાસમતી ચોખા, ખાંડ, ચા-કૉફી જેવી અન્ય વસ્તુની નિકાસ કરે છે. ભારતની અનેક મોટી કંપની ઈરાનમાં મૂળભૂત પાયાનું નિર્માણ કામ કરવામાં જોડાયેલી છે. આર્થિક પ્રતિબંધો બાદ આવું કરવું અઘરૂ થશે, ભારતે ઈરાન અને ઈઝરાયલ યુદ્ધ પર એકપણ બાજુ પોતાનો ઝૂકાવ નથી બતાવ્યો. ભારત નથી ઈચ્છતુ કે, મધ્ય-પૂર્વમાં સાઉદી અરેબિયા, યુએઈની સાથોસાથ ઈરાન જેવા ઈસ્લામિક દેશો સાથે પોતાના સંબંધ બગાડે. ઈઝરાયલ પણ ભારત માટે ખૂબ મહત્ત્વનું છે. ઈરાન એવા ગણતરીના ઈસ્લામિક દેશોમાંથી છે, જે આતંકવાદ પર ભારતની પીડાને સમજે છે. ઈરાને તો ખુદ પાકિસ્તાન પોષિત આતંકવાદને સહન કરી રહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે થોડા સમય પહેલાં થયેલા સૈન્ય સંઘર્ષ બાદ ઈરાને ખૂબ સમજદારીથી કામ લીધુ હતું.

### ઈરાન ઈઝરાયલ વચ્ચે તણાવ વધ્યો

# ઈઝરાયલની ગુપ્ત એજન્સી મોસાદનું હેડક્વાર્ટર ધ્વસ્ત

। (એજન્સી) ઈરાન, તા.૧૭ ।

મિડલ ઈસ્ટમાં હમાસ બાદ ઈઝરાયલનું ઈરાન સાથેનું યુધ્ધ ફરી શરૂ થયુ છે. બંને દેશોની લડાઈને લઈને આખી દુનિયા ચિંતામાં છે. ઈઝરાયલી હુમલાના જવાબમાં ઈરાન પણ પલટવાર કરી રહ્યું છે. આ વચ્ચે ઈરાને ઈઝરાયલની ખુફીયા એજન્સી મોસાદના હર્જલિયામાં આવેલા હેડ ક્વાટર્રને ધ્વસ્ત કરી નાખ્યું છે. તેહરાનના મિડીયાએ આ દાવો કર્યો છે. ઈરાને ઈઝરાયલની ગુપ્ત એજન્સી મોસાદને ટાર્ગેટ કરી છે અને તેના મુખ્યાલયને ધ્વસ્ત કરી નાખ્યું છે. આ લઈને એક વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો છે. જેમાં હુમલા પછી આકાશમાં ઉઠતા ધુમાડાના ગોળા જોવા મળી રહ્યા છે. જેને લઈને તેહરાનના મિડીયા સંગઠનોએ દાવો કર્યો છે કે હર્જલિયાના મુખ્યાલય પર મિસાઈલો છોડવમાં આવી હતી. જો કે ઈરાનના દાવા પર ઈઝરાયલની કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પાંચમાં દિવસે પણ યુદ્ધ શરૂ છે. ઈરાને મંગળવારે તેલ અવીવમાં ઈઝરાયલની ગુપ્ત એજન્સી મોસાદના હેડક્વાર્ટર પર હુમલો કર્યો છે.

### ઈરાનના હાલમાં નિમણૂક કરાયેલા આર્મી ચીફનું મોત થયુ

। (એજન્સી) ઈરાન, તા.૧૭ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સ્થિતિ સતત વણસી રહી છે. ઈઝરાયલની સેનાએ ઈરાનના હાલમાં નિમણૂક કરાયેલા ચીફ ઑફ સ્ટાફ અને વરિષ્ઠ સૈન્ય કમાન્ડર પૈકી એક અલી શાદમાનીનું મિસાઈલ હુમલામાં મોત થયુ હોવાનો દાવો કર્યો છે. ઈઝરાયલના આ દાવાથી મિડલ-ઈસ્ટમાં હડકંપ મચ્યો છે. ઈરાન તેનો બદલો લેવા ઈઝરાયલ વધુ જોર સાથે હુમલો કરે તેવી શક્યતાઓ વધી છે.

### ૬ વર્ષ બાદ વનડેમાં ફરી ટોચના સ્થાને પહોંચી

# ભારતની સ્ટાર બેટર સ્મૃતિ મંધાના બની દુનિયાની નંબર વન બેટ્સમેન

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।



ભારતની સ્ટાર બેટર સ્મૃતિ મંધાના વનડે ક્રિકેટમાં દુનિયાના નંબર વન બેટર બની ગઈ છે. મંધાનાએ છ વર્ષ બાદ ખોવાયેલું તાજ પરત મેળવ્યું છે. ભારતની વાઈસ કેપ્ટન મંધાના પહેલીવાર ટોચના સ્થાને પહોંચી છે. સાઉથ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડે તાજેતરની અપડેટ રેંક્રિંગમાં ૧૯ રેટિંગ પોઈન્ટ્સ ગુમાવ્યા, જેનો ફાયદો ભારતીય બેટર સ્મૃતિ મંધાનાને મળ્યો અને તે ફરી એકવાર નંબર ૧ પર પહોંચી ગઈ. મંધાનાના કુલ ૭૨૭ રેટિંગ પોઈન્ટ છે. ત્યાર બાદ ઈંગ્લેડની કેપ્ટન નતાલી સાયવર-બ્રન્ટ ૭૧૯ પોઈન્ટ્સની સાથે બીજ સ્થાન પર છે. હવે વોલ્વાર્ડ ૭૧૯ પોઈન્ટ્સની સાથે ત્રીજા સ્થાન પર પહોંચી છે. મંધાના પછી આ યાદીમાં વધુ બે ભારતીય બેટર જેમિમા રોડ્રિગ્સ અને કેપ્ટન હરમનપ્રીત કૌર છે, જે ૧૪માં અને ૧૫માં સ્થાન પર છે. ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે આ મહિનાની અંતમાં પાંચ ટી૨૦ અને ત્રણ વનડે મેચની સીરિઝ રમાશે.

### ધમકીમાં ફ્લાઇટ નંબર પણ સ્પષ્ટ રૂપે આપવામાં આવ્યો હતો

# ઈન્ડિગો એરલાઇન્સની એક ફ્લાઇટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી

#### વિમાનમાં બોમ્બની ધમકી મળ્યા બાદ પ્રોટોકોલ હેઠળ તુરંત ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।

કોચ્ચિથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની એક ફ્લાઈટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી બાદ નાગપુર એરપોર્ટ પર તેની ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી છે.



સુરક્ષા એજન્સીઓએ સલામતીને ધ્યાને લઈને વિમાનનું નાગપુર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું, જ્યાં તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી વિમાનની તપાસ કરવામાં આવી હતી.વિમાનમાં બોમ્બની ધમકી મળ્યા બાદ પ્રોટોકોલ હેઠળ તુરંત ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં પુષ્ટિ કરવામાં આવી કે, ધમકી ગંભીર હતી. કારણ કે, ધમકીમાં ફ્લાઈટ નંબર પણ સ્પષ્ટ રૂપે આપવામાં આવ્યો હતો. જોકે, ધમકી મળી ત્યાં સુધી ફ્લાઈટ કોચ્ચિથી ઉડાન ભરી ચુકી હતી, જેને સુરક્ષાના કારણોસર નાગપુર એરપોર્ટ તરફ વળાવી દેવાયું હતું. હાલ, વિમાન અને મુસાફરોની તપાસ કરવામાં આવી રહી છે.

નોંધનીય છે કે, શુક્રવારે થાઈલેન્ડના ફુટેકથી નવી દિલ્હી આવી રહેલા એર ઈન્ડિયાના વિમાન છેં-૩૭૯ને પણ બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી હતી. ત્યારબાદ વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. ફુકેટ એરપોર્ટના અધિકારીઓએ જાણકારી આપી હતી.

### રોજબરોજ ફ્લાઈટમાં ખામીના સમાચાર મળી રહ્યા છે

# એક જ દિવસમાં એર ઈન્ડિયાની કુલ ચાર ફ્લાઈટ કરાઈ કેન્સલ

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશની ભયાવહ દુર્ઘટના બાદ રોજબરોજ ફ્લાઈટમાં ખામીના સમાચાર મળી રહ્યા છે. આજે એર ઈન્ડિયાની કુલ ચાર ફ્લાઈટ ટેક્નિકલ તથા અન્ય કારણોસર ઉડાન ભરી શકી ન હતી. એર ઈન્ડિયાની દિલ્હીથી પેરિસ, લંડનથી અમૃતસર, સાન ફ્રાન્સિસ્કોથી મુંબઈ અને અમદાવાદથી લંડન આવતી ફ્લાઈટ રદ કરવામાં આવી છે. આ ત્રણેય ફ્લાઈટમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી.એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર



વિમાન AI-159 બપોરે ૧.૧૦ વાગ્યે અમદાવાદથી રવાના થયુ હતું. લંડન પહોંચવાનો સમય સાંજે ૬.૨૫ વાગ્યાનો હતો.

જો કે, ફ્લાઈટ ટૅકઑફ થાય તે પહેલાં જ તેમાં ટેક્નિકલ ખામી જોવા મળતાં ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. આ સિવાય મુંબઈથી અમદાવાદ આવી રહેલી ફ્લાઈટ AI2493 પણ ટેક્નિકલ ખામીના કારણે રદ કરવી પડી હતી.

### કેદારનાથના ગૌરીકુંડમાં હેલિકોપ્ટર દુર્ઘટનાનો કીસ્સો

# પાયલટની અંતિમ વિદાયના ભાવુક દ્રશ્યો: તસવીર પર હાથ ફેરતી રહી પત્ની દીપિકા

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૭ ।

રવિવારે સવારે કેદારનાથના ગૌરીકુંડમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા ૩૭ વર્ષીય નિવૃત્ત પાયલટ રાજવીર સિંહ ચૌહાણનો પાર્થિવ દેહ આજે સવારે જયપુર લઈ જવામાં આવ્યો હતો. જયપુરના ચાંદપોલ સ્થિત મોક્ષધામમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. રાજવીર લેફ્ટનન્ટ કર્નલ તરીકે સેનામાંથી નિવૃત્ત થયા હતા અને ચાર મહિના પહેલા જ જોડિયા બાળકોના પિતા બન્યા હતા. તેમની



પત્ની, લેફ્ટનન્ટ કર્નલ દીપિકા ચૌહાણ પણ ભારતીય સેનામાં અધિકારી છે અને યુનિફોર્મમાં આ અંતિમ યાત્રામાં ભાગ લીધો હતો. હેલિકોપ્ટર દુર્ઘટનામાં રાજવીરનો મૃતદેહ ખરાબ રીતે દાઝી ગયો હતો, તેથી અંતિમ સંસ્કાર સમયે તેનો ચહેરો પરિવારને બતાવવામાં આવ્યો ન હતો. મોટા ભાઈ ચંદ્રવીરે વીંટી અને ઘડિયાળ જોઈને તેના ભાઈની ઓળખ કરી હતી. પોલીસે પુષ્ટિ માટે રાજવીર અને ચંદ્રવીરના ડીએનએના નમૂના પણ લીધા હતા. પરિવારને છેલ્લી વાર રાજવીરનો ચહેરો જોવાની મંજૂરી આપવામાં આવી ન હતી. રાજવીર સિંહ ચૌહાણે લગભગ ૧૫ વર્ષ સુધી ભારતીય સેનામાં સેવા આપી હતી. શરૂઆતમાં આર્ટિલરી રેજિમેન્ટમાં અને પાછળથી આર્મીની એવિએશન વિંગમાં જોડાયા.

### મૃતદેહને કાર સાથે નહેરમાં ફેંકી દીધો હતો

# હરિયાણાની મોડલ શીતલ હત્યા કેસમાં મોટો ઘટસ્ફોટ, પરિણીત બોયફ્રેન્ડ જ નીકળ્યો હત્યારો

। (એજન્સી) હરિયાણા, તા.૧૭ ।

હરિયાણાની મોડેલ શીતલ ચૌધરી હત્યાના કેસમાં એક મોટો ઘટસ્ફોટ થયો છે. પોલીસે જણાવ્યું કે શીતલના બોયફ્રેન્ડ સુનિલે હત્યા કરી છે. સુનિલ પરિણીત છે અને બે બાળકોનો પિતા પણ છે.

સુનિલે પોતાનો ગુનો કબૂલી લીધો છે અને પોલીસને જણાવ્યું છે કે તેણે શીતલની હત્યા કરી હતી અને તેના મૃતદેહને કાર સાથે નહેરમાં ફેંકી દીધો હતો. શનિવારે (૧૪મી જૂન) મૃતક શીતલ ચૌધરી હરિયાણાના પાણીપતના અહર ગામમાં મ્યૂઝિક આલ્બમના શૂટિંગ માટે ગઈ હતી. સુનિલ પણ રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે ત્યાં પહોંચ્યો અને બંને ત્યાંથી કારમાં રવાના થઈ ગયા.

આ પછી, બંનેએ કારમાં બેસીને દારૂ પીધો પરંતુ આ દરમિયાન બંને વચ્ચે ઝઘડો થયો. રાત્રે ૧:૩૦ વાગ્યે શીતલે તેની બહેન નેહાને વીડિયો કોલ કરીને કહ્યું કે, 'મારો સુનીલ સાથે ઝઘડો થયો છે અને તે મને માર મારી રહ્યો છે.' ત્યારબાદ શીતલનો ફોન બંધ થઈ ગયો. રવિવારે (૧૫મી જૂન) શીતલની બહેન નેહાએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

### ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે

# તાત્કાલિક તેહરાન છોડો, એડ્રેસ-ફોન નંબર આપો : ઈરાનમાં ફસાયેલા ભારતીયો માટે એડવાઈઝરી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. ત્યારે ભારતીય દૂતાવાસે મંગળવારે (૧૭મી જૂન) તેહરાનમાં રહેતા ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના વ્યક્તિઓ (PIO)ને શહેર છોડીને સુરક્ષિત સ્થળોએ જવા અપીલ કરી છે. આ ઉપરાંત ભારતીય દૂતાવાસે તેહરાનમાં રહેલા એવા ભારતીયોને પણ સૂચના આપી છે જે સંપર્ક નથી, તેમને તાત્કાલિક દૂતાવાસનો સંપર્ક કરવા કહ્યું છે. ભારતીય દૂતાવાસે ઈરાનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લઈને જણાવ્યું હતું કે, 'તેહરાનમાંથી ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા છે. અન્ય ભારતીય નાગરિકોને પણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શહેર છોડી દેવાની સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક ભારતીયોને આર્મેનિયા સરહદ દ્વારા ઈરાન છોડવાની સુવિધા આપવામાં આવી છે. શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે દૂતાવાસે લોકો સાથે સતત સંપર્કમાં છે.' સોશિયલ મીડિયા પ્લેટપોર્મ 'X' પર ભારતીય દૂતાવાસે પોસ્ટ કરીને લખ્યું કે, 'તેહરાનમાં રહેતા અને દૂતાવાસના સંપર્કમાં ન હોય તેવા તમામ ભારતીય નાગરિકોને તાત્કાલિક તેહરાનમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરે અને તેમનો ફોન નંબર અને એડ્રેસ +૯૮૯૦૧૦૧૪૪૫૫૭; +૯૮૯૧૨૮૧૦૯૧૧૫; +૯૮૯૧૨૮૧૦૯૧૦૯ નંબર પર મોકલવામાં આવે.' આ ઉપરાંત વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'ઈઝરાયલ અને ઈરાન બંનેમાં 24×7 કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે.'

## ભાવનગરના સિહોરના ટાણા ગામનું તળાવ છલકાયું

। (એજન્સી) ભાવનગર, તા.૧૭ ।

ભાવનગરમાં વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ભરાયુ છે. ભારે વરસાદના કારણે ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. વાતાવરણમાં ઠંડક પ્રસરતા સ્થાનિકોને ગરમીથી રાહત મળી છે. સત્તાવાર ચોમાસાની શરુઆત થતા નદીઓ અને નાળાંઓ છલકાયા છે. નવા નીરનું આગમન થતા ખેડૂતો ખુશ છે. પાણીની આવક વધતા ડેમની જળ સપાટી વધી રહી છે. રસ્તાઓ પર પાણી ભરાતા વાહન ચાલકો પરેશાન થયા છે. ભાવનગરના સિહોરના ટાણા ગામનું તળાવ છલકાયું છે. ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ પેદા થઈ છે. નવા નીરથી નદીઓ બંને કાંઠે વહેતી થઈ છે. ઘોડાપૂરને કારણે ભાવનગર પંથકમાં નદીઓ છલકાઈ છે. સિહોરથી ટાણા રોડ ઉપર જતાં વાહન ચાલકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આગામી ૫ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## દહેગામમાં ધોધમાર વરસાદ, નીચાણવાળા વિસ્તારોમાં ભરાયા પાણી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

રાજ્યમાં આજે વહેલી સવારથી વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યા છે અને ભાવનગર, વેરાવળ, વડોદરા, જુનાગઢમાં વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી છે અને પહેલા જ વરસાદમાં અનેક જગ્યાએ પાણી ભરાઈ જવાની પણ સમસ્યાઓ સામે આવી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. અસહ્ય ઉકળાટ બાદ ગાજવીજ સાથે વરસાદ શરૂ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો છે અને સમગ્ર દહેગામમાં વરસાદી માહોલ જામ્યો છે. ભારે પવન સાથે વરસાદ વરસતા દહેગામના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે, ત્યારે વરસાદના કારણે ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. વરસાદથી નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. શહેરની મ્યુનિસિપલ હાઈસ્કુલ અને એસટી બસ સ્ટેન્ડ પાસે વરસાદી પાણી ભરાયા છે. ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા નાઉકાસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ૧૧ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યુ છે. દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, ભરુચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં રેડ એલર્ટ અપાયું છે. આ સિવાયના ૧૧ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. મહિસાગર, દાહોદ, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં ઓરેન્જ એલર્ટ અપાયુ છે.

### છ પૈકીના એક મુસાફર ઝાડ પર ચડી જતાં તેમને અમરેલી ફાયર ટીમ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યા

# પાણી પુરવઠાની સાઇટ પર ફસાયેલા ૨૪ નાગરિકોને પીપાવાવ કોસ્ટ ગાર્ડ દ્વારા રેસ્ક્યુ કરી વિકટર ગામની શાળા ખાતે સલામત રીતે ખસેડવામાં આવ્યા

। (એજન્સી) અમરેલી, તા.૧૭ ।

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો હતો. જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ અને વિકટર ગામ વચ્ચે પાણી પુરવઠાની સાઇટ પર ૨૪ નાગરિકો પાણીમાં ફસાયા હતા. આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયા અને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર તથા રાજુલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

પીપાવાવ અને વિકટર ગામની બાજુ પાણી પુરવઠાની સાઇટના સ્થળ પર પહોંચવાનો કાચો માર્ગ પાણીથી તરબોળ થયો હતો, આવી સ્થિતિમાં આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાએ પીપાવાવ કોસ્ટ ગાર્ડને જરુરી દિશાનિર્દેશો આપ્યા હતા.

અમરેલી જિલ્લાના પીપાવાવ કોસ્ટ ગાર્ડ અને પીપાવાવ કોસ્ટ ગાર્ડની ટીમ દ્વારા ત્રણ બોટમાં આ લોકોને રેસ્ક્યુ કરી વિકટર ગામની શાળા ખાતે સલામત રીતે ખસેડવામાં આવ્યા હતા. જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ફીફાદ ગામે ભારે વરસાદની સ્થિતિના પગલે પાણી ભરાયા હતા. સાવરકુંડલાના ફીફાદ ગામે ખાનગી બસમાં સવાર હતા તેવા છ મુસાફરો પાણીમાં ફસાયા હતા તેની જાણ સાવરકુંડલા પ્રાંત અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને થતાં સમગ્ર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને રેસ્કયુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સ્થળ પર ફસાયેલા મુસાફરો સુધી પહોંચવા વહીવટી તંત્ર દ્વારા એકથી વધુ માર્ગે રેસ્ક્યુ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. રેસ્ક્યુ કરવા માટે અમરેલી જિલ્લાના માર્ગની સાથોસાથ ભાવનગર જિલ્લાના ગારિયાધારના માર્ગ તરફથી પણ રેસ્કયુ કામગીરી શરુ કરવામાં આવી હતી. બસની અંદર પાણી ભરાઇ જતાં મુસાફરો દ્વારા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન, જિલ્લા કંટ્રોલ રુમ અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. આ બાબતની ગંભીરતાને ધ્યાને લઇ અમરેલી જિલ્લા કલેકટર શ્રી અજય દહિયાએ રાહત કમિશનર શ્રી આલોક પાંડેને આ સ્થિતિથી અવગત કર્યા હતા, તેમના દ્વારા દિશાનિર્દેશો થતાં જામનગર એરફોર્સનું હેલિકોપ્ટર ફીફાદ ખાતે મોકલવામાં આવ્યું હતું, આ દરમિયાન ગારિયાધારના માર્ગેથી આ છ મુસાફર પૈકીના પાંચ મુસાફરને રેસ્કયુ કરવામાં સફળતા મળી હતી. છ પૈકીના એક મુસાફર ઝાડ પર ચડી ગયો હતો, આ એક મુસાફરને રેસ્ક્યુ કરવા અમરેલી જિલ્લા કલેકટરશ્રીએ ફાયર ટીમને સૂચના આપી હતી. ફાયર ટીમની બોટ દ્વારા બાકી રહેલા આ એક મુસાફરને રેસ્કયુ કરવાની કામગીરી હાથ ધરી હતી, તેથી આ મુસાફરને પણ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. શેત્રુંજીના કાંઠે લીલીયા તાલુકાના બવાડી ગામના ખેતર વિસ્તારમાં છ નાગરિકો અને નદીકાંઠે આવેલા રાજુલા નગર પાલિકા સત્યજીત સોસાયટી વિસ્તારમાં બે નાગરિકો પાણીમાં ફસાયા હતા તેમને પણ રેસ્કયૂ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્રમાં વધુ ૩ ઈંચ સુધી વરસાદ ૨ માનવી, ૩ પશુએ જીવ ગુમાવ્યા

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

ગુજરાતમાં ચોમાસાનાં વિધિવત આગમનની જોવાતી રાહ વચ્ચે મેઘવર્ષા યથાવત રહી છે. આજે સૌરાષ્ટ્રમાં વધુ ત્રણ ઈંચ સુધી વરસાદ વરસી ગયો હતો. જેમાં જૂનાગઢ અને અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારો જળબંબોળ બન્યા હતા.

જ્યારે રાજકોટ, જામનગર, દેવભૂમી દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં ધૂંપછાંવનાં માહોલ વચ્ચે હળવા-ભારે ઝાપટાં વરસ્યા હતા. બીજી તરફ વરસાદી માહોલમાં બે માનવી અને ત્રણ પશુએ જીવ ગુમાવ્યા હતા.

રાજકોટ શહેરમાં આજે સવારથી આકાશ ગોરંભાયેલું રહ્યું હતું, પણ બપોરે વરસાદ પડવાનાં બદલે વાદળો વિખેરાઈ ગયા હતા. જ્યારે ધોરાજીમાં આજે ધોધમાર અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. છાડવાવદર ગામે ગાજવીજ સાથે બે ઈંચ વરસાદે માર્ગોને જળબંબોળ કરી દીધા હતા, પણ વીજળી પડતા બે પશુના મોત થયા હતા. બીજી તરફ જૂનાગઢ જિલ્લાના છ તાલુકામાં આજે એક થી ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો.

જેમાં જૂનાગઢ અને વિસાવદરમાં એક ઈંચ, જયારે વંથલી, કેશોદ, મેંદરડામાં દોઢ ઈંચ, માણાવદરમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. મેંદરડા, વિસાવદર, માણાવદરના ગ્રામ્ય વિસ્તારમાં એક થી ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. મધ્ય ગીરમાં આવેલા કનકાઈ જંગલ વિસ્તારમાં પણ દોઢ ઈંચ વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

# પ્રથમ વરસાદમાં જ મહુવા પંથકમાં પૂર જેવી સ્થિતિ

### બાળકોનું રેસ્ક્યુ કરવા માટે તંત્ર દ્વારા હેલિકોપ્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે

। (એજન્સી) ભાવનગર, તા.૧૭ ।



મહુવા પંથકમાં આજે વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે મહુવા પંથકમાં ધોધમાર વરસાદના પગલે નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આ ધોધમાર વરસાદને કારણે પાણી ભરાવવાને કારણે શાળાએથી પરત ફરતા બાળકો ફસાયા છે. તલગાજરડાની મોર્ડન સ્કૂલમાં અભ્યાસ કરી રાતોલ ગામ જઈ રહેલા ૫૦ જેટલા બાળકો ફસાયા છે. આ વિસ્તારમાં નદીનું પાણી ફરી વળતા માર્ગ વચ્ચે જ બાળકો સહિત અન્ય લોકો પણ ફસાયા છે. આ ફસાયેલા લોકોનું હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યુ કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે, હાલ આ તમામ ૫૦ જેટલા બાળકોને આ વિસ્તારના કોઈ એક મકાનમાં રાખવામાં આવ્યા છે. મકાન ફરતે પણ નદીના પૂરનું પાણી ફરી વળતા મામલતદાર, ફાયર સહિતની રેસ્ક્યૂ ટીમ સ્થળ પર પહોંચી છે. હાલ તમામ વિદ્યાર્થીઓને સલામત બહાર કાઢવા રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી છે. અચાનક પૂરના પાણી ગામમાં ફરી વળતા બાળકો ફસાયા છે. જેના કારણે તેમના પરિવારના જીવ પણ તાળવે ચોંટ્યા છે. કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ તંત્રને તાકીદે ફોન કરી વિદ્યાર્થીઓને મદદે પહોંચવા જણાવ્યું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા સવારના ૬ વાગ્યાથી લઈને બપોરના ૨ વાગ્યા સુધીમાં રાજ્યમાં પડેલા વરસાદના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ભાવનગર જિલ્લામાં આજે સૌથી વધારે વરસાદ નોંધાયો છે. ભાવનગરના જેસરમાં ૮ કલાકમાં ૨૩૦ મિમિ, પાલિતાણામાં ૧૮૫ મિમિ, મહુવામાં ૧૭૬ મિમિ, તળાજામાં ૮૪ મિમિ, ગારિયાધારમાં ૭૭ મિમિ, શિહોરમાં ૬૯ મિમિ વરસાદ નોંધાયો છે. મરેલી અને જૂનાગઢ પાણી-પાણી જ્યારે અમરેલીના રાજુલામાં ૬૬ મિમિ, સાવરકુંડલામાં ૫૮ મિમિ, રાજકોટના જેતપુરમાં ૫૨ મિમિ, જૂનાગઢમાં ૪૭ મિમિ, ગીર સોમનાથના ઉનામાં ૪૩ મિમિ, અમરેલીના ખાંભામાં ૩૭ મિમિ, ગીર સોમનાથના સુત્રાપાડામાં ૩૭ મિમિ વરસાદ નોંધાયો છે.

## સુરતમાં આકાશમાંથી વીજળી પડી, બિલ્ડિંગ સાથે ટકરાઇ

। સુરત, તા.૧૭ ।

સુરત જિલ્લામાં આજે સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ પડતાં શહેરમાં ઠંડક પ્રસરી ગઈ છે. સરથાણા વિસ્તારમાં આકાશમાંથી વીજળી વરસતી હોવાનો એક જીવંત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં રાજહંસ ટાવર પર વીજળી પડતી નજરે પડે છે. આ દ્રશ્યો જોઈ લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું. શહેરના અડાજણ, અઠવાગેટ સહિતના વિસ્તારોમાં કાળા ઘનઘોર વાદળો છવાઈ ગયા બાદ વરસાદ શરૂ થયો હતો, જેના કારણે ગરમી અને બફારાથી પીડાતા નાગરિકોને રાહત મળી છે.

# પારડીની ડીસીઓ હાઈસ્કુલમાં યોગા સમર કેમ્પ ના બાળકોને સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો



। વલસાડ, તા.૧૭ ।

રાજ્યના નાગરિકો તેમજ બાળકો પ્રમાણ અટકે અને સ્વસ્થ જીવન શૈલી જીવી શકે તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ચાલી રહેલા સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડી. સી. ઓ. સાર્વજનિક હાઈસ્કૂલમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પ્રોટોકોલ પ્રેક્ટિસ અને યોગ સમર કેમ્પમાં સહભાગી બાળકોને સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું પ્રેક્ટિકલ સત્ર ડી સી ઓ સાર્વજનિક સ્કૂલ ખાતે ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર પ્રીતિબેન વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યુ હતું તેમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આસન પ્રાણાયામ ધ્યાન અને યોગથી થતા ફાયદાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. યોગ ટ્રેનર બનવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે બાળકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમ સફળ બનાવવા માટે પારડી તાલુકાના યોગ કોચ જાગૃતિબેન દેસાઈ, મનિષાબેન ઠાકોર, પ્રજ્ઞાબેન ફેટિંગ અને યોગ ટ્રેનર અલ્પાબેન દેસાઈ, અલ્કાબેન સોની, ભાવિકાબેન ખાંટ, અનુરાધાબેન, માધવીબેન પરમારએ જહેમત ઉઠાવી હતી.

# સંખેડામાં ભારે વરસાદ, એક પછી એક ૩ મકાન થયા ધરાશાયી

। છોટા ઉદેપુર, તા.૧૭ ।

છોટા ઉદેપુરના સંખેડામાં ભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે સંખેડાના ઝવેરીવાગામાં ૩ મકાન ધરાશાયી થવાની ઘટના સામે આવી છે.

એક પછી એક ત્રણ મકાનો ધરાશાયી થયા છે. મકાન ધરાશાયી થતાં તમામ કાટમાળ ઘરની આગળ પાર્ક કરેલા વાહનો પર પડ્યો છે. જો કે સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી પણ ઘરના માલિકોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

છોટા ઉદેપુરના બોડેલીમાં ભારે વરસાદને પગલે અનેક સ્થળે પાણી ભરાયા છે. નીચાણવાળા તમામ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાની ઘટના સામે આવી છે. મુખ્ય બજાર, સોમનાથ સોસાયટીમાં પાણી ભરાયા છે. સોસાયટીમાં વરસાદી પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. બીજી તરફ સંખેડા તાલુકામાં વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો, બે કલાકમાં પાંચ ઈંચ વરસાદ વરસતા ઉચ્છ નદી બે કાંઠે થઈ હતી. ઉચ્છ નદીમાં પાણીની મબલક આવક હતી. સિઝનમાં પહેલી વખત ઉચ્છ નદી બે કાંઠે થઈ હતી. હાલમાં ઉચ્છ નદીના કિનારે અર્જુનનાથ મહાદેવજીનું મંદિર આવેલું છે. અર્જુનનાથ મહાદેવજીના મંદિરને બચાવી લેવા માટે નીચે ગેબિયન વોલનું કામ ચાલતું હતું, પરંતુ આ કામગીરી મંદ ગતિએ ચાલતી હતી. જેને કારણે શિવભક્તોમાં રોષની લાગણી છે. નદીમાં પાણી આવી જાય એની પહેલા કામ પૂરું થાય એ રીતે શરૂ કરવાનું હતું. પરંતુ કામ ખૂબ જ મોડું શરૂ થયું અને તેને કારણે હાલમાં કામગીરી પાણી આવી જવાને કારણે અટકી ગઈ છે.

### વીજળી ડૂલ થતાં વીજ ઉપકરણોને ભારે નુકસાન થયું

# ડેસરમાં છેલ્લા ૨ મહિનાથી વીજ પુરવઠો વારંવારમાં ખોરવાતા ગ્રામજનોએ મચાવ્યો હોબાળો

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।



વડોદરાના ડેસર તાલુકાના સાઢાસાલ પંથકના ગ્રામજનો મોટી સંખ્યામાં ડેસર ખાતેની એમજીવીસીએલ કચેરી ખાતે વીજ પુરવઠા બાબતે રજૂઆત કરવા માટે ઉમટયા હતા. વારંવાર ખોરવાતા વીજ પ્રવાહથી સાઢાસાલ, મેવલી, દીપાપુરા, ચોર્યાના મુવાડા, પંથકમાં અગ્રણીઓ સવારે ૧૦:૩૦ વાગ્યા દરમિયાન કચેરીએ ઉમટ્યા હતા. પરંતુ ડેપ્યુટી ઈજનેર સહિત કોઈપણ કર્મચારી તેઓની રજૂઆત સાંભળવા માટે કચેરીએ હાજર ન હતા. બપોરે ૧ વાગ્યા સુધી સાઢાસાલ સહિતના ગામડાઓમાંથી રોષે ભરાઈ ઉમટેલા ગ્રામજનો રાહ જોઈને બેઠા હતા. તેવામાં ડેપ્યુટી ઈજનેર આવતા તમામ મધમાખીની જેમ ઉગ્ર રજૂઆતો કરવા લાગ્યા હતા.

૨૪ કલાકથી વીજ પુરવઠો સાઢાસાલ સહિત આજુબાજુના ગામોમાં વારંવાર ખોરવાઈ જાય છે, સવારે ૪:૦૦થી લઈ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી વીજ પુરવઠો સદંતર ખોરવાઈ જતા ખૂબ જ રોષે ભરાયેલા ગ્રામજનોનું ૨૦૦ ઉપરાંતનું ટોળું રોષે ભરાયું હતું અને એમજીવીસીએલ કચેરીએ પહોંચ્યા હતા. અગાઉ લીંબડી અને પાંડુ મેવાસના ગ્રામજનો વારંવાર ખોરવાતા વીજ પુરવઠાને લઈ મોડી રાત્રે એમજીવીસીએલ કચેરી ખાતે ઉમટી પડ્યા હતા. પરંતુ મિજાજ પારખી ગયેલા ડેપ્યુટી ઈજનેરે ગણતરીના કલાકોમાં વીજ પુરવઠો શરૂ કરાવ્યો હતો, તાલુકાના ગોરસણમાં થોડા દિવસો અગાઉ એમજીવીસીએલની બેદરકારીના કારણે ખેડૂત પત્નીને વીજ વાયર અડી જતા મોતને ભેટી હતી, છતાં હજુ સુધી ખેતરોની વાળો ઉપર લટકતા વીજ વાયરો સરખા કરવામાં આવ્યા નથી.

ડેસરની એમજીવીસીએલ કચેરીનો વહીવટ છેલ્લા બે મહિનાથી કથડી ગયો છે, તેના લીધે રોજે રોજ તાલુકા વાસીઓને અંધારા ઉલેચવાની ફરજ પડી છે. વીજ પુરવઠો ખોરવાઈ જતો હોવાથી નાના મોટા દુકાનદારો, ખેડૂતો, ગ્રામજનો એમજીવીસીએલના કર્મચારીઓ પર ખૂબ જ રોષે ભરાયા છે. વારંવારની રજૂઆતો છતાં કોઈ નક્કર કામગીરી થતી નથી, ચોમાસુ આવતા પહેલા પ્રિમોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. પરંતુ ડેસર વીજ કચેરી દ્વારા તે પણ કામગીરી કરવામાં આવી નથી, વરસાદી માહોલ જામ્યો છે અને બે દિવસ પૂર્વે પવન સાથે વરસાદ ખાબક્યો હતો, વરસાદ વરસવાનું શરૂ થાય તે પહેલા રાત્રિ દરમિયાન સમગ્ર ડેસર સહિત તાલુકામાં વીજળી ડુલ થતાં જ તાલુકા વાસીઓને અંધારા ઉલેચવાની સાથે ગરમી અને બફારાનો સામનો કરવો પડે છે. વારંવાર વીજળી ડૂલ થતાં તાલુકા વાસીઓના વીજ ઉપકરણોને ભારે નુકસાન થયુ છે.

# આયુષ્માન આરોગ્ય મંદિર, વટલી ખાતે પીયર એજ્યુકેટર મીટીંગ યોજાઇ

। દાહોદ, તા.૧૭ ।

ફતેપુરા તાલુકાના પી. એચ. સી. માધવાના આયુષ્માન આરોગ્ય મંદિર, વટલી ખાતે રાષ્ટ્રીય કિશોર સ્વાથ્ય કાર્યક્રમ અંતર્ગત એડોલેસન્ટ હેલ્થ અને વેલનેસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિતે કિશોર - કિશોરીઓમાં થતા શારીરિક - માનસિક ફેરફારો વિશે સમજૂતી આપવામાં આવી હતી. એ સાથે પોષણયુક્ત આહાર વિશે પણ સમજુતી આપવામાં આવી હતી. કિશોરીઓને માસિક સ્વછતા તેમજ માસિક દરમિયાન થતી તકલીફો વિશે સમજૂતી આપવામાં આવી હતી. આર્યન ફોલિક ની ગોળીઓ, સિકલેસલ એનિમિયા, વ્યસન ન કરવા તેમજ વ્યસનથી થતા નુકશાન વિશે સમજૂતી આપવામાં આવી હતી. આ દરમ્યાન લગ્ન કરવાની ઉંમર, મચ્છર જન્ય રોગો, ટીબી, સિકલસેલ, કેન્સર, જેવા ગંભીર રોગો વિશે પણ વિસ્તાર પૂર્વક આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન હાજર તમામ કિશોર - કિશોરીઓને આરોગ્યપ્રદ નાસ્તો અને પ્રોત્સાહન રૂપે કીટ આપવામાં આવી હતી. પ્રોગ્રામમાં phc, MO, CHO, MPHW, FHW તેમજ છજરક્રૂ બહેનો હાજર રહ્યા હતા.





માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### પરમાણુ હથિયારમાં ભારત છઠ્ઠા ક્રમે

# SIPRIના રિપોર્ટ અનુસાર, એક વર્ષમાં ભારતે ૮ અને ચીને ૧૦૦ પરમાણુ બોમ્બ બનાવ્યા

## ભારત પાસે કુલ ૧૮૦ પરમાણુ હથિયાર છે, તે તમામ સંગ્રહિત છે જ્યારે પાકિસ્તાન પાસે ૧૭૦ અને ઉત્તર કોરિયા પાસે ૫૦ પરમાણુ હથિયાર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।


વિશ્વમાં પરમાણુ હથિયારો બનાવવાની હોડ લાગી છે. આ રેસમાં હાલ નવ દેશ સામેલ છે. તમામે જાન્યુઆરી, ૨૦૨૪થી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન પોતાને પરમાણુ મોરચે મજબૂત બનાવ્યા છે. SIPRIના રિપોર્ટ અનુસાર, ભારતે છેલ્લા એક વર્ષમાં ૮ પરમાણુ હથિયાર બનાવ્યા છે. ભારત પાસે જાન્યુઆરી, ૨૦૨૫માં ૧૮૦ પરમાણુ હથિયાર હતાં. જે અગાઉના વર્ષે ૧૭૨ હતાં. જ્યારે ભારતના પડોશી દેશ ચીને આ સમયગાળામાં ૧૦૦ પરમાણુ હથિયાર બનાવ્યા હતાં. આ સાથે તેના પરમાણુ હથિયારનો જથ્થો વધી ૬૦૦ થયો છે. SIPRI (સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ)ના રિપોર્ટમાં જણાવાયું છે કે, વિશ્વના આશરે ૯૦ ટકા પરમાણુ હથિયાર માત્ર રશિયા અને અમેરિકા પાસે છે. અન્ય એક રિપોર્ટ ઈન્ટરનેશનલ કેમ્પેઈન ટુ એબોલિશ ન્યૂક્લિઅર વેપન્સ (ICAN)માં જણાવ્યા પ્રમાણે, ગતવર્ષે ન્યૂક્લિઅર હથિયારો ધરાવતા દેશોએ તેમના પરમાણુ શસ્ત્રાગાર (એટોમિક જથ્થા)માં વધારો કરવા ૧૦૦ અબજ ડોલરથી વધુનુ રોકાણ કર્યું છે. જ્યારે યુકે, ચીન, ફ્રાન્સ, ભારત, ઈઝરાયલ, દક્ષિણ કોરિયા, પાકિસ્તાન, રશિયા અને અમેરિકાએ ૨૦૨૩ની તુલનાએ ૨૦૨૪માં ૧૦ અબજ ડોલરનું રોકાણ વધાર્યું છે. અમેરિકા અને રશિયા ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયલ પરમાણુ હથિયારનો જથ્થો વધારી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, વિશ્વમાં કુલ ૧૨,૨૪૧ પરમાણુ હથિયાર છે. જેમાં ૯૬૧૪ સૈન્ય ભંડારમાં છે. આશરે ૩૯૧૨ પરમાણુ હથિયાર મિસાઈલ અને વિમાનો સાથે તૈનાત છે. અમેરિકા પાસે કુલ ૫૧૭૭ પરમાણુ હથિયાર છે. જેમાં ૧૪૭૭ વૉરહેડ છે. સૈન્ય ભંડારમાં ૩૭૦૦માંથી ૧૭૭૦ તૈનાત છે, અને ૧૯૩૦ સંગ્રહિત છે. રશિયા પાસે કુલ ૫૪૫૯ પરમાણુ હથિયાર છે. જેમાં સૈન્ય ભંડારમાં ૪૩૦૯ સામેલ છે. જેમાં ૧૭૧૮ વૉરહેડ તૈનાત છે અને ૨૫૯૧ને સંગ્રહ કરે છે. રશિયાએ ૧૧૫૦ વૉરહેડ રિટાયર કર્યા છે. જ્યારે બ્રિટને ૧૨૦ વૉરહેડ તૈનાત કર્યા છે. ૧૦૫ સ્ટોરેજમાં છે. તેના સેનામાં ૨૨૫ હથિયારોનો ભંડાર છે. બ્રિટન પાસે કુલ ૨૨૫ પરમાણુ હથિયાર છે. ફ્રાન્સની પાસે કુલ ૨૯૦ પરમાણુ હથિયાર છે, જેમાંથી ૨૮૦ તૈનાત છે અને ૧૦ સંગ્રહિત છે. ચીન પાસે આશરે ૬૦૦ પરમાણુ હથિયાર છે, જેમાં ૨૪ વૉરહેડ અને ૫૭૬ સંગ્રહિત છે. પરમાણુ હથિયારના જથ્થામાં અમેરિકા પ્રથમ અને રશિયા બીજા ક્રમે છે. જ્યારે ભારત છઠ્ઠા સ્થાને છે. ભારત પાસે કુલ ૧૮૦ પરમાણુ હથિયાર છે. તે તમામ સંગ્રહિત છે. જ્યારે પાકિસ્તાન પાસે ૧૭૦ અને ઉત્તર કોરિયા પાસે ૫૦ પરમાણુ હથિયાર છે. આ સિવાય ઈઝરાયલ પાસે ૯૦ વૉરહેડ છે. આ તમામ દેશોમાં પરમાણુ હથિયાર સેનાના ભંડારમાં સંગ્રહિત છે. SIPRIનો અંદાજ છે કે, ચીન પાસે છેલ્લા એક વર્ષમાં પરમાણુ શસ્ત્રાગાર ૧૦૦થી વધી ૬૦૦ થયા છે. રિપોર્ટ અનુસાર, કોઈપણ દેશની તુલનાએ ચીન પાસે સૌથી વધુ પરમાણુ હથિયાર સંગ્રહિત છે.

### ઈન્દોરના રાજા રઘુવંશીની હત્યા કેસ

# રાજાની હત્યા સમયે હું ત્યાં જ હાજર હતી, ક્રાઈમ સીન રિક્રિએશનમાં સોનમની ચોંકાવનારી કબૂલાત

## આરોપી આકાશ રાજપૂત, વિશાલ સિંહ ચૌહાણ અને આનંદ કુર્મીએ તીક્ષ્ણ હથિયારો વડે રાજા રઘુવંશી પર હુમલો કર્યો હતો

। (એજન્સી) ઈન્દોર, તા.૧૭ ।



ઈન્દોરના રાજા રઘુવંશીની હત્યા કેસમાં મેઘાલય પોલીસે મોટો ઘટસ્ફોટ કર્યો છે. શિલોંગના પોલીસ અધિક્ષક (એસપી) વિવેક સૈયમે જણાવ્યું હતું કે, '૨૩મી મેના રોજ સોહરાના વેઈસાડોંગ ધોધ નજીક રાજાની હત્યામાં એક નહીં પણ બે તીક્ષ્ણ હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એક હથિયાર મળી આવ્યું છે, જ્યારે બીજુ હથિયાર રાજાના મૃતદેહ સાથે ફેંકવામાં આવ્યું હતું. આ ઉપરાંત સોનમે ક્રાઈમ સીન રિક્રિએશનમાં કરી કબૂલાત કરી છે કે, પતિ રાજાની હત્યા સમયે હાજર હતી.' શિલોંગના પોલીસ અધિક્ષક (એસપી) વિવેક સૈયમે જણાવ્યું હતું કે 'આરોપી આકાશ રાજપૂત, વિશાલ સિંહ ચૌહાણ અને આનંદ કુર્મીએ તીક્ષ્ણ હથિયારો વડે રાજા પર હુમલો કર્યો હતો. ક્રાઈમ સીન રિક્રિએશન દરમિયાન સોનમે કબૂલાત કરી હતી કે હત્યા દરમિયા તે ઘટનાસ્થળે હતી. તેણે હત્યારાઓને પાર્કિંગમાં જ રાજાની હત્યા કરવા કહ્યું હતું. જ્યારે આરોપીઓએ રાજા પર હુમલો કર્યા બાદ લોહી નીકળવા લાગ્યું, ત્યારે સોનમ ચીસો પાડીને પાછળ હટી ગઈ. ત્રણેય હત્યારાએ સાથે મળીને રાજાના મૃતદેહને ખીણમાં ફેંકી દીધું હતું. સોનમના મોબાઈલ ફોન તોડી નાખવામાં આવ્યો અને તે હજુ સુધી મળ્યો નથી. હત્યા પાછળનો કારણ પ્રણય ત્રિકોણ હોઈ શકે છે, જેની તપાસ ચાલી રહી છે. અત્યાર સુધી તપાસમાં પ્રણય ત્રિકોણના પુરાવા મળ્યા છે.' આ અંગે એસપી વિવેક સૈયમે જણાવ્યું હતું કે, 'ત્રણેય હત્યારા અને સોનમ પહેલાં ક્યારેય શિલોંગ આવ્યા નહોતા. સોનમનો કથિત પ્રેમી અને હત્યાનો માસ્ટરમાઈન્ડ રાજ કુશવાહા શિલોંગ આવ્યો ન હતો. તેનું કારણ એ હતું કે તે સોનમના પરિવારની ફેક્ટરીમાં કર્મચારી હતો અને તેના આવવાથી શંકા ઊભી થઈ શકે છે. તેથી, તે ઈન્દોરમાં જ રોકાયો હતો. સોનમના પરિવાર અંગેએસપી વિવેક સૈયમે જણાવ્યું હતું કે 'અમારી ટીમ ઈન્દોરમાં છે. તેમની પૂછપરછ કરવામાં આવશે. સોનમના પરિવારના સભ્યોની પૂછપરછ કરવાના ઘણાં અન્ય એંગલ છે.'ઉલ્લેખનીય છે કે, ઈન્દોરના રહેવાસી રાજા રઘુવંશીએ હત્યાના ૧૨ દિવસ પહેલા સોનમ સાથે લગ્ન કર્યા હતા. તે અને સોનમ હનીમૂન માટે મેઘાલય ગયા હતા. ત્યારબાદ ૨૩મી મેના રોજ રાજા મેઘાલયના પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાના સોહરા વિસ્તારમાં હતો, જ્યાંથી તે ગાયબ થઈ ગયો હતો. જે પછી બીજી જૂનના રોજ રાજાનો મૃતદેહ ખીણમાંથી મળી આવ્યો હતો.

### ન્યૂઝ બ્રિફ

## જનરલ કોચમાં સફર કરનાર પેસેન્જર્સને મળશે AC ક્લાસની સુવિધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ટ્રેનમાં મુસાફરી દરમિયાન સૌથી વધુ તકલીફ જનરલ કોચમાં મુસાફરી કરનાર વ્યક્તિઓને થાય છે. આ મુસાફરી દરમિયાન જમવાથી લઈને પાણી સુધીની તકલીફ થાય છે. IRCTC આ કલાસમાં મુસાફરી કરનાર પેસેન્જર્સને એક ભેટ આપવા જઈ રહી છે. જેનાથી મુસાફરી દરમિયાન ન તો તેમને જમવામાં મુશ્કેલ પડશે પાણી માટે પણ આમ તેમ ભટકવું પડશે નહીં. ખાસ વાત કે છે IRCTC ના આ મુસાફરોને એ જ જમવાનું મળશે જે એસી કોચમાં આપવામાં આવે છે. તેની કિંમત ઘણી ઓછી રાખવામાં આવી છે. IRCTC ની આ યોજના હેઠળ જનરલ ક્લાસમાં સફર કરનાર મુસાફરોને ખાવાનું અને પાણી પહોંચાડવા માટે આ પહેલ શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૮૦ રુપિયામાં સારી ગુણવત્તાવાળુ જમવાનું પિરસવામાં આવે છે. એણાં દાળ, ચોખા, શાકભાજી, રોટલી, અથાણુ, નેપકીન અને ખાવા માટે ચમચી હશે. જેનાથી યાત્રીઓની સુવિધાઓમાં વધારો થશે. ખાસ વાત એ છે કે આ જમવાનું જનરલ ક્લાસમાં સપ્લાય કરવામાં આવશે. આઈઆરસીટીસીના વેન્ડર કોચોમાં જઈને ખાવાનું ઉપલબ્ધ કરવામાં આવશે.

## મંડીના સરકાઘાટમાં ખીણમાં પડી બસ, ૨૫ ઇજાગ્રસ્ત, ૨ના મોત



। (એજન્સી) હિમાચલ, તા.૧૭ ।

હિમાચલના મંડીમાં એક દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું છે, મંડીમાં એક બસ ખીણમાં પડતા ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ હજી પણ ૩ લોકો ફસાયેલા હોવાનું સામે આવ્યુ છે. જેમાંથી ૨ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યુ છે. મળતી માહિતી મુજબ એક ખાનગી બસ ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ બસ બલદ્વાડાથી મંડી જઈ રહી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરીમાં જોડાઈ ગયા હતા. મુસાફરોને બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્તોને નેરચૌક મેડિકલ કોલેજ અને સામુહિક સ્વાસ્થ્ય કેન્દ્ર રિવાલસરમાં ભરતી કરાયા છે. મળતી માહિતી મુજબ બસમાં ૨૫થી વધારે મુસાફરો હતો.

### ૧૫૦ કરોડના ખર્ચે બનશે એરપોર્ટ

# બિહારને મોટી ભેટ મળશે, છ નવા શહેરોમાં એરપોર્ટ બનશે

## બિહારના ૬ શહેર મધુબની, વીરપુર, મુંગેર, વાલ્મિકી નગર, મુજફ્ફરપુર અને સહરસાને હવાઈ સુવિધા મળશે

। (એજન્સી) બિહાર, તા.૧૭ ।



આજે કેબિનેટની બેઠકમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. છ નવા શહેરોમાં એરપોર્ટ બનાવવા માટે એક મહત્વના એમઓયુ કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી બિહારના ૬ શહેર મધુબની, વીરપુર, મુંગેર, વાલ્મિકીનગર, મુજફ્ફરપુર અને સહરસાને હવાઈ સુવિધા મળશે. આ એમઓયુ ભારતીય વિમાનપતન પ્રાધિકરણ, નવી દિલ્હી અને બિહાર રાજ્ય વચ્ચે થયો છે. જેનાથી શહેરનો વિકાસ ખુબ ઝડપથી થશે. બિહારના છ શહેરમાં નવા એરપોર્ટ બનાવવા માટે સરકારે શરુઆતના તબક્કામાં ૨૫ કરોડ રુપિયા પ્રતિ એરપોર્ટ આપવાનો નિર્ણય કર્યો છે. એટલે કે કુલ મળીને ૧૫૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. હાલના દિવસોમાં બિહારના ઘણા શહેરોમાં એરપોર્ટ બનાવવાની મંજૂરી મળી ગઈ છે. જેનાથી રાજ્યની એર કનેક્ટિવીટીમાં મોટો સુધારો થવાની આશા છે. આ પહેલા બજેટ ૨૦૨૫-૨૬માં રાજગીર, ભાગલપુર, સિવાન અને રક્સોલમાં એરપોર્ટના વિકાસના કાર્યોને મંજૂરી મળી હતી. જેમાં રાજગીરમાં ગ્રીન ફિલ્ડ એરપોર્ટ અને રક્સોલમાં બ્રાઉનફિલ્ડ એરપોર્ટનો સમાવેશ થાય છે. આ સાથે જ બિહટામાં બીજા સિવિલ એક્લેવને પણ મંજૂરી આપવામાં આવી છે. જે પટના એરપોર્ટની ભીડને ઓછી કરી દેશે. આ પગલુ બિહારના દુરના વિસ્તારોને હવાઈ સુવિધા સાથે જોડવા અને તેના આર્થિક વિકાસને વેગ આપવા માટે છે. એમઓયુ પ્રમાણે ભારતીય વિમાન પતન પ્રાધિકરણ અને બિહાર સરકાર મળીને કામ કરશે. પહેલા આ શહેરમાં જમીનનું સર્વે થશે અને એરપોર્ટ બનવવામાટેની યોજના બનશે. સરકારનું લક્ષ્ય છે કે આવનારા બે વર્ષમાં ઓછામાં ઓછા બે એરપોર્ટ બનવાનું કામ શરૂ થઈ જશે.

### ખૈરાગઢ જિલ્લામાં એક દુખદ ઘટના બની

## ફ્રિજ ખોલતા જ બોમ્બની જેમ થયો બ્લાસ્ટ, ખેડૂતનું ઘટનાસ્થળે જ મોત

। (એજન્સી) છત્તીસગઢ, તા.૧૭ ।

છત્તીસગઢની ખૈરાગઢ જિલ્લામાં મંગળવારે એક દુખદ ઘટના બની છે. માહિતી પ્રમાણે ભોરમપુર ગામમાં અચાનક ફ્રિજમાં બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં ખેડૂતનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. માહિતી પ્રમાણે ખેડૂતે જ્યારે ફ્રિજ ખોલ્યુ કે તરત જ બ્લાસ્ટ થયો હતો. મળતી માહિતી પ્રમાણે ૫૨ વર્ષીય ખેડૂત શ્રીરામ વર્મા રોજ પ્રમાણે ફ્રિજમાંથી વસ્તુઓ નીકાળવા માટે દરવાજો ખોલ્યો તો અંદરથી મોટો બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટની તીવ્રતા એટલી હતી કે, ઘટના સ્થળ પર જ ખેડૂતના બન્ને પગ અલગ થઈ ગયા હતા. તેના શરીરના અન્ય ભાગોમાં પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની માહિતી મળતાની સાથે સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. વીજળી વિભાગ અને ટેકનિકલ નિષ્ણાતોની એક ટીમે વિસ્ફોટના સંભવિત કારણોની તપાસ શરુ કરી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે ફ્રિજ આખી રાત બંધ હતું અને સવારે તેને ચાલુ કરતાની સાથે જ આ દુર્ઘટના બની હતી. તેમજ ફ્રિજ રસોડામાં હતું અને કદાચ જૂના મોડેલનું હતું. ટેકનિકલ નિષ્ણાતોના કહેવા પ્રમાણે કોમ્પ્રેસર ફેલિયર, ગેસ લીકેજ અથવા ઓવરલોડેડ ઈલેક્ટ્રિકલ સર્કિટને કારણે આવો વિસ્ફોટ થયો હોઈ શકે છે. જો કે, ટેકનિકલ નિષ્ણાતોની ટીમના રિપોર્ટ બાદ પરિસ્થિતિ સંપૂર્ણ પણે સ્પષ્ટ થશે. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે પરિવારજનોએ ખેડૂતની સારવાર માટે નજીકના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં લઈ ગયા હતા જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેને રાજનંદગાંવ મેડિકલ કોલેજ રિફર કરવામાં આવ્યો.

### અમેરિકા બાદ, ગૂગલ માટે ભારત સૌથી મોટું માર્કેટ છે

# ગૂગલ દ્વારા ભારતમાં સેફ્ટી ચાર્ટર લોન્ચ કરવામાં આવ્યું

## અત્યાર સુધી ડબલિન, મ્યુનિક અને મલંગામાં આવા સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે, હવે ભારતમાં તેનું ચોથું સેન્ટર હશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।




ગૂગલ દ્વારા ભારતમાં સેફ્ટી ચાર્ટર લોન્ચ કરવામાં આવ્યું છે. અમેરિકા બાદ, ગૂગલ માટે ભારત સૌથી મોટું માર્કેટ છે. તેથી, સ્કેમ અને ફ્રોડ અટકાવવા માટે ગૂગલ દ્વારા તેમની સેફ્ટીમાં વધારો કરવામાં આવ્યો છે. આ માટે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરવામાં આવશે. ભારતમાં છેતરપિંડીના કેસો દિવસે દિવસે વધી રહ્યાં છે. સરકારી આંકડા મુજબ, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે UPI આધારિત છેતરપિંડીના કેસોમાં ૮૫% નો વધારો થયો છે.ગૂગલ માટે સાયબર સિક્યોરિટી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગૂગલ હવે ભારતમાં સિક્યોરિટી એન્જિનિયરિંગ સેન્ટર શરૂ કરશે. અત્યાર સુધી ડબલિન, મ્યુનિક અને મલંગામાં આવા સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે, અને હવે ભારતમાં તેનું ચોથું સેન્ટર હશે.આ સેન્ટરની મદદથી, ગૂગલ સરકારી એજન્સીઓ, એકેડેમીક સંસ્થાઓ અને નાના બિઝનેસ સાથે મળીને કામ કરશે, જેથી તેઓ સાઈબર સિક્યોરિટી પડકારો માટે ઉકેલો શોધી શકે. ગૂગલ હાલમાં "ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર" સાથે ભાગીદારી કરી રહ્યું છે. મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સની ડિજિકવચ યોજનાની સાથે, સાઈબર ક્રાઈમ સામે જાગૃતિ લાવવા માટે સરકાર અને ગૂગલ સાથે મળીને કામ કરશે. ૨૦૨૩માં "ડિજિકવચ" લોન્ચ થયું હતું, જે ઓનલાઈન ફ્રોડ અટકાવવા અને ખાસ કરીને લોન-આપતી નાણાકીય એપ્લિકેશન પર નજર રાખવા માટે રચાયેલ છે. ભારતમાં ફ્રોડ અટકાવવા માટે, AI નો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગૂગલ મેસેજિંગ સેવા માં પણ હવે AI નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેથી દર મહિને ૫૦૦ લાખથી વધુ મેસેજ સુરક્ષિત થાય.ગૂગલ પે, UPI આધારિત સૌથી લોકપ્રિય એપ્લિકેશન પૈકી એક છે.

### બાગપત તાલુકામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# પ્રેમીને મળવા હોટલમાં આવેલી મહિલાએ ૧૦ ફુટ ઊંચી છત પરથી છલાંગ લગાવી

## મહિલા છત પરથી કૂદતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને હાલમાં પોલીસ આ મામલે તપાસમાં લાગી ગઈ છે

। (એજન્સી) બાગપત, તા.૧૭ ।



બાગપત તાલુકામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પ્રેમીને મળવા હોટલમાં આવેલી એક મહિલાએ ૧૦ ફુટ ઊંચી છત પરથી છલાંગ લગાવી દીધી છે. મહિલા છત પરથી કૂદતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને હાલમાં પોલીસ આ મામલે તપાસમાં લાગી ગઈ છે. આ સમગ્ર મામલો બાગપત તાલુકાના છપરૌલી વિસ્તારનો છે. જ્યાં કકોરી કલા ગામના રહેવાસી એક યુવકના લગ્ન તુગાના ગામની યુવતી સાથે થયા હતા. ૨૦૧૯માં રીતિ રિવાજ સાથે બંનેના લગ્ન થયા અને બંનેને એક દીકરો પણ થયો. હવે થોડા સમયથી બંને વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે અને ઘણી વાર આ વાત મારપીટ સુધી પણ પહોંચી ચુકી છે. પોલીસે ફરિયાદ બાદ બંને પક્ષોના વિવાદના કારણે કાઉંસલિંગ પણ કરાવી રહી છે. કાઉંસલિંગ માટે પહોંચેલી વિવાહિત મહિલા જ્યારે પાછી પોતાના ઘરે પરત ફરી રહી હતી, તેણે પોતાના પ્રેમીને બોલાવી લીધો અને બડૌતની એક હોટલમાં રુમ બુક કરી ત્યાં પહોંચી ગઈ. તેની જાણ મહિલાના પતિને થઈ ગઈ તો મહિલાના પતિએ પોતાના સાસરિયાવાળાને ઘટનાસ્થળે બોલાવી લીધા અને પોતાની પત્નીને રંગેહાથ પકડવાનો પ્લાન બનાવ્યો. તેની જાણ થતાં જ મહિલા હોટલની પાછળના રુમની બારીમાંથી ૧૦ ફુટ ઊંચેથી કૂદકો મારી દીધો. તે જ સમયે તેના પતિએ તેનો વીડિયો બનાવી લીધો. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, કેવી રીતે મહિલા કૂદીને ભાગતી દેખાઈ રહી છે. તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મહિલાના પતિએ ખુદના જીવને ખતરો હોવાનું કહ્યું છે. તેનો આરોપ છે કે, તેની પત્ની લગ્ન પહેલાથી કેટલાય લોકો સાથે આડા સંબંધો ધરાવે છે અને હવે પ્રમીને લઈને હોટલમાં પહોંચી છે. મહિલાના પતિનું કહેવું છે કે, તેના શંકા છે કે, તેની પત્ની અને તેના સાસરિયાવાળા તેની હત્યા કરાવી શકે છે. હાલમાં પોલીસમાં ફરિયાદ આપી છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી મહિલાના પ્રેમીની ધરપકડ કરી છે અને પીડિત મહિલાના પતિની ફરિયાદના આધાર પર પોલીસ આખા મામલામાં તપાસ કરી રહી છે.

### EDએ કૌભાંડનો પર્દાફાશ કર્યો

# બ્રોકર્સની ટીમે ફોરેક્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ દ્વારા રોકાણકારો સાથે ૮૦૦ કરોડની છેતરપિંડી

## એક આંતરરાષ્ટ્રીય બ્રોકર્સની ટીમે ફોરેક્સ ટ્રેડિંગની આડમાં છેતરપિંડી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।




એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ દ્વારા રોકાણકારોને મબલક રિટર્નનું વચન આપી છેતરપિંડી કરનારી એક ટોળકીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. તપાસ એજન્સીએ મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, અને ગુરુગ્રામમાં સાત સ્થળો પર પીએમએલએ ૨૦૦૨ હેઠળ દરોડા પાડ્યા હતાં. જેમાં વિવિધ આપત્તિજનક દસ્તાવેજો, ડિજિટલ ડિવાઈસ મળી આવ્યા હતાં. જેમાં એક આંતરરાષ્ટ્રીય બ્રોકર્સની ટીમે ફોરેક્સ ટ્રેડિંગની આડમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરી રૂ. ૮૦૦ કરોડથી વધુનું કૌભાંડ કર્યું હોવાનો મોટો ખુલાસો થયો છે. ઈડી દ્વારા ઓક્ટાએફએક્સ ટ્રેડિંગ એપ અને વેબસાઈટ www.octafx.com નામના આંતરરાષ્ટ્રીય બ્રોકર્સના ઓનલાઈન ફોરેક્સ બિઝનેસ મામલે તપાસ હાથ ધરી હતી. જેમાં ખુલાસો થયો હતો કે, તે ગેરકાયદે ઓનલાઈન ફોરેક્સ બિઝનેસના માધ્યમથી છેતરપિંડી કરી રહી હતી. ઓક્ટાએફએક્સ ફોરેક્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ મારફત રોકાણકારોને ઊંચુ રિટર્ન આપવાનું ખોટું વચન આપી છેતરપિંડી કરી હતી. રોકાણકારોએ તેની વિરૂદ્ધ શિવાજી નગર પીએસ, પુણે ખાતે એફઆઈઆર નોંધાવી હતી. ઈડીની તપાસમાં જાણવા મળ્યું કે, ઓક્ટાએફએક્સ, મેસર્સ ઓક્ટાએફએક્સ ઈન્ડિયા પ્રા.લિ. સાથેની ભાગીદારીમાં આરબીઆઈની મંજૂરી વિના તે ભારતમાં કામ કરી રહ્યું હતું. તેણે ફોરેક્સ ટ્રેડિંગની આડમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરી હતી. જેમાં પકડાઈ ન જાય તે માટે પોતાની વેબસાઈટનું યુઆરએલ છુપાવ્યું હતું અને યુઆરએલ ક્લોકિંગની મદદથી વેબસાઈટ અને એપ ઉભી કરી હતી. બાદમાં નકલી કેવાયસી કર્યું હતું. રોકાણ માટે શેલ કંપનીઓ (બનાવટી કંપની) પણ ખોલી હતી. તેમજ બનાવટી એકાઉન્ટ ખોલાવી રોકાણકારોનું ફંડ એકત્ર કર્યું હતું. રોકાણકારોને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે, તેમનું ફંડ સારી જગ્યાએ છે. મોટું રિટર્ન મળશે. ફોરેક્સ ટ્રેડિંગની આડમાં રોકાણકારો પાસેથી એકથી ઓછા વર્ષમાં રૂ. ૮૦૦ કરોડ પડાવ્યા હતાં.ઈડીએ સ્પેનની સંપત્તિ સહિત કુલ ૧૬૦.૮ કરોડની સંપત્તિ ફ્રીઝ કરી છે. ઓક્ટાએફએક્સે પેમેન્ટ ગેટવેની ઓળખ છુપાવવા માટે યુઆરએલ માસ્કિંગનો ઉપયોગ કર્યો હતો. જેમાં વાસ્તવિક યુઆરએલને છુપાવી યુઝર્સને અનુરૂપ યુઆરએલ પ્રદર્શિત થાય છે. જે વાસ્તવિક યુઆરએલને રિડાયરેક્ટ કરી દે છે. જેથી બ્રાઉઝરમાં માસ્ક કરેલુ યુઆરએલ જ દેખાય છે.

## તંત્રી લેખ...

### મુંબઈમાં વાવાઝોડા સાથે વરસાદ અને સમુદ્રમાં હાઈ ટાઈડનું એલર્ટ

મહારાષ્ટ્રના ઘણા જીલ્લાઓમાં દોધમાર વરસાદ વરસી રહ્યો છે. મુંબઈમાં કાળા વાદલ છવાયા છે અને વરસાદનું એલર્ટ જાહેર કરાયુ છે. સમુદ્રમાં હાઈ ટાઈડનું એલર્ટ છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર મુંબઈમાં મંગળવારે ધીમો ધીમો વરસાદ વરસશે. આ સાથે પાલઘર, ઠાણે અને અન્ય જીલ્લાઓમાં વરસાદની આગાહી છે. મહારાષ્ટ્રના ઠાણેમાં છેલ્લા ૨૪ કલાકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ દરમિયાન અધિકારીઓને વૃક્ષો અને દિવાલો પડવાની ફરિયાદો મળી હતી. જો કે કોઈ વ્યક્તિના ઘાયલ થવાની માહિતી હજી સુધી મળી નથી. સોમવારે સાંજે ભારે વરસાદને કારણે નવી મુંબઈના વાશીમાં એક વાણિજ્યિક વિભાગની દિવાલ પડવાથી સાત વાહનોને નુકસાન પહોંચ્યું હતું. તડવીએ જણાવ્યું હતું કે બાજુનો એક રસ્તો ઘસાઈ ગયો હતો જેના કારણે એક ટેમ્પો અને કેટલાક બે પૈડાવાળા વાહનો સહિત છ વાહનો દબાઈ ગયા. અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટનામાં કોઈ ઘાયલ થયુ નથી. તેમણે જણાવ્યું હતું કે મંગળવારે સાંજે આઠ વાગ્યે પુરી થયેલી ૨૪ કલાકની અવધિ દરમિયાન શહેરમાં ૧૧૪.૩૧ મિમિ વરસાદ વરસ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે આ ચોમાસામાં અત્યાર સુધીમાં શહેરમાં કુલ ૫૩૪,૩૧ મિમી વરસાદ વરસ્યો હતો. જો કે ગયા વર્ષે આ સમયે જ ૧૪૬.૪૫ મિમી વરસાદ થયો હતો.

### કોલસા મંત્રાલયે ૨૦૦ કોલસા બ્લોકની સુરક્ષિત ફાળવણી કરી ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે

કોલસા મંત્રાલયે તેની ૨૦૦મી કોલસા ખાણની ફાળવણી સાથે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જે ભારતના કોલસા ક્ષેત્રને પરિવર્તિત કરવા માટેના તેના અવિરત પ્રયાસોને દર્શાવે છે. સિંઘલ બિઝનેસ પ્રાઈવેટ લિમિટેડને મારવાટોલા-ૈં કોલ બ્લોક માટે ફાળવણીનો ઓર્ડર આપવાથી મંત્રાલયની ક્ષેત્રીય સુધારાઓને આગળ વધારવા, ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને કોલસા ઉત્પાદનમાં રાષ્ટ્રીય સ્વ-નિર્ભરતાને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ મળે છે. આ સિદ્ધિ સાથે, મંત્રાલય વધુ સ્થિતિસ્થાપક, પારદર્શક અને ભવિષ્ય માટે તૈયાર કોલસા ઈકોસિસ્ટમ માટે માર્ગ મોકળો કરવાનું ચાલુ રાખે છે. આ પ્રસંગે, નિયુક્ત સત્તાવાળાએ ઉદ્યોગના હિસ્સેદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો, જેમની સતત સહયોગ અને વિશ્વાસે આ સીમાચિહ્ન હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. નિયુક્ત સત્તાવાળાએ રોકાણ માટે અનુકૂળ વાતાવરણ બનાવવા, પ્રક્રિયાગત અવરોધો ઘટાડવા અને દેશભરમાં કોલસા બ્લોકના ઝડપી સંચાલનને સક્ષમ બનાવવા માટે મંત્રાલયની દ્રઢ પ્રતિબદ્ધતાનની પુનઃપુષ્ટિ કરી છે. આ સીમાચિહ્નરૂપ ભલે દેખાવમાં સંખ્યાત્મક લાગે, તેનું ઘણું મહત્વ છે. તે મંત્રાલયના દૂરંદેશી અભિગમને પ્રતિબિંબિત કરે છે - જે ફક્ત સ્થાનિક કોલસા ઉત્પાદનમાં વધારો કરવાનો જ નહીં પરંતુ આયાત પર નિર્ભરતા ઘટાડીને અને લાંબા ગાળાની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવીને રાષ્ટ્રીય ઊર્જા મેટ્રિક્સને ફરીથી સંતુલિત કરવાનો પણ પ્રયાસ કરે છે. આવી પહેલોની સંચિત અસર આર્થિક વૃદ્ધિ અને વ્યૂહાત્મક સ્વાયત્તતા બંનેમાં વધારો કરે છે. છેલ્લા ઘણા વર્ષોમાં, મંત્રાલયે વાણિજ્યિક કોલસા ખાણકામના આગમન અને સિંગલ-વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમની રજૂઆતથી લઈને ડિજિટલ મોનિટરિંગ અને ગવર્નન્સ ટૂલ્સ અપનાવવા સુધીના અનેક પરિવર્તનશીલ સુધારાઓ હાથ ધર્યા છે. આ પગલાંએ કોલસા ક્ષેત્રના કાર્યકારી લેન્ડસ્કેપને સામૂહિક રીતે ફરીથી વ્યાખ્યાયિત કર્યા છે, ખાનગી સાહસો માટે નવી તકો ખોલી છે અને સંસાધન વિકાસ માટે વધુ પારદર્શક, જવાબદાર અને ભવિષ્ય માટે તૈયાર માળખું સુનિશ્ચિત કર્યું છે.

### શ્રમ કલ્યાણ યોજનાઓ સમગ્ર ભારતમાં ૫૦ લાખથી વધુ અસંગઠિત કામદારોને સહાય પૂરી પાડે છે

શ્રમ અને રોજગાર મંત્રાલય, શ્રમ કલ્યાણ મહાનિર્દેશાલય (DGLW) દ્વારા ભારતમાં અસંગઠિત કામદારોના જીવનને સુધારવા માટે સમર્પિત અનેક કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવાનું, ખાસ કરીને બીડી, સિનેમા અને ખાણકામ ક્ષેત્રોમાં ચાલુ રાખે છે. આ યોજનાઓ ૫૦ લાખથી વધુ કામદારો અને તેમના પરિવારોને સીધી અસર કરે છે, જે સરકારની સમાવિષ્ટ અને કરુણાપૂર્ણ શ્રમ કલ્યાણ વ્યૂહરચનાનો આધારસ્તંભ બનાવે છે. DGLW હેઠળ કાર્યરત શ્રમ કલ્યાણ સંગઠન (LWO) ૧૮ કલ્યાણ કમિશનરોના સુવ્યવસ્થિત નેટવર્ક દ્વારા દેશભરમાં આ યોજનાઓનું સંચાલન કરે છે. જેઓ પ્રાદેશિક સ્તરે અમલીકરણનું નિરીક્ષણ કરે છે. તેનો વ્યાપક ધ્યેય દૂરના અને વંચિત વિસ્તારોમાં રહેતા કામદારોને સામાજિક સુરક્ષા, આરોગ્ય સેવાઓ, શિક્ષણ માટે નાણાકીય સહાય અને આવાસ સહાય પૂરી પાડવાનો છે. કલ્યાણ માળખાના મુખ્ય ઘટકોમાંનો એક શિક્ષણ સહાય યોજના છે, જે બીડી, સિનેમા અને નોન કોલસા ખાણ કામદારોના બાળકો માટે વાર્ષિક રૂ.૧,૦૦૦ થી રૂ.૨૫,૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ પૂરી પાડે છે. રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ (NSP) દ્વારા લાગુ કરાયેલ આ યોજનામાં દર વર્ષે એક લાખથી વધુ અરજીઓ મળે છે. જેમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) પારદર્શક અને સમયસર વિતરણ સુનિશ્ચિત કરે છે. આરોગ્ય યોજના હેઠળ આરોગ્ય સહાયમાં દવાખાનાઓના રાષ્ટ્રીય નેટવર્ક દ્વારા બહારના દર્દીઓને સેવાઓ તેમજ હૃદય રોગ, કિડની ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર, ક્ષય રોગ અને નાની શસ્ત્રક્રિયાઓ જેવી ગંભીર બીમારીઓ માટે વિશિષ્ટ સારવાર માટે વળતરનો સમાવેશ થાય છે. નાણાકીય સહાય નાની શસ્ત્રક્રિયાઓ માટે રૂ.૩૦,૦૦૦ થી કેન્સરની સારવાર માટે રૂ.૭.૫ લાખ સુધીની છે, જે ઓછી આવક ધરાવતા કામદારો માટે જીવનરક્ષક આરોગ્યસંભાળની સુલભતા સુનિશ્ચિત કરે છે. જોકે ૨૦૧૬માં રજૂ કરાયેલ સુધારેલી સંકલિત આવાસ યોજના (RIHS) હવે બંધ થઈ ગઈ છે.

**આપણાં સમાજમાં વર્ગ ની રીતે કેટલીય પ્રકારના લોકો વસે છે, કોઈ દાન ધર્મ કરવાના મતના હોય છે, કોઈ એવાં મતનાં ન પણ હોય**

## શું હતો શકુન્તલા બેનનો સેવાયજ્ઞ? અને શું કામ એ આટલો બધો વંદનીય છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શકુંતલાબેન દિવ્યાંગ બાળકોની સ્કૂલનાં પ્રિન્સિપાલ હતાં આજે તેઓ ક્લાસમાં દાખલ થયાં, અને તમામ બાળકો વતી તેમને એક પુષ્પગુચ્છ એનાયત કરવામાં આવ્યો, અને બધાં એકી અવાજે હેપ્પી બર્થ ડે, એવું તોતડું તોતડું બોલ્યાં, શકુંતલાબેન ને આ બાળકો પર ખૂબ જ પ્રેમ હતો.**

રોજ રોજ સમાચારમાં વાંચવા મળે કે આજે આ જગ્યાએ સગીરા સાથે દુષ્કર્મ થયું! તો ક્યાંક પતિએ પ્રેમીકા સાથે મળીને પત્નીને પતાવી દીધી તો ક્યાંક એકાંતનો લાભ લઈ સગા સંબંધીએ યુવતીની ઈજ્જત લૂંટી! આમ આધુનિક યુગમાં હજી પણ સ્ત્રીને સાધન સમજવાની ભૂલ ચાલું જ છે! અને હજીય કેટલાંય એવાં કિસ્સા હશે જે આપણા સુધી પહોંચતા પણ નથી! કારણકે કહેવાતી ખાનદાનની આબરૂ આડી આવે છે, અને પ્રેમ કે ગર્ભાવસ્થા ને કારણે કેટલીય યુવતીઓ એ ઝેર ઘોળ્યું હોય એવા કિસ્સા પણ બન્યા છે, જોકે સમાજમાં બધાં એવાં નથી હોતાં. ટૂંકમાં આપણાં સમાજમાં વર્ગ ની રીતે કેટલીય પ્રકારના લોકો વસે છે, કોઈ દાન ધર્મ કરવાના મતના હોય છે, કોઈ એવાં મતનાં ન પણ હોય. કોઈ મહિલાનું સન્માન કરનારા હોય, તો કોઈ તેનો લાભ ઉઠાવનાર પણ હોય. કોઈ વળી આજુબાજુ શું ચાલે છે તે જોયા વગર પોતાની ધૂનમાં જીવનારા પણ હોય, અને કેટલા કેટલા તો અતિશય વિકૃત માનસ ધરાવતાં લોકો પણ આ સમાજમાં જ વસે છે, અને જેને કારણે સતત સમાજમાં હિંસા, લૂંટફાટ અને અત્યાચાર થતાં જોવા મળે છે, એવાં સમાજમાં કોઈ સત્કર્મ કરે તો એ વંદનીય છે, અને આપણે તેની નોંધ લેવી જોઈએ, આજે આપણે એવા જ એક શકુન્તલા બેનનાં અનોખા સેવાયજ્ઞ વિશે જાણીએ. શકુંતલાબેન દિવ્યાંગ



બાળકોની સ્કૂલનાં પ્રિન્સિપાલ હતાં આજે તેઓ ક્લાસમાં દાખલ થયાં, અને તમામ બાળકો વતી તેમને એક પુષ્પગુચ્છ એનાયત કરવામાં આવ્યો, અને બધાં એકી અવાજે હેપ્પી બર્થ ડે, એવું તોતડું તોતડું બોલ્યાં. શકુંતલાબેન ને આ બાળકો પર ખૂબ જ પ્રેમ હતો અને સદા તેઓ તેમને શીખવવા માટે કંઈક નવી નવી ટેકનિક શોધી ને આવતાં. એનું એક કારણ એ પણ હતું, કે તેનો પોતાનો દીકરો શાંતનુ પણ આ જ ક્લાસનો એક વિદ્યાર્થી હતો અને, આમ જુઓ તો આ શાળાનો જન્મ પણ તેમાંથી જ થયો હતો. પિતા એક ઈમાનદાર સરકારી કર્મચારી હતાં, એટલે ખાસ રૂપિયા પૈસા તો હતા નહીં. એક જમીનનાનો ટુકડો વર્ષો પહેલાં લીધો હતો,એ એક માત્ર સંપત્તિ હતી, તેની પર આ બિલ્ડીંગ માંડ માંડ ઉભું થયું. આજે પણ આ બાળકોને નિઃશુલ્ક ભણાવવા તેઓ કેટલીય એક્ટીવીટી કરે છે, છતાં પૂરું થતું નથી. ઉપરાંત દેશ વિદેશના સારાં સારાં ન્યુરો સર્જન,અને અન્ય ડોક્ટરના સેમીનાર પણ ગોઠવે છે, કે જેનાથી કોઈને સારું થતું હોય તો! શકુન્તલા બેન જ્યારે વીસ થી બાવીસ વર્ષની યુવાન વયના હતા! ત્યારથી એમને સમાજ સેવા કરવાનો શોખ હતો!: અને સવભાવે સાહસી હતી! એટલે આસપાસ પડોશમાં કોઈ સ્ત્રી જાતીય સતામણી કે ઘરેલુ હિંસા નો ભોગ બને તો એ એનો પક્ષ લઈ એને પોલીસ કમ્પ્લેન કરાવવા સુધીની મદદ કરતા! અને એટલે જ ભણવાનું એવું પસંદ કર્યું. તેઓને એમ એસ ડબલ્યુનું ભણવા માટે ઝૂંપડપટ્ટીમાં વારંવાર જવું પડતું. ઝૂંપડપટ્ટીની મહિલાઓ માટે કંઈક કરવું જોઈએ એવું વિચારી બધી યુવતીઓ મહિલા દિવસે ભેટસોગાદ લઈ ને વહેંચવા જવાનું નક્કી કર્યું. રોજ દારૂડિયા પતિનો માર ખાઈ કે પછી ગમે તેવી ગાળો સાંભળીને જિંદગી ગુજારતી સ્ત્રીઓને ભેટ મળતા તે ખૂબ રાજી થઈ ગઈ. જીવલી નામની સ્ત્રીને તેનો પતિ મારઝૂડ કરતો હતો,એક દિવસ જીવલી એ તેનો હાથ તેણે હાથ મરડી નાખ્યો. જેન્તી ને એવું લાગતું હતું કે આ શકુન્તલા જ્યારથી આ વસ્તીમાં આવવા લાગી છે ત્યારથી જીવલી અને વસ્તીની બીજી અન્ય સ્ત્રીઓ થોડી થોડી સ્વતંત્ર વિચાર ધરાવતી થઈ છે, સામા જવાબ આપે છે અને આજે તો એનો હાથ પણ મરડી નાખ્યો! બસ જેન્તી ને આ વાત કઠી ગઈ. મહિલા દિવસે શકુન્તલા પાછી ફરતી હતી ત્યારે રસ્તામાં જ જેન્તી એને આંતરી લીધી! અને શકુન્તલા એ પોતાની જાતને બચાવવા ઘણી કોશિશ કરી પણ અંતે ન થવાનું થઈને રહ્યું! કાચી કુંવારી ગુલાબના ફૂલ જેવી શકુન્તલા એ વિકરાળ જેન્તી ની હવસ નો શિકાર બની.....

માતા પિતા એ બહુ સમજાવી પણ શકુન્તલા એ બાળકને ગર્ભમાં મારી ન શકી,પણ ક્યાંક આ રીતે રહ્યું હોવાથી સ્વીકારી પણ ન શકી, અને એ બાળક શારીરિક અને માનસિક ત્રુટિ વાળુ જન્મ્યું. શકુંતલાને પારાવાર પસ્તાવો થયો, કે તેના કારણે આ બાળક આવું જન્મ્યું, અને તેણે પોતાના તેમજ સમાજના અન્ય આવા દિવ્યાંગ બાળકો માટે થઈને જીવન સમર્પિત કરવાનું નક્કી કર્યું. પિતા પાસે એવી કોઈ મોટી મૂડી તો હતી નહીં, એક ટૂકડો જમીન હતી. એટલે શહેરના ઉદ્યોગપતિઓ પાસે જઈ જઈને ફાળો એકઠો કર્યો. એ રીતે બિલ્ડિંગ બનાવ્યું, અને તેને ચલાવવા માટે પોતાની તમામ મૂડી અને દર દાગીના વેચી દીધાં. તેમજ પોતાનાથી થાય એવાં સીવણ, પાપડ, અથાણાં, અગરબત્તી વગેરે ના ક્લાસિક શાળા સિવાય ના સમયમાં કરી, બીજા રુપિયા પણ એકઠા કરતી, અને એ રીતે શાળા ચાલતી. અહીં આગળ આશરે ૨૦૦ દિવ્યાંગ બાળકો ભણતાં હતાં. ધીરે-ધીરે તો સંખ્યા વધતી ગઈ. કોઈ કોઈ વાર કોઈ પુણ્યતિથિએ, કે જન્મદિવસે, અને લગ્ન દિવસે ભેટસોગાદ વહેંચવા આવે તો, શકુંતલા બેન એને વિનમ્ર ભાવે પોતાની જરૂરિયાત જણાવતા અને તેઓ પણ સ્વેચ્છાએ થોડું-ઘણું દાન કરતાં એવામાં શહેરના પ્રતિષ્ઠિત વેપારી શાંતિલાલ પારેખનાં ઘરે તેમનો પૌત્ર શારીરિકને માનસિક ત્રૂટિ વાળો જન્મ્યો, શેઠે સંસ્થામા ક્યારેક થોડા ઘણા રૂપિયા પણ આપ્યા હતાં. પરંતુ હવે તેમને શકુંતલાબેનનાં સેવા યજ્ઞનો ખરો પરિચય થયો, અને તેમણે પચીસ લાખ રૂપિયા સંસ્થાને દાન આપ્યું, અને શકુન્તલા બેનની આ સંસ્થાને એક નવું રુપ મળ્યું, જેમાં આવાં અવિકસિત કે અલ્પ વિકસિત મગજ વાળા બાળકોના વિકાસ માટે કેટલીય પ્રકારના સાધનો વસાવ્યા અને ઈશ્વરે કોઈ ને કોઈ ગુણ આપ્યો હોય એમ એ ગુણને શોધીને એને સંગીત, તબલા સિતાર, શીવણ, કે ચિત્ર, શિલ્પ કે અન્ય હુન્નર શીખવવામાં આવતાં હતાં! અને આ ઉપરાંત પ્રાર્થના નાં માધ્યમથી ઈશ્વર સાથે જોડાઈ શકાય એવી સમજ કેળવવામાં આવતી હતી. મિત્રો આમ જુવો તો શકુન્તલાને પોતાના ક્યાં કર્મનું ફળ મળ્યું એ સમજવું કઠિન છે! પણ ઈશ્વર આ રીતે એના માધ્યમથી સમાજના આવા દિવ્યાંગ બાળકોને એક મા આપવા માંગતા હશે! એવું તારણ નીકળે છે! કારણકે આવી ઘટના ઘટી એટલે કાચી કુંવારી શકુંતલા એ તો સેવામાં જીવન સમર્પિત કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ આ રીતે તેની ઈજ્જત ખોયાં પછી પણ તેણે પોતાનાં બાળકનું એબોર્શન કરાવ્યું નહીં! અને સેવાનાં માર્ગ માટે મક્કમ રહી, એની માટે તેને સો સલામ કરવા ઘટે, અને સમાજમાં આવી શકુંતલા જેવી સ્ત્રીઓ હશે, ત્યાં સુધી સંવેદનાની ધારા નિરંતર વહેતી રહેશે, અને એની પર જ આ સમાજ કાયમ ટકી રહ્યો છે.

**સૂર્ય એ બુદ્ધિના માલિક દેવ છે, તેની સંધ્યા કરવાથી બુદ્ધિ તેજ થાય છે, સ્નાન અને સંધ્યા નિયમિત કરો, સમ્યક્ ધ્યાન એ જ સંધ્યા**

## ઝાડને ફૂલો ખરવાથી ક્યારેય તકલીફ પડતી નથી; તે નવા ફૂલો બનાવવામાં વ્યસ્ત રહે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે માણસ પોતાના શરીરનું પોષણ કરવા માટે જ અન્ન પકાવે છે, તે પાપને ખાઈ રહ્યો છે, તેથી હંમેશ સત્કર્મ કરવું, આયુષ્યનો સદ્ઉપ યોગ કરો, તન-મનને સજા કરશો તો પાપ ઘટશે અને સત્કર્મ થશે, તમારા મનને તમે સજા નહીં કરો તો બીજું કોણ સજા કરશે? પુત્રના દુરાચરણો જોઈ આત્મદેવ ને ગ્લાનિ થઈ, આના કરતા તો વાંઝિયો હતો તે સારું હતું.**

મેઘરાજા સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે ધબડાટી બોલાવી રહયા છે..કુદરતી કહેર નહી પણ આશીર્વાદ પ્રાપ્ત થઈ રહ્યા છે તેમ સમજી સાવચેતી રાખી આ કુદરતી ઘટનાક્રમનો આનંદ માણો એવી આશા સહ આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો બુદ્ધિરૂપી ધુંધલીની નાની બહેનછે મન. બુદ્ધિ મનની સલાહ લે તો દુઃખી થાય છે. મન અનેક વખત આત્માને છેતરે છે, મન સ્વાર્થી છે આત્મદેવરૂપી આત્મા ભોળો છે. તેને મન-બુદ્ધિ વારંવાર છેતરે છે. આત્મદેવ મનબુદ્ધિનું કપટ સમજી શક્યો નહી. એટલે મન બુદ્ધિએ ફળ ગાયને ખવડાવ્યું. ગો એટલે ગાયદિક જાન્દ્રિય-ભક્તિ વગેરે પણ એના અર્થ થાય છે. ફળ ગાયને એટલે ઈન્દ્રિયને ખવડાવ્યું. જોયું ને,સત્સંગથી એકદમ ઈન્દ્રિયોની શુદ્ધિ થતી નથી. મન અને બુદ્ધિ જ્યારે ભાગવતનો, ભગવાનનો આશ્રય લેશે ત્યારે તે સુધરશે. ધુંધુકારી કોણ?આખો સમય દ્રવ્ય સુખ અને કામસુખનું ચિંતન કરે તે ધુંધુકારી. જેના જીવનમાં ધર્મ પ્રધાન નથી પણ કામસુખ, દ્રવ્ય સુખ પ્રધાન છે તે ધુંધુકારી. મોટા થતાં ધુંધુકારી પાંચ વેશ્યા ઓમાં ફસાયો છે. પાંચ વિષયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધએ પાંચ વેશ્યાઓ છે. આ પાંચ વિષયો ધુંધુકારીને એટલે કે જીભને બાંધે છે. તે મડદાને હાથે પેટ ભરતો. મડદાના હાથે એટલે? હાથ ભગવાનની સેવા ન કરે, પરોપકાર ન કરે, તે હાથ મડદાના હાથ છે. ધુંધુકારી સ્નાન, શૌચ, ક્રિયાહીન હતો એટલે સ્નાન તો કરતો હશે, પરંતુ સ્નાન કર્યા પછી સંધ્યા સેવા ન કરે,સત્કર્મ ન કરે તો સ્નાન પશુ સ્નાન છે. સ્નાન ફક્ત શરીરને સ્વચ્છ રાખવા માટે નથી. સ્નાન કર્યા પછી



સેવા નહીં, સંધ્યા નહીં, ગાયત્રી નહીં, તો એ સ્નાન પણ પાપ છે. શાસ્ત્રમાં સ્નાનના ત્રણ પ્રકાર બતાવ્યા છે. તેમાં ઋષિ સ્નાન ઉત્તમ છે. મળસ્કે ૪ થી પવાગ્યાની અંદર જે સ્નાન કરવામાં આવે છે તે, પછી ૫ થી ૬.૩૦ વાગ્યાની વચ્ચે જે સ્નાન કરવામાં આવે છે તે મનુષ્ય સ્નાન છે અને સવારના સાડા છ વાગ્યા પછી જે સ્નાન કરવામાં આવે તે રાક્ષસી સ્નાન ગણાય છે. સૂર્ય એ બુદ્ધિના માલિક દેવ છે. તેની સંધ્યા કરવાથી બુદ્ધિ તેજ થાય છે, સ્નાન અને સંધ્યા નિયમિત કરો. સમ્યક્ ધ્યાન એ જ સંધ્યા. નિત્ય સત્કર્મ વિનાનું ભોજન એ ભોજન નથી.એવું ભોજનકરનારો અન્ન નથી ખાતો, પણ પાપ ખાય છે એવું ગીતાનું વચન છે. જે માણસ પોતાના શરીરનુંપોષણ કરવા માટે જ અન્ન પકાવે છે, તે પાપને ખાઈ રહ્યો છે. તેથી હંમેશ સત્કર્મ કરવું.આયુષ્યનો સદ્ઉપ યોગ કરો.તન-મનને સજા કરશો તો પાપ ઘટશે અને સત્કર્મ થશે. તમારા મનને તમે સજા નહીં કરો તો બીજું કોણ સજા કરશે? પુત્રના દુરાચરણો જોઈ આત્મદેવ ને ગ્લાનિ થઈ.આના કરતા તો વાંઝિયો હતો તે સારું હતું. ધુંધુકારીએ સર્વ સંપત્તિ વાપરી નાખી. હવે તો તે માતા પિતાને માર મારવા લાગ્યો. પિતાનું દુઃખ જોઈ ગોકર્ણ પિતા પાસે આવ્યા. ગોકર્ણ પિતાને વૈરાગ્યનો ઉપદેશ આપે છે. આ સંસાર અસાર છે, અત્યંત દુઃખરૂપ અને મોહમાં નાખવાવાળો છે. પુત્ર કોનો? અને ઘર કોનું? સંસારને વંધ્યાસુતની ઉપમા આપવામાં આવી છે. સંસાર માયાનો પુત્ર છે. માયા મિથ્યા. તો આ સંસાર સાચો ક્યાંથી હોય? ગોકર્ણ આત્મદેવને કહે છે, 'હવે તમે ઘર છોડી વનમાં જાવ. ઘરનો મોહ હવે છોડી દો.સમજીને છોડો તો સારું,નહીંતર કાળ ધક્કો મારી ને છોડાવશે.આ દેહ હાડકાં, માંસ અને રુધિરનો પિંડ છે. એને મારો માનવાનું છોડી દો. સ્ત્રી-પુત્રાદિમાંથી મમતા ઉઠાવી લો. આ સંસાર ક્ષણભંગુર છે. આમાંની કોઈ વસ્તુને સ્થાયી સમજી તેમાં રાગ ન કરો. બસ એક માત્ર વૈરાગ્યના રસિક બની ભગવાનની ભક્તિમાં લાગી જાવ. સંસારનો મોહ દૂર ન થાય ત્યાં સુધી ભક્તિ થતી નથી. કોઈપણ રીતે મનને સંસારના વિષયોમાંથી હઠાવી પ્રભુપ્રેમમાં જોડી રાખો! અરે, જેને દેહ કહીએ છીએ તે દેહ પણ આપણો નથી. કારણ તેને પણ આપણે રાખી શકવાના નથી, તો બીજું કોણ આપણું? માટે પિતાજી, ગંગાકિનારે ઠાકોર જીની સેવા કરો. મનને વિક્ષેપ થાય, ત્યારે તેણે શ્રીકૃષ્ણલીલા કથામાં લઈ જાવ. ભાવના કરશો તો હૃદય પીગળશે. પરદોષદર્શન સેવામાં-સત્કર્મમાં વિઘ્નરૂપ છે. માટે પરદોષદર્શનનો ત્યાગ કરો!અને ભગવાનનો આશરો લઈ ભગવાનમય બની જીવો! ભગવાનમય જીવન ગાળવા માટે ધ્યાન, જપ અને પાઠ અતિ આવશ્યક છે. ઉત્તમ પાઠના જ અંગ છેઃ મધુરતા, સ્પષ્ટ અક્ષરનો ઉચ્ચાર, પદચ્છેદનું જ્ઞાન, ધીરજ, લયનું સામર્થ્ય અને મધુરકંઠ.પાઠ શાંત ચિત્તે કરવો.ઉતાવળથી સમજ્યા વગર પાઠ ન કરવો. આત્મદેવ ગંગાકિનારે આવ્યા અને માનસી સેવા કરવા લાગ્યા. એકાંતમાં બેસી મનને એકાગ્ર કરે છે.ચંચળ મનને વિવેકરૂપી બોધથી સાચવવું અને સંકલ્પ-વિકલ્પથી દૂર રાખવું. માનસિક સેવામાં મનની ધારા અતૂટ રહેવી જોઈએ એવી સેવામાં દિવ્યતા રહેલી છે. ઉચ્ચ સ્વરથી જપ પાઠ કરવાથી મનની એકાગ્રતા થાય છે. ચિત્ત વૃત્તિનો નિરોધ થાય છે. આત્મદેવ સતત ભાગવત ધ્યાનમાં તન્મય છે. નિવૃત્તિમાં સતત સત્કર્મ થવું જોઈએ. નહીંતર નિવૃત્તિમાંથી પાપ બહાર આવે છે. આત્મદેવ દસમા સ્કંધનો નિત્ય પાઠ કરે છે. આત્મદેવ ખરેખરો દેવ બને છે. જીવ અને શિવ એક બને છે.જીવ અને ઈશ્વરનું મિલન થાય છે. પરમાત્માના બે સ્વરૂપ :એક અર્ચાસ્વરૂપ અને બીજું નામ સ્વરૂપ સામગ્રીથી જેની સેવા થાય એ અર્ચાસ્વરૂપ. શ્રીમદ્ ભાગવતએ ભગવાનનું નામ સ્વરૂપ છે.નામ સ્વરૂપ વિના સ્વરૂપ સેવા થતી નથી. નામસ્વરૂપમાં જ્યાં સુધી નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વરૂપ સેવામાં પ્રીતિ થતી નથી. મનશુદ્ધિ વગર સ્વરૂપસેવામાં આનંદ મળતો નથી.સંસાર સાથે સ્નેહ કરે છે,ત્યાં સુધી તેમને સ્વરૂપ સેવામાં આનંદ મળતો નથી. સંસાર સાથે સ્નેહ કરો, પણ વિવેકપૂર્વક સ્નેહ કરો. અગ્નિ બાળે છે, પણ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે લાભ કરે છે તેવું સંસારનું છે, સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છેત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શકતો નથી અને મનમાયાને સ્પર્શ કરે છે તે મન મનમોહનની સેવામાં જઈ શકતું નથી. જ્યાં સુધી સ્વરૂપ સેવામાં મન એકાગ્ર ન થાય, ત્યાં સુધી નામ સેવા કરો. સ્વરૂપ સેવામાં આનંદ આવતો નથી, કેમ કે મન વ્યગ્ર છે. મનુષ્યનું મન સંસાર વ્યવહારના વિષયોમાં એવું લીન રહે છે કે, પાપ કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી. સ્વરૂપ સેવા કરતાં હૃદય પીગળે, આંખો ભીની થાય,આનંદ આવે અને સાત્વિક ભાન જાગે તો સેવા સફળ થઈ છે એમ સમજજો. સેવા એ હૃદયના ભાવ છે. હૃદયના ભાવ વગર કરેલી સેવા ફળતી નથી.જીવ શુદ્ધ થઈ પરમાત્માની સેવા કરે છે. ઠાકોરજી પ્રસન્ન થાય છે. મનમાં અનેક જન્મોના મેલ ભર્યા છે.સ્વરૂપ સેવામાં મનશુદ્ધિ આવશ્યક છે. મનને શુદ્ધ કરવા નામ સેવાની જરૂર છે. મનને શુદ્ધ કરે છે ભાગવત.કળિયુગમાં નામ સેવા પ્રધાન છે.શ્રીમદ્ ભાગવત એ ભાગવતનું નામ સ્વરૂપ છે. નામ એ જ બ્રહ્મ છે. નામ એ જ પરમાત્મા છે. વધુ શું કહું? નામ એ પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ છે. ઈશ્વર દેખાતા નથી. જે દેખાતા નથી તેની સાથે સ્નેહ કરવો કઠણ છે. નામ સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે. જે વ્યક્તિનાં પ્રત્યક્ષ દર્શન ન થયાં હોય તેના નામને પકડી રાખો તો તેના દર્શન થશે જ થશે. ઈશ્વરનું સ્વરૂપ સર્વ માટે અનુકૂળ અને સુલભ નથી. પણ સ્વરૂપ સુલભ છે. જ્ઞાની પુરુષો નામમાં નિષ્ઠા રાખે છે ને નામનો આશ્રય કરે છે. રામજીએ થોડા જીવોનો ઉદ્ધાર કર્યો હશે ત્યારપછી તેમના નામે અનેકોનો ઉદ્ધાર કર્યો છે. શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર વિરાજેલા, ત્યારે તેમણે જે જીવોનો ઉદ્ધાર કર્યો તેના કરતાં તેના નામે અનેકોને તાર્યા છે. મોટામાં મોટું પાપ કયું? આપણને ઈશ્વરના નામમાં નિષ્ઠા નથી તે. નામ સાધન સરળ છે. ભાગવત એ ભગવાનનું સ્વરૂપ છે. ભાગવતનો આશ્રય એ નામનો આશ્રય. ભાગવતનો આશ્રય કરે તે ભગવાન બને છે. બારમી જૂન પછી વિમાનોમાં બહુ ટેકનિકલ ખામી આવી રહી છે. કેદારનાથ ગૌરીકુંડ નજીક હેલિકોપ્ટર ક્રેશ થતાં સાત લોકોએ જીવ ગુમાવ્યા તો પુલ તૂટતાં.. આમ દુર્ઘટનાઓ સતત ચિતાજનક રીતે વધી રહી છે ત્યારે સાવચેતી રાખી આગળ વધો તેવી અપીલ સહ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### આમિર ખાનની ફિલ્મ 'સિતારેં ઝમીન પર' રિલીઝ થશે

# તૂર્કીયેનો બહિષ્કાર કર્યો, એ બિલકુલ યોગ્ય છે : એક્ટર આમિર ખાન



**તેની જુની તૂર્કીયેના રાષ્ટ્રપતિ અને તેમના પત્નીની મુલાકાત અને તેના કારણે થયેલા વિરોધ અંગે પણ આમિરે સ્પષ્ટતા કરી**

ઓપરેશન સિંદૂર અને તેના પછીની ઘટનાઓ બાદ ટર્કીના ઉત્પાદનો અને પ્રવાસનનાં બહિષ્કારની ખુબ ચર્ચાઓ થઈ હતી. એ વખતે આમિર ખાનનો એક જુનો વીડિયો પણ વાયરલ થયો હતો, જેમાં તેણે તૂર્કીયેના રાષ્ટ્રપ્રમુખના વખાણ કર્યા હતા અને તેમનાં પત્નીને તે મળવા પણ ગયો હતો. ત્યાર પછી આમિર ખાનની ફિલ્મના બહિષ્કારની પણ ચર્ચા થઈ હતી. હવે જ્યારે તેની ફિલ્મ 'સિતારેં ઝમીન પર' રિલીઝ થઈ રહી છે, ત્યારે આમિર વિવિધ ચેનલ અને પ્લેફોર્મ પર ફિલ્મના પ્રમોશન માટે ઈન્ટરવ્યુ આપી રહ્યો છે.તાજેતરના એક ટીવી શોમાં આમિરે ધર્મના કારણે થતા વિરોધ અને હુમલાની ટીકા કરવાની સાથે આવા લોકોના મુલ્યો અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યા હતા. આમિરે કહ્યું, ''તમે સામાન્ય લોકોને નિશાન બનાવી રહ્યા છો, તમે લોકોના પરિવાર પર ગોળીઓ ચલાવો છો. ત્યાં હું પણ હોઈ શકું છું, તમે પણ હોઈ શકો છો. અને તમે એમના ધર્મ પુછીને તેમના પર ગોળીઓ ચલાવો છો. તેનો શું મતલબ છે?'' આગળ આમિરે ભારપૂર્વક કહ્યું, ''હવે થાય છે એવું કે હું સોશિયલ મીડિયા પર નથી. કોઈ પણ ઘટના બને તો લોકો ત્યાં દરેક સેકન્ડે કંઈ પણ કહ્યાં કરે છે. હું પણ એ વિશે વાત કરતી હોઉં છું. જ્યારે હું એ ફંક્શનમાં ગયો, મને પહેલગામ હુમલા વિશે પુછાયું હતું. ત્યારે મારો જવાબ બિલકુલ સ્પષ્ટ હતો. આ હુમલો માત્ર આપણા દેશના લોકો પર હુમલો નથી. આ આપણા દેશની એકતા પર હુમલો છે.''આગળ આમિરે સ્પષ્ટતા કરતા ફિલ્મ પ્રોશનની દૃષ્ટિએ આપણી સેનાને સહકારની વાત ન કરવી જોઈએ એવું પણ કહ્યું, ''જુઓ, આપણી સેનાએ, આપણા બહાદુર જવાનોએ જે જવાબ આપ્યો છે - એ માટે, જો હું એમના ટેકામાં કોઈ જવાબ આપું, તો હું કંઈ ખોટું કરું છું? ત્યારે હું મારી ફિલ્મ વિશે વિચાર કરતો હોઈશ કે પછી સૈનિકો વિશે વાત કરીશ? એ વખતે, જો હું એવું વિચારું કે મારી ફિલ્મ આવી રહી છે એટલે મારે ચૂપ રહેવું જોઈએ? હું સેના વિશે હાલ કામ ન કરી શકું. મને લાગે છે, આ ખોટું છે. તેથી મેં તો ખુલીને કહ્યું.''જેવી આમિરે સેનાની તરફેણમાં વાત કરી કે તરત આમિરની ફિલ્મનું ટ્રેલર લોંચ થયું, આ ટાઈમિંગ વિશે પ્રશ્ન પૂછતાં આમિરે હ્યું, ''ખરેખર તો અમારી ફિલ્મનું ટ્રેલર બહુ પહેલાં લોંચ થવાનું હતું. પરંતુ પહલગામ હુમલાને કારણે અમે ટ્રેલર લોંચની ઈવેન્ટ પોસ્ટપોન કરી હતી.'' આગળ આમિરે કહ્યું કે હુમલાને કારણે તેમણએ પોતાની ફિલ્મ અંદાઝ અપના અપનાનું પ્રિમિયર પણ કેન્સલ કરવું પડ્યું હતું. આમિરે તેની જુની તૂર્કીયેના રાષ્ટ્રપતિ અને તેમના પત્નીની મુલાકાત અને તેના કારણે થયેલા વિરોધ અંગે પણ આમિરે સ્પશ્ટતા કરી હતી. આમિરે કહ્યું, ''ટર્કીએ બહુ ખોટું કર્યુ છે અને દરેક ભારતીય તેના કારણે દુઃખી થયા છે. તેમને પહેલી મદદ કોણે કરી હતી? ભારતે તેમને સૌથી પહેલી મદદ કરી હતી.




### એક્ટર ઉન્ની મુકુંદને પોતાના ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી

# ઉન્ની મુકુંદનની 'માર્કો ૨' પડતી મુકાઈ, તેના બદલે નવી ફિલ્મ કરશે

એક્ટર ઉન્ની મુકુંદને પોતાના ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી છે કે તેની ફિલ્મ 'માર્કો'ની સિક્વલ નહીં બને. આ ક્રાઈમ થ્રિલર ફિલ્મ બોક્સ ઓફિસ પર તો ઘણી ચાલી હતી, પરંતુ આ ફિલ્મ ભારતની સૌથી હિંસાત્મક ફિલ્મ હોવાનો ફિલ્મની ટીમનો જે મુજબ દાવો હતો, એમ જ આ ફિલ્મમાં હિંસાના દૃશ્યોનું પ્રમાણ વધુ હોવાથી તેની ટીકા પણ વધારે થઈ હતી. ત્યારે તાજેતરમાં ઉન્ની મુકુંદને સોશિયલ મીડિયા પર તેના ફૅન્સ દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે હવે સિક્વલ પડતી મુકાઈ છે.અમદાવાદ શહેરમાં ઉછરેલા અને પછી મલિયાલમ સિનેમામાં સફળ થયેલા ઉન્ની મુકુંદને તાજેતરમાં પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેનું જોરદાર ફિઝિકલ ટ્રાન્સફર્મેશન જોવા મળે છે, તેના પરથી તે આગામી ફિલ્મ માટે તૈયારી કરી રહ્યો હોવાનો અંદાજ આવે છે. ત્યારે આ વીડિયોના પ્રતિસાદમાં એક ફૅન દ્વારા કમેન્ટ કરવામાં આવી હતી. તેણે ઉત્સુકતાથી પૂછ્યું હતું, ''માર્કો ૨ ક્યારે આવશે?'' ત્યારે ઉન્નીએ જવાબ આપ્યો હતો કે, ''ભાઈ, માફ કરજે, પણ મેં માર્કો સિરીઝને આગળ વધારવાનો પ્લાન પડતો મુક્યો છે. આ પ્રોજેક્ટમાં ઘણી નકારાત્મકતા રહેલી છે. પણ હું કશુંક માર્કોથી પણ સારં અને મોટું લાવવા પ્રયત્ન કરીશ. બધા જ પ્રેમ અને હકારાત્મકતા બદલ આપનો આભાર.''આ ખુલાસા પછી માર્કો અને ઉન્નીના ફૅન્સ થોડાં નિઃરાશ ચોક્કસ થયાં છે. કારમ કે એક એવો વર્ગ પણ છે, જેને ડાર્ક કોમેડીની જેમ ડાર્ક થ્રિલર ફિલ્મનો પણ શોખ છે. જે લોકોએ લ્યુસીફાયર અને માર્કો જોઈ છે, તેમને આ ફિલ્મની સિક્વલની આશા હતી. થોડાં વખત પહેલાં ઉન્ની મુકુંદને તેની આ ફિલ્મની ટીમના એક સભ્ય પર હાથ ઉઠાવ્યો અને તેને માર્યો હોવાના અહેવાલો પણ હતાં, જ્યારે ફિલ્મની નિષ્ફળતાને કારણ ગણાવવામાં આવ્યું હતું. માર્કો હનીફ અડેની દ્વારા ડિરેક્ટ કરવામાં આવી હતી અને તેના ક્રૂર અને ઘાતકી દૃશ્યો માટે તે ચર્ચામાં રહી હતી. ઉન્નીની 'માર્કો' બોક્સ ઓફિસ પર ચાલી હતી પરંતુ તેને ટીકાનો પણ સામનો કરવો પડ્યો હતો, સાથે જ તેમાં મોટા ભાગના પાત્રો ગ્રે કેરેક્ટર્સ તરીકે દર્શાવાયા હતા, તેથી ફિલ્મના મુલ્યોને લઈને તેની ટીકા પણ થઈ હતી. તેથી આ ટીકાના કારણે પણ ફિલ્મ પડતી મુકાઈ હોવાની ચર્ચા છે. માર્કોમાં ટોની આઈઝેકનું પાત્ર ભજવાર કલાકાર જગદીશે પણ થોડાં વખત પહેલાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું, ''શું લોકોને જગદીશનું પાત્ર કે આવો વ્યક્તિ ગમશે? માર્કોમાં મારું પાત્ર હિંસાની તરફેણમાં છે. પરંતુ શું લોકોને ટોની ગમશે કે જગદીશ? જો તેમને જગદીશ ગમતો હોય તો મેં ક્યારેય હિંસાની તરફેણ કરી નથી.''



**ઉન્નીની 'માર્કો' બોક્સ ઓફિસ પર ચાલી હતી પરંતુ તેને ટીકાનો પણ સામનો કરવો પડ્યો હતો**

### ઓટીટીની ૧૩૦ કરોડની ડીલ પર ફેરવિચારણા શરૂ થઈ

# 'ઠગ લાઈફ'ને ઓડિયન્સે ઠેંગો બતાવ્યો


ભારતીય ફિલ્મ જગતના બે દિગ્ગજોએ મોટા બજેટ સાથે 'ઠગ લાઈફ' બનાવી હતી. ડાયરેક્ટર મણિરત્નમ અને એક્ટર કમલ હાસનની જોડી આ ફિલ્મમાં ફરી કમાલ કરશે તેવું ઓડિયન્સને લાગતું હતું. જો કે રિલીઝ બાદ આ ફિલ્મ ઓડિયન્સને ખાસ પસંદ આવી નથી. જેના કારણે તેની ટિકિટ્સના વેચાણમાં સતત ઘટાડો આવી રહ્યો છે. ૯ દિવસમાં આ ફિલ્મને રૂ.૫૦ કરોડનું કલેક્શન પણ મળી શક્યું નથી. કમલ હાસન-મણિરત્નમની 'ઠગ લાઈફ' માટે બીજું અઠવાડિયું કપરું રહ્યું છે અને આ ફિલ્મ બોક્સઓફિસ પર લથડિયાં ખાઈ રહી છે. આ ફિલ્મને શુક્રવારે સૌથી ઓછું માંડ ૭૫ લાખનું કલેક્શન મળ્યું છે.કમલ હાસન-મણિરત્નમની 'ઠગ લાઈફ' માટે બીજું અઠવાડિયું કપરું રહ્યું છે અને આ ફિલ્મ બોક્સઓફિસ પર લથડિયાં ખાઈ રહી છે, ફિલ્મની મોંઘી સ્ટાર કાસ્ટ અને બજેટને જોતાં ૨૦૨૫ના વર્ષની સૌથી મોટી ફ્લોપમાં તેનો સમાવેશ નિશ્ચિત છે. આ ફિલ્મે નવ દિવસમાં ભારતીય બોક્સઓફિસ પર રૂ.૪૪.૭૫ કરોડનું નેટ કલેક્શન મેળવ્યું છે. ફિલ્મના બોક્સઓફિસ પ્રદર્શનની વાત કરીએ તો તેને પ્રથમ દિવસે રૂ.૧૫.૫ કરોડનું કલેક્શન મળ્યું હતું. બીજા જ દિવસે તેનું કલેક્શન અડધું થયું હતું અને તેને ૭.૧૫ કરોડ મળ્યા હતા. ત્રીજા દિવસે તેને ૭.૭૫ કરોડની આવક થતાં ફિલ્મની સફળતાની શક્યતા ઊભી થઈ હતી. ચોથા દિવસે ૬.૫ કરોડના કલેક્શન સાથે ફિલ્મ ધીમે-ધીમે પકડ જમાવે તેવું લાગતુ હતું. જો કે પાંચમા દિવસે ૨.૩ કરોડ, છઠ્ઠા દિવસે રૂ.૧.૮૦ કરોડ, સાતમા દિવસે રૂ.૧.૨૨ કરોડ, આઠમા દિવસે રૂ.૧.૪૫ કરોડ અને નવમા દિવસે માંડ રૂ.૭૫ લાખના કલેક્શન સાથે ફિલ્મની સફળતાની તમામ શક્યતાઓ ધૂંધળી બની છે. કમલ હાસનની 'ઠગ લાઈફ'ને રિલીઝ પહેલાથી જ મિશ્ર પ્રતિસાદ મળતા હતા. માઉથ પબ્લિસિટી અને રીપિટ ઓડિયન્સ પર ફિલ્મની સફળતાનો આધાર હતો. આ ફિલ્મમાં કમલ હાસન અને મણિરત્નમે ૩૮ વર્ષ બાદ સાથે કામ કર્યુ હતું. બંને દિગ્ગજો ભેગા મળીને બ્લોકબસ્ટર ફિલ્મ આપશે તેવું ઘણાં માનતા હતા. જો કે દિવસો પસાર થવાની સાથે ફિલ્મને ફ્લોપનું લેબલ લાગવાનું નિશ્ચિત જણાઈ રહ્યું છે. આ ફિલ્મ નેટફિલક્સ પર રિલીઝ થવાની હતી, જેની ૧૩૦ કરોડની ડીલ થઈ હતી. હવે તેમણે આ ડીલ પર ફેર વિચારણા કરવાની અને આ રકમમાં ૨૦થી ૨૫ ટકા ઘટાડવાની વાત કરી હતી. તે ઉપરાંત એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મ થિએટર રિલીઝના આઠ અઠવાડિયાને બદલે ચાર અઠવાડિયમાં જ ઓટીટી પર રિલીઝ થઈ શકે છે.



# કનપ્પાનું ટ્રેલર રિલીઝ, અક્ષય કુમારના 'મહાદેવ', પ્રભાસના રૌદ્ર રૂપની ચર્ચા

**વિષ્ણુ ફિલ્મમાં થિન્નાડુનો રોલ કરી રહ્યો છે, જેને ભક્ત કનપ્પાના નામે પણ ઓળખવામાં આવે છે**

ડાયનામિક હીરો વિષ્ણુ માંચૂનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાતી ફિલ્મ કનપ્પાનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મ મલ્ટી સ્ટારર હોવાથી ફેન્સમાં તેની આતુરતા જોવા મળી રહી છે. ૧૪ જૂને સાંજે ફિલ્મનું ધમાકેદાર ટ્રેલર રિલીઝ થયું હતું. આ ફિલ્મમાં બોલિવૂડનો ખેલાડી અક્ષય કુમાર મહાદેવની ભૂમિકામાં જોવા મળે છે. જ્યારે પ્રભાસ રૂદ્ર અવતારમાં ડેશિંગ લાગી રહ્યો છે. આ બંને ફિલ્મની મુખ્ય હાઈલાઈટ હોવાનું જણાય છે. મંચૂ વિષ્ણુ લાંબા સમયથી તેની ફિલ્મ કનપ્પાને લઈને ઉત્સાહ દર્શાવી રહ્યા છે.વિષ્ણુ આ ફિલ્મમાં થિન્નાડુનો રોલ કરી રહ્યો છે, જેને ભક્ત કનપ્પાના નામે પણ ઓળખવામાં આવે છે. વિષ્ણુને એક નીડર યોદ્ધા તથા ધર્નુધારી તરીકે દર્શાવાયો છે જે ભગવાન શિવનો પરમ ભક્ત બને છે. ટ્રેલરમાં અક્ષય કુમાર ભગવાન શિવના રોલમાં છે જેને ફેન્સે ખૂબ જ પસંદ કર્યા હોવાનું લાગી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે 'સ્ત્ર-૨ બાદ અક્ષય મહાદેવની ભૂમિકામાં વધુ એક વખત સફળ થઈ શકે છે. આ ફિલ્મમાં સાઉથના સુપરસ્ટાર મોહનલાલ પણ છે જે કિરાતાના રોલમાં નજરે પડશે. ૨૭ જૂને આ ફિલ્મ થિયેટરોમાં રિલીઝ થશે. કનપ્પાની રિલીઝ તારીખ નજીકમાં છે ત્યારે તેને લઈને માર્કેટિંગ માટે સંખ્યાબંધ કાર્યક્રમોની તૈયારી પણ પૂર્ણ કરવામાં આવી છે. ટ્રેલરને ફેન્સનો નોંધપાત્ર રિસ્પોન્સ મળ્યો છે અને સોશિયલ મીડિયા પર તેની ચર્ચાઓ કરી રહ્યા છે. બીજીતરફ કેટલાકે આ ફિલ્મના ટ્રેલરની તુલના ભક્તિ સીરિયલ સાથે કીરને ટીકા કરી હતી. એક યુઝરે ટ્વીટ કરીને કહ્યું કે- મહાદેવના રૂપમાં ખેલાડી અને રૂદ્રના રોલમાં ડેશિંગ પ્રભાવ, બંનેનો અણધાર્યો સહયોગ.




# 'બોર્ડર ૨'માં દિલજીત દોસાંજની સાથે સોનમ બાજવા જોવા મળશે

**શૂટિંગ જૂનથી લઈને ઓગષ્ટની વચ્ચે થશે, જેમાં સની, વરુણ, દિલજીત, અહાન-સોનમ સામેલ હશે**

અનુરાગસિંહના દિગ્દર્શનમાં બની રહેલી 'બોર્ડર ૨' ફિલ્મમાં સની દેઓલની સાથે અહાન શેટ્ટી, દિલજીત દોસાંજ અને વરુણ ધવન પછી હવે સોનમ બાજવા પણ સામેલ થઈ ગયા છે. રિપોર્ટ મુજબ, સોનમ એક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે અને જૂનના અંત સુધીમાં શૂટિંગ શરુ કરશે.ફિલ્મ 'બોર્ડર ૨' અંગે લાંબા સમયથી નવા-નવા અપડેટ આવી રહ્યા છે. અનુરાગ સિંહની ડાયરેક્ટેડ - આ ફિલ્મમાં સની દેઓલ ઉપરાંત, અહાન શેટ્ટી, દિલજીત દોસાંઝ અને વરુણ ધવન તો પહેલાથી જ છે. હવે સમાચાર આવી રહ્યા છે કે સોનમ બાજવાએ આ મુવી જોઈન કરી લીધી છે. રિપોર્ટ મુજબ, એ એક મહત્વની ભૂમિકા નિભાવશે. ફિલ્મના પ્રોડ્યુસર 'સંદેશે આતે હૈં'ના ગાયક સોનુ નિગમે અરિજીતસિંહની સાથે રી-ક્રિએટ કરશે. એક રિપોર્ટ, સોનમ બાજવા આ ફિલ્મમાં પંજાબી યુવતિનો રોલ કરશે, જેનો ઈરાદો મજબૂત હોય. સૂત્રોના હવાલાથી જણાવવામાં આવ્યું કે, 'બોર્ડર ૨'માં સોનમ બાજવા દિલજીત દોસાંજની સાથે જોવા મળશે. પહેલી ફિલ્મની જેમ આમાં પણ તેનો એક ઈમોશનલ ઍંગલ જોવા મળશે. દિલજીતની સાથે શૂટિંગ પૂણેમાં શરુ થઈ ગયું છે. બાકીના કલાકાર બે સપ્તાહમાં જોડાશે.અહેવાલમાં જણાવ્યું કે, 'બોર્ડર ૨'નું શૂટિંગ જૂનથી લઈને ઓગષ્ટની વચ્ચે થશે. જેમાં સની, વરુણ, દિલજીત, અહાન અને સોનમ સામેલ હશે. પ્રોડ્યુસર વરુણની સાથે એક લીડ એક્ટ્રેસની કાસ્ટ કરવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. હજુ કાસ્ટિંગ પ્રોસેસમાં છે, જે જલતી પૂરી થશે. આ ફિલ્મ આગામી વર્ષે જાન્યુઆરી ૨૦૨૬માં પ્રજાસત્તાક દિવસના અવસર પર રિલીજ થશે. આ ફિલ્મનું ૬૦ ટકા શૂટિંગ પુર્ણ થઈ ચુક્યું છે અને બાકીનું ઓગષ્ટ સુધી પૂર્ણ થવાની આશા છે. 'બોર્ડર ૨' ફિલ્મને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા અને નિધિ દત્તા પ્રોડ્યુસ કરી રહ્યા છે. ૨૩ જાન્યુઆરી ૨૦૨૬માં ફિલ્મ રિલીજ થશે. ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આ ફિલ્મની સ્ટોરી હશે. એમાં જૂના કલાકારોની ટીમ નજર આવશે નહીં. ફક્ત સની દેઓલ જ હશે, જેના કારણે ફેન્સની નજર આ ફિલ્મ પર ટકેલી છે. સોનમ બાજવાએ હજુ હમણા જ રિલીજ થયેલી 'હાઉસફૂલ ૫'માં જોવા મળી છે.



### ગોલમાલ ૫ની સ્ક્રિપ્ટ નવા લેખકો લખી રહ્યા છે

# અજય અને રોહિત ફરી લાવશે 'ગોલમાલ'

અજય દેવગન અને રોહિત શેટ્ટીની જોડી સાથે મળે એટલે દર્શકોને એક બ્લોક બસ્ટર ફિલ્મની જ અપેક્ષા હોય છે. આ વર્ષોમાં તેમણે 'ઝમીન', 'ગોલમાલ', 'સંડે', 'ઓલ ધ બેસ્ટ', 'ગોલમાલ રીટર્ન્સ', 'ગોલમાલ ૩', 'સિંઘમ', 'બોલ બચ્ચન', 'સિંઘમ રીટર્ન્સ', 'સિમ્બા', 'ગોલમાલ અગેઈન', 'સૂર્યવંશી' અને 'સિંઘમ અગેઈન' સહીત તેમણે ૧૨થી વધારે ફિલ્મમાં સાથે કામ કર્યુ છે. ઈન્ડિયન સિનેમામાં આ જોડી એટલે બ્લોક બસ્ટર ફિલ્મના વચન જેવી છે. હવે તેઓ ૧૪મી વખત એક સાથે કામ કરી રહ્યા છે અને રોહિત શેટ્ટી ફરી એક વખત તેમની કોમેડી ફ્રેન્ચાઈઝી 'ગોલમાલ'ની પાંચમી ફિલ્મ સાથે આવશે.સુત્રોના જણાવ્યા અનુસાર, ''રોહિત શેટ્ટી હાલ જોહ્ન અબ્રાહમ સાથે રાકેશ મારીયાની બાયોપિક પર મુંબઈમાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું કામ સપ્ટેમ્બર ૨૦૨૫માં શરૂ થશે. તેની ઈચ્છા આ વર્ષના અંત સુધીમાં ફિલ્મનું એડિટનું કામ પણ પૂરું કરી લેશે. જેવું રાકેશ મારીયાની બાયોપિકનું કામ પૂરું થશે. પછી તરત જ ગોલમાલની તૈયારીઓ શરૂ થઈ જશે. આ ફેબ્રુઆરી કે માર્ચ ૨૦૨૬માં આ ફિલ્મનું કામ શરૂ થઈ જાય એવી શક્યતા છે. હાલ આ આ ફિલ્મની સ્ક્રિપ્ટનું કામ શરૂ થઈ ચૂક્યું છે.''સુત્રએ વધુમાં જણાવ્યું, ''ગોલમાલ ૫ની સ્ક્રિપ્ટ નવા લેખકો લખી રહ્યા છે, તે સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ફાઈનલ થઈ જશે. પછી માત્ર તેના ડાયલોગ અને આખરી ઓપ આપવાનું જ કામ બાકી રહેશે.'' મજાની વાત એ છે કે આ ફિલ્મમાં ફરી વખત અજય દેવગન, અર્શદ વારસી, તુષાર કપૂર, કુનાલ કેમુ, શ્રેયસ તળપદે અને જ્હોની લીવર ફરી જોવા મળશે. ઈન્ડિયન સિનેમામાં આ કોમેડી ફિલ્મની ફ્રેન્ચાઈઝી ઘણી લોકપ્રિય છે અને ૨૦૨૭ની શરૂઆતમાં જ ફિલ્મ રિલીઝ થઈ જાય એવી શક્યતા છે.




**૨૦૨૬માં રોહિત અર્શદ વારસી, તુષાર કપૂર, કુનાલ કેમુ, શ્રેયસ તળપદે અને જ્હોની લિવર સાથે રિલીઝ કરશે**



# પાણી પુરવઠાની સાઇટ પર ફસાયેલા ૨૪ નાગરિકોને પીપાવાવ કોસ્ટ ગાર્ડ દ્વારા રેસ્ક્યુ કરી વિકટર ગામની શાળા ખાતે સલામત રીતે ખસેડવામાં આવ્યા

## છ પૈકીના એક મુસાફર ઝાડ પર ચડી જતાં તેમને અમરેલી ફાયર ટીમ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યા



| અમરેલી, તા.૧૭ |

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો હતો. જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ અને વિકટર ગામ વચ્ચે પાણી પુરવઠાની સાઈટ પર ૨૪ નાગરિકો પાણીમાં ફસાયા હતા. આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયા અને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર તથા રાજુલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. પીપાવાવ અને વિકટર ગામની બાજુ પાણી પુરવઠાની સાઈટના સ્થળ પર પહોંચવાનો કાચો માર્ગ પાણીથી તરબોળ થયો હતો, આવી સ્થિતિમાં આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાએ પીપાવાવ કોસ્ટ ગાર્ડને જરુરી દિશાનિર્દેશો આપ્યા હતા.

અમરેલી જિલ્લાના પીપાવાવ કોસ્ટ ગાર્ડ અને પીપાવાવ કોસ્ટ ગાર્ડની ટીમ દ્વારા ત્રણ બોટમાં આ લોકોને રેસ્ક્યુ કરી વિકટર ગામની શાળા ખાતે સલામત રીતે ખસેડવામાં આવ્યા હતા. જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ફીફાદ ગામે ભારે વરસાદની સ્થિતિના પગલે પાણી ભરાયા હતા. સાવરકુંડલાના ફીફાદ ગામે ખાનગી બસમાં સવાર હતા તેવા છ મુસાફરો પાણીમાં ફસાયા હતા તેની જાણ સાવર-કુંડલા પ્રાંત અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને થતાં સમગ્ર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને રેસ્કયુ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ સ્થળ પર ફસાયેલા મુસાફરો સુધી પહોંચવા વહીવટી તંત્ર દ્વારા એકથી વધુ માર્ગે રેસ્ક્યુ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. રેસ્ક્યુ કરવા માટે અમરેલી જિલ્લાના માર્ગની સાથોસાથ ભાવનગર જિલ્લાના ગારિયાધારના માર્ગ તરફથી પણ રેસ્કયુ કામગીરી શરુ કરવામાં આવી હતી. બસની અંદર પાણી ભરાઈ જતાં મુસાફરો દ્વારા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન, જિલ્લા કંટ્રોલ રુમ અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ અમરેલી જિલ્લા કલેકટર શ્રી અજય દહિયાએ રાહત કમિશનર શ્રી આલોક પાંડેને આ સ્થિતિથી અવગત કર્યા હતા, તેમના દ્વારા દિશાનિર્દેશો થતાં જામનગર એરફોર્સનું હેલિકોપ્ટર ફીફાદ ખાતે મોકલવામાં આવ્યું હતું, આ દરમિયાન ગારિયાધારના માર્ગેથી આ છ મુસાફર પૈકીના પાંચ મુસાફરને રેસ્કયુ કરવામાં સફળતા મળી હતી. છ પૈકીના એક મુસાફર ઝાડ પર ચડી ગયો હતો.

# સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ થાવે જંકશન સુધી વિસ્તૃત

| અમદાવાદ, તા.૧૭ |

ઉત્તર પૂર્વ રેલવે ના ગોરખપુર સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોક ના કારણે, સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસને અસ્થાયી રૂપે થાવે જંકશન સુધી વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

૧૯ જૂનથી ૦૬ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ટ્રેન સંખ્યા ૧૯૪૦૯ સાબરમતી-થાવે જંકશન એક્સપ્રેસ સાબરમતીથી ૧૦.૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૬.૫૦ કલાકે ગોરખપુર પહોંચશે અને ૧૭.૦૦ કલાકે ઉપડીને ૨૦:૩૦ કલાકે થાવે જંકશન પહોંચશે. ૨૧ જૂન ૨૦૨૫ થી ૮ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ટ્રેન સંખ્યા ૧૯૪૧૦ થાવે જંકશન-સાબરમતી એક્સપ્રેસ થાવે જંકશન થી ૦૧.૦૦ કલાકે ઉપડશે અને ૦૪:૪૫ કલાકે ગોરખપુર પહોંચશે અને ૦૪.૫૫ કલાકે ઉપડીને બીજા દિવસે ૦૯.૫૫ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં ગોરખપુર-થાવે જંકશન વચ્ચે, આ ટ્રેન કપ્તાનગંજ, પડરૌના અને તમકુહી સ્ટેશનો પર રોકાશે.

ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદ ડિવિઝનમાંથી ચાલતી/પસાર થતી ૮ જોડી ટ્રેનો આગ્રા ફોર્ટ ને બદલે ઇદગાહ સ્ટેશન પર રોકાશે

| અમદાવાદ, તા.૧૭ |

ઉત્તર મધ્ય રેલવે દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ ટેકનિકલ કારણોસર,અમદાવાદ ડિવિઝનમાંથી ચાલતી/પસાર થતી ૮ જોડી ટ્રેનો બતાવેલ તારીખો થી આગળની સૂચના સુધી આગ્રા ફોર્ટ ને બદલે ઈદગાહ સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન સંખ્યા ૧૫૨૭૦ સાબરમતી-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ૦૨.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટના બદલે ઈદગાહ સ્ટેશન પર ૦૯.૩૦ કલાકે પહોંચશે અને ૦૯.૩૫ કલાકે ઉપડશે. તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૧૫૨૬૯ મુઝફ્ફર પુર-સાબરમતી એક્સપ્રેસ ૩૧.૦૭.૨૦૨૫ થી આગ્રા ફોર્ટ ના બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૬.૪૫ કલાકે પહોંચશે ૧૬.૫૦ કલાકે ઉપડશે.

૨. ટ્રેન સંખ્યા ૧૨૯૪૫ વેરાવળ-બનારસ એક્સપ્રેસ ૦૪.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટ ને બદલે ઈદગાહ સ્ટેશન પર ૦૪.૩૦ કલાકે પહોંચશે અને ૦૪.૩૫ કલાકે ઉપડશે. તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૧૨૯૪૬ બનારસ-વેરાવળ એક્સપ્રેસ ૦૬.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટ બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૭.૨૦ કલાકે પહોંચશે અને ૧૭.૩૦ કલાકે ઉપડશે.

૩. ટ્રેન સંખ્યા ૧૨૯૪૭ અમદાવાદ-પટના એક્સપ્રેસ ૩૦.૦૭.૨૦૨૫ થી આગ્રા ફોર્ટ ને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૨.૪૦ કલાકે પહોંચશે અને ૧૨.૫૦ કલાકે ઉપડશે. તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૧૨૯૪૮ પટના-અમદાવાદ એક્સપ્રેસ ૩૦.૦૭.૨૦૨૫ થી આગ્રા ફોર્ટ ને બદલે ઈદગાહ સ્ટેશન પર બપોરે ૧૨.૪૦ કલાકે પહોંચશે અને ૧૨.૪૫ કલાકે ઉપડશે.

૪. ટ્રેન સંખ્યા ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૦૧.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૨.૪૦ કલાકે પહોંચશે અને ૧૨.૫૦ કલાકે ઉપડશે. તેવી જ રીતે ટ્રેન નં. ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ ૦૪.૦૮.૨૦૨૫ થી આગરા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૨૩.૪૦ કલાકે પહોંચશે અને ૨૩.૪૫ કલાકે ઉપડશે.

૫. ટ્રેન સંખ્યા ૧૫૬૬૭ ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ ૦૨.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટ ને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૨.૪૦ કલાકે પહોંચશે અને ૧૨.૫૦ કલાકે ઉપડશે. તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૧૫૬૬૮ કામાખ્યા-ગાંધીધામ એક્સપ્રેસ ૩૦.૦૭.૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૨૩.૪૦ કલાકે પહોંચશે અને ૨૩.૪૫ કલાકે ઉપડશે.

૬. ટ્રેન સંખ્યા ૧૨૯૩૭ ગાંધીધામ-હાવડા એક્સપ્રેસ ૦૨.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૪.૫૦ કલાકે પહોંચશે અને ૧૫.૦૦ કલાકે ઉપડ્શે. તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૧૨૯૩૮ હાવડા-ગાંધીધામ એક્સપ્રેસ ૦૪.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૮.૧૦ કલાકે પહોંચશે અને ૧૮.૨૦ કલાકે ઉપડશે.

૭. ટ્રેન સંખ્યા ૧૨૯૪૧ ભાવનગર-આસનસોલ એક્સપ્રેસ ૦૫.૦૮.૨૦૨૫ થી આગ્રા ને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૪.૫૦ કલાકે પહોંચશે અને ૧૫.૦૦ કલાકે ઉપડ્શે. તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૧૨૯૪૨ આસનસોલ-ભાવનગર એક્સપ્રેસ ૩૧.૦૭.૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૨.૪૦ કલાકે પહોંચશે અને ૧૨.૪૫ કલાકે ઉપડશે.

૮. ટ્રેન સંખ્યા ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસ ૩૧.૦૭.૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૪.૫૦ કલાકે પહોંચશે અને ૧૫.૦૦ કલાકે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૨૨૯૭૦ બનારસ-ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૦૨.૦૮.૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૦૭.૩૫ કલાકે પહોંચશે અને ૦૭.૪૦ કલાકે ઉપડશે. ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ સુરતના શાહ દંપતિના નશ્વરદેહ પરિવારજનોને સોંપાયા



| સુરત, તા.૧૭ |

અમદાવાદ ખાતે થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોના પરિજનોના ડી.એન.એ. સેમ્પલ મેચ થયા બાદ નશ્વર દેહને તેમના પરિવારજનોને સોંપવાની કામગીરી ચાલી રહી છે.

રાજય સરકાર અને જિલ્લા વહીવટીતંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે નિયુકત અધિકારીઓ મૃતકના સ્વજનો સાથે મૃતદેહ લેવા માટે ગયા હતા. પ્રત્યેક મૃતદેહને લાવવા માટે એમ્બ્યુલન્સ, પોલીસની ગાડી તેમજ મૃતકના સ્વજનો માટે અલાયદી ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા સુરત શહેરના અડાજણ ખાતે રહેતા શાહ દંપતિ ડો. અમિતા શાહ અને ડો.હિતેશ શાહના ડ્ઢદ્ગછ સેમ્પલીંગ મેચ થતા અમદાવાદ સિવિલ થી એમ્બ્યુલન્સ મારફતે તેમના પાર્થિવ દેહને સાંજે ૫.૦૦ વાગે સુરત તેમના નિવાસ સ્થાને લાવવામાં આવ્યા હતા. ડી.એન.એ. સેમ્પલ મેચીંગ થી લઈને અંતિમ સંસ્કાર સુધીની પ્રક્રિયામાં જિલ્લા વહીવટીતંત્ર અને રાજય સરકારના અધિકારીઓ મૃતકોના પરિજનો સાથે સહાનુભૂતિપૂર્વક ખડેપગે રહ્યા હતા.

જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, પોલીસ જવાનો તથા પરિવારજનોએ દિવંગતોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ જહાંગીર પુરા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ખાતે અંતિમ સંસ્કાર કરાયા હતા.

# દેવગઢ બારીયા નગરપાલિકાના રાજકારણના નાટકમા નાગરિકો પરેશાન

(પ્રતિનિધી)

| દેવગઢ બારીઆ, તા.૧૭ |

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગરપાલિકા ની બીજી સામાન્ય સભા યોજવાની હતી પરંતુ સામાન્ય સભા મા પ્રમુખ સહિત ચાર સદસ્યો જ હાજર રહ્યા હતા બાકીના ગેરહાજર રહેતા કોરમ થયું ન હતું ઉલ્લેખનીય છે કે હાલ નગર પાલિકામાં ૨૪ સભ્યો (૧૩ ભાજપ ના છે તથા ૮ સભ્યો અપક્ષ ના છે અને ૩ કોંગ્રેસ ના છે જેમાં સભ્યો ગેર હાજર રહેતા વૈશાલીબેન નિનામા ચીફ ઓફીસર દે.બારિયા દ્વારા સભા મોકૂફ રાખી ૨ દિવસ પછી યોજવાનો નિર્ણય કર્યો નગર ના લોકમુખે જાણવા મળ્યું કે સદસ્ય વિક્કી બાલવાણી અને ઈજનેર પ્રશાંત ઝાલા વચ્ચે ટેન્ડર સંબંધિત દસ્તાવેજની માંગણીના મુદ્દે ઉગ્ર વાદ વિવાદ થયો હતો. ટેન્ડર જેમા પ્રમુખના કાકાનું નામ જોડાયેલું હતું, તે વિશે ની માહિતી માંગતા કર્મચારી દ્વારા અસભ્ય વર્તન થતાં, વાત તૂ-તૂ મેં-મેં સુધી પહોંચી હતી. અને આ વિવાદ વચ્ચે વાલ મેન દ્વારા શહેરના પાણીના વાલ્વ બંધ કરવામાં આવ્યાં. વીજળી પણ નહીં મળે એવું ઓડિયો વાયરલ થતાં, કેટલીક રાજકીય ઝઘડાઓની છાયા શહેરના વિકાસ ઉપર પડી રહી છે તેવું લાગી રહ્યું છે.બજાર શેરી અને સ્ટેશન શેરીના રોડના કામ પણ વિલંબિત થતા અને સર્કલ બજાર થી લઈ સ્ટેટ બેંક સુધી બનાવવા માં આવેલ રોડ નું કામ પૂરું થતાં પહેલાં ફરી તોડવાની નોબત આવી છે

શું નગરજનોના હિત કરતા રાજકારણ મોટું છે?

શું આવું જ નગરપાલિકા જ ઈચ્છી હતી.....

# ઝાલોદ પ્રાંત અધિકારી એ.કે.ભાટિયા દ્વારા વિશ્વ યોગ દિવસના આયોજન અર્થે તાલુકા સંકલન અધિકારી સાથે મીટીંગ યોજી

## ઝાલોદ તાલુકા કક્ષાનનો યોગ દિવસ બી.એમ.હાઈસ્કૂલ ખાતે યોજાશે

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ |

ઝાલોદ પ્રાંત કચેરી ખાતે આજરોજ ૧૭-૦૬-૨૦૨૫ મંગળવારના રોજ ૧૨ કલાકે પ્રાંત અધિકારી અજય ભાટીયાના અધ્યક્ષ સ્થાને અગ્યારમા વિશ્વ યોગ દિવસ નિમિત્તે તાલુકા સંકલન અધિકારીઓ સાથે વ્યવસ્થા ના ભાગ રૂપે એક મીટીંગ યોજાઈ હતી. આ મીટિંગમાં મામલતદાર, ટી.ડી.ઓ, ટી.એચ.ઓ, નગરપાલિકાના કર્મચારીઓ તેમજ સંકલનને લગતા અલગ અલગ વિભાગના લોકો ઉપસ્થિત રહેલ હતા.



અગ્યારમા વિશ્વ યોગ દિવસ નિમિતે સ્વસ્થ ગુજરાત મેદસ્વીતા મુક્ત ગુજરાતના થીમ અં-તર્ગત યોગના માધ્યમથી સ્વસ્થ જીવન શૈલી પ્રોત્સાહિત કરવા માટે ૨૧ જુનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. ઝાલોદ તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસ નગરપાલિકાના સહયોગથી બી.એમ.હાઈસ્કૂલ ખાતે ૨૧-૦૬-૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યાથી યોજાનાર છે તેના વ્યવસ્થાના ભાગરૂપે પ્રાંત અધિકારી દ્વારા અલગ અલગ સંકલનના કર્મચારીઓને વિવિધ સુચન આપેલ હતા.

# પાલીતાણા તાલુકાના ત્રણ ગામોમાંથી ૩૧ લોકોને રેસ્ક્યુ કરાયા

| ભાવનગર, તા.૧૭ |

ભાવનગર જિલ્લાના તાલુકાઓમાં ગઈકાલથી શરૂ થયેલા વરસાદમાં આઠથી બાર ઈંચ સુધી વરસાદ વરસી ચુક્યો છે ત્યારે ગઈકાલે રાત્રે પાલીતાણા તાલુકાના કુલ ત્રણ અલગ અલગ ગામોએ રેસ્ક્યુ કરવાની જરૂરિયાત ઊભી થયેલ હતી જેમાં કુલ ૩૧ જેટલા લોકોને તંત્ર દ્વારા સહી સલામત રેસ્કયુ કરવામાં આવ્યા હતા. જે અન્વયે સેંજળીયા ગામેથી કુલ ૧૯ લોકો, મોખડકા ગામેથી કુલ ૧૧ લોકો તેમજ આકોલાળી ગામેથી ૧ વ્યક્તિ એકદમ સલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવેલ હતા. આ રેસ્ક્યુ કામગીરીમાં સેંજળીયા ગામે મામલતદારશ્રી, મોખડકા ગામે તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ આકોલાળી ગામે પી.આઈ.શ્રી રૂરલ પો.સ્ટે. દ્વારા ઓપરેશન લીડ કરવામાં આવેલ હતું. આ કામગીરીમાં રેવન્યુ વિભાગ, પંચાયત વિભાગ, નગરપાલિકા તથા ફાયર વિભાગ, આગેવાનો, ગામ લોકો તથા ખાનગી વાહન માલિકશ્રીઓ રત્નાભાઈ વિગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમજ સૌથી મોટી ભૂમિકા સિંચાઈ વિભાગના શ્રી આશિષ ભાઈ બાલધીયા દ્વારા જરૂર જણાય ત્યાં ડેમના પાણીનું સ્તર ઘટાડીને કે દરવાજા બંધ કરીને પણ પાણીનો પ્રવાહ ઓછો કરવા માટે મહત્વપૂર્ણ પ્રયત્ન કરેલો હતો.

# વડોદરા જિલ્લામાં ખાનગી શાળાઓ છોડી સરકારી શિક્ષણ તરફ વધ્યો ટ્રેન્ડ

| અમદાવાદ, તા.૧૭ |

રાજ્યમાં સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં ઉત્તરોતર વધારો થતા અને માળખાકીય સુવિધાઓ વધતા શિક્ષણ ખુબજ સુલભ બન્યું છે. જેના કારણે વડોદરા જિલ્લામાં છેલ્લા ૬ શૈક્ષણિક વર્ષમાં કુલ ૭૨૧૧ વિધાર્થીઓએ ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળામાં પ્રવેશ મેળવતા ઉલટી ગંગા વહેવા જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. વડોદરા જિલ્લાની વાત કરીએ તો, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૭,૨૧૧ ધોરણ ૨ - ૮ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ ખાનગી શાળા માંથી સરકારી શાળામાં અભ્યાસ કરવાનું પસંદ કર્યું છે. જે પૈકી પાદરા તાલુકામાં વર્ષ ૨૦૧૯- ૨૦ થી ૨૦૨૪-૨૫ સુધીમાં જિલ્લાભરમાં સૌથી વધુ ૧,૭૫૪ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં વાપસી કરી છે. તાલુકા વાર જોઈએ તો, અત્યાર સુધીમાં પાદરામાં ૧૭૫૪, ડભોઈમાં ૧૦૫૬, ડેસરમાં ૪૨૩, કરજણમાં ૧૦૫૯, સાવલીમાં ૧૦૯૧, શિનોરમાં ૩૫૨, વડોદરામાં ૭૯૫ અને વાઘોડિયામાં ૬૮૧ આમ કુલ ૭,૨૧૧ વાલીઓએ પોતાના બાળકોને સરકારી શાળામાં પ્રવેશ અપાવતા તેમની રાજ્યની સરકારી શાળાઓ પ્રત્યે પોતાની વિશ્વસનીયતા વધી હોવાનું દર્શાવી રહ્યું છે. સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા માં સુધારો, લાયક અને અનુભવી શિક્ષકોની ઉપલબ્ધિ, આધુનિક સુવિધાઓનો વિકાસ, અને ખાસ કરીને નહીંવત ફી અથવા નિ:શુલ્ક શિક્ષણ જેવી બાબતો વાલીઓને સરકારી શાળાઓ તરફ આકર્ષી રહી છે. બીજી તરફ રાજ્યમાં સરકારી શાળાઓની સુવિધાસભર ઈમારતો, ડિજિટલ ક્લાસરૂમ, લાઈબ્રેરી, પ્રાયોગિક લેબ, રમતગમતની સુવિધાઓ અને બાળકોને હૂંફ મળે તેવું વાતાવરણ મળતા બાળકો ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટ્યો છે.

# વાપીની સાંદ્રા શ્રોફ નર્સિંગ કોલેજમાં યોગ પ્રોટોકોલ પ્રેક્ટિસ શિબિરનું આયોજન

| વલસાડ, તા.૧૭ |

આગામી ૨૧ જૂન ૨૦૨૫ નાં રોજ ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનાં ભાગરૂપે વાપીની સાંદ્રા શ્રોફ નર્સિંગ કોલેજમાં એક કોમન યોગ પ્રોટોકોલ પ્રેક્ટિસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાત રાજ્ય યોગબોર્ડના ચેરમેન, યોગસેવક શીશપાલ રાજપૂતનાં નેતૃત્વમાં અને વલસાડ જિલ્લાના યોગ કો-ઓર્ડીનેટર પ્રિતીબેન વૈષ્ણવ દ્વારા શિબિરનું પૂર્ણ સંચાલન કરીને ૭૦ નર્સિંગ વિદ્યાર્થીનીઓને



યોગા, પ્રાણાયામ અને ધ્યાન કરાવી તેના દ્વારા થતા અદભૂત ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કદાચ બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે બ્લ્ડ પ્રેશરના દર્દીઓ લોહીનું દબાણ વધ-ઘટના થાય તેવું ભોજન જેમાં કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નહિવત હોય તેનેજ આરોગવું આનાથી તમને વધુ રાહત થશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ એ ખાસ સંભાળ રાખવાની જરૂર છે. ઘરમાં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. નવા ગ્રાહકો સાથે વાટાઘાટો ચલાવવા માટે અદભુત દિવસ.

**સિંહ (મ,ટ) :**
આજે તમે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમને ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે. તમારે તમારા પ્રેમી પર શંકા ન કરવી જોઈએ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે-પણ મિત્રોની સંગત તમને ખુશખુશાલ અને આરામદાયક મિજાજમાં રાખશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે જો તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લઈ શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. તમે તમારૂં કામ સારી રીતે કર્યું છે-અને હવે તમારી સામે આવતા લાભને એકઠા કરવાનો સમય આવી ગયો છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લઈ શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિક પણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ?

## કેનેડામાં ભારતીય બિઝનેસમેન પાસે ખંડણી ઉઘરાવતી ગેંગ પકડાઈ

। (એજન્સી) કેનેડા, તા.૧૭ ।

વિદેશમાં વસતા ભારતીયો બહુ શિસ્તબદ્ધ રીતે જીવતા હોય છે અને ખૂબ સારી આર્થિક સ્થિતિ ધરાવતા હોય છે, એવી એક માન્યતા છે. જો કે, પીળું હોય એ બધું સોનું નથી હોતું એ ન્યાયે વિદેશમાં વસી ગયેલા ભારતીયો પણ અવળા ધંધામાં લાગેલા હોય, એવું બને છે. તાજેતરમાં સામે આવેલા એક ચોંકાવનારા કિસ્સાએ આ બાબત સાબિત કરી છે. કેનેડાના 'પીલ' અને 'ગ્રેટર ટોરોન્ટો એરિયા' માં ભારતીય બિઝનેસમેનને લક્ષ્ય બનાવીને ખંડણી ઉઘરાવવાના અને વીમા કૌભાંડ કરવાના અનેક ગુના બન્યા છે, જેમાં ભારતીયો જ સંડોવાયેલા હોવાનું માલુમ પડ્યું છે. કેનેડાની પોલીસે તાજેતરમાં ૧૮ ગુનેગારોની ધરપકડ કરીને એમની સામે ૧૦૦ જેટલા આરોપો લગાડ્યા છે. ઝડપથી નાણાં રળવાની લાયમાં ઊંધે પાટે ચઢી ગયેલી આ ટોળકી સમૃદ્ધ ભારતીય બિઝનેસમેનને લક્ષ્ય બનાવવાની યોજના ઘડતી હતી. ભારતીય મૂળના બે યુવાનો પરિતોષ ચોપરા અને ઈન્દ્રજીત ધામી 'હમ્બલ રોડસાઈડ' અને 'સર્ટિફાઈડ રોડસાઈડ' નામની ટૉઈંગ કંપની ચલાવતા હતા અને કંપનીના કામની આડમાં ગોરખધંધા કરતા હતા. આ કામમાં તેમના બીજા ૧૬ સાથીદાર હતા. આ તમામ પર ખોટી રીતે વાહનો ટૉ કરવા, ડ્રાઈવરોને ધાકધમકી આપવી, વાહનોનો વીમો પકવવા બનાવટી અકસ્માતો કરાવવા, ચાલુ વાહને બંદૂક ચલાવવા, આગ લગાડવી જેવા ૧૦૦ આરોપો લગાડવામાં આવ્યા છે. આ ગેંગ કેનેડાના બ્રેમ્પટન શહેરની છે. એકાદ ડઝન નકલી અકસ્માત કરાવીને આ ગેંગે કુલ ૧ મિલિયન કેનેડિયન ડોલર (૬.૩ કરોડ રૂપિયા) જેટલી રકમની છેતરપિંડી વીમા કંપનીઓ સાથે કરી હતી. જુલાઈ ૨૦૨૪માં તેમની વિરુદ્ધ પોલીસ તપાસ શરૂ કરાઈ હતી અને ૧૦ જૂનના રોજ ગુનેગારોની ધરપકડ કરાઈ હતી. પોલીસે ગુનેગારોની ૪.૨ મિલિયન ડોલરથી વધુની સંપત્તિ જપ્ત કરી હતી, જેમાં ૨.૮ મિલિયન ડોલરની કિંમતના ૧૮ નંગ ટૉ ટ્રક, ૪ મોંઘા વ્યક્તિગત વપરાશ માટેના વાહનો, ૫ ચોરાયેલી કાર, ૬ બંદૂક, ૫૮૬ ગોળી, ૨ બુલેટપ્રૂફ જેકેટ અને અન્ય શસ્ત્રોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટને 'પ્રોજેક્ટ આઉટસોર્સ' નામ અપાયું હતું. ગુનેગારો પૈકીના મોટાભાગના ભારતીયો : 'પ્રોજેક્ટ આઉટસોર્સ' અંતર્ગત ધરપકડ કરાયેલા લોકોમાં 'કિંગ સિટી'ના ૩૭ વર્ષના મહિલા આરોપી 'હાલેહ જાવડી તોરાબી' સિવાય બાકીના તમામ બ્રેમ્પટનના રહેવાસી છે. આ લોકોમાં ઈન્દ્રજીત ધામી (ઉં. ૩૮), પરિતોષ ચોપરા (૩૨), ગુરબિંદર સિંહ (૨૮), કુલવિંદર પુરી (૨૫), પરમિન્દર પુરી (૩૧), ઈન્દ્રજીત બાલ (૨૯), વરુણ ઓલ (૩૧) , કેતન ચોપરા (૩૦), નોર્મન તાઝેહકાંડ (૩૨), પવનદીપ સિંહ (૨૫).

### ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ સતત વધુ ભીષણ થઈ રહ્યું છે

## અમે ઈઝરાયેલ પર અણુ હુમલો કરવાનું કહ્યું જ નથી : પાક.નો મોટો ખુલાસો

। (એજન્સી) તહેરાન, તા.૧૭ ।

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ સતત વધુ ભીષણ થઈ રહ્યું છે. ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલાની ભીતિ સેવાઈ રહી છે ત્યારે ઈરાને દાવો કર્યો હતો કે, ઈરાન પર અણુ હુમલો થશે તો વળતા જવાબમાં પાકિસ્તાન દ્વારા ઈઝરાયેલ પર અણુ હુમલો કરવામાં આવશે. ઈરાનના આ દાવાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચાવી દીધો હતો. હંમેશા પીઠ પાછળ વાર કરવા ટેવાયેલું પાકિસ્તાન પણ ઈરાનના આ દાવાથી ફફડી ઊઠ્યું હતું. પાકિસ્તાને ઈરાનના દાવાને નકારી આ યુદ્ધમાં ઝૂકાવવા ઈનકાર કર્યો હતો.



ઈરાનીયન ટીવી પર ઈરાનની સીક્યુરિટી કાઉન્સિલના સભ્ય અને ઈસ્લામિક રીવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના જનરલ મોહસીન રેઝીએ દાવો કર્યો હતો કે, પાકિસ્તાન અને ઈરાનનો ભાઈચારો મજબૂત છે. ઈઝરાયેલ સામે મુસ્લિમ જગતે એક જૂથ થવાની જરૂર છે. ઈઝરાયેલ દ્વારા ઈરાન પર અણુ બોમ્બ ઝીંકવામાં આવે તો તેનો વળતો જવાબ પાકિસ્તાન આપશે અને ઈઝરાયેલ પર પાકિસ્તાન અણુ હુમલો કરશે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ઈરાનના આ દાવાને નકારી કાઢ્યો હતો.ખ્વાજાએ સ્પષ્ટતા કરી હતી કે, અમારી ન્યૂક્લીયર ક્ષમતાનો હેતુ અમારા દેશનું રક્ષણ કરવાનો છે અને અમારા લોકોને લાભ કરાવવાનો છે. અમારા પડોશી દેશોમાં વિનાશ વેરવાની અમારી નીતિ નથી, પરંતુ હાલના દિવસોમાં ઈઝરાયેલ પડોશી દેશમાં વિનાશ વેરી રહ્યું છે. આસિફે આ ખુલાસો કર્યો તેના થોડા સમય પહેલા પાકિસ્તાને વૈશ્વિક સમુદાયને અપીલ કરીને ઈઝરાયેલની અણુ ધમકીઓ ખાળવા જણાવ્યુ હતું.

### દૈનિક ઓછામાં ઓછા ૩૦૦૦ લોકોની ધરપકડ કરાશે

## ડોનાલ્ડ ટ્રમ્પનો ઈતિહાસના સૌથી મોટા ડીપોર્ટેશનનો આદેશ

### લોસ એન્જેલસ, શિકાગો અને ન્યૂયોર્ક જેવા મોટા શહેરોમાં કરોડો લોકો ગેરકાયદે ઘૂસ્યા છે, તેમને હાંકવા જ પડશેઃ ટ્રમ્પ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે વસાહતીઓને દેશનિકાલ કરવા હાથ ધરેલી કાર્યવાહીનો વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. અમેરિકામાં ઠેર-ઠેર હિંસક રમખાણો અને પ્રદર્શનો બાદ પણ ટ્રમ્પ નવી ઈમિગ્રેશન નીતિને ઢીલી બનાવવા તૈયાર નથી. તેમણે ડેમોક્રેટિસ શાસિત શહેરોમાં ડીપોર્ટેશનની કાર્યવાહીને સઘન તથા ઝડપી બનાવવા માટે તંત્રને સૂચના આપી છે. ટ્રમ્પે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ (ICE) અધિકારીઓને



આદેશ આપ્યો હતો. જેમાં ઈતિહાસની સૌથી મોટી ડીપોર્ટેશન કાર્યવાહી માટે સત્તાનો મહત્તમ ઉપયોગ કરવા જણાવાયુ હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ગેરકાયદે વસાહતીઓને દેશનિકાલ કરવાનું ધ્યેય હાસલ કરવા માટે ICE અધિકારીઓએ કોઈ કચાશ રાખવી નહીં.લોસ એન્જેલસ, શિકાગો અને ન્યૂયોર્ક જેવા અમેરિકાના સૌથી મોટા શહેરોમાં કરોડો ગેરકાયદે વસાહતીઓ છે. તેમને ડીટેઈન કરી ડીપોર્ટ કરવાની કાર્યવાહી વધુ વ્યાપક બનાવવાની છે. વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલરે અગાઉ જણાવ્યું હતું કે, ICE અદિકારીઓ દ્વારા દૈનિક ઓછામાં ઓછા ૩૦૦૦ લોકોની ધરપકડ કરવામાં આવશે.



નવી દિલ્હીમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી.

## ભોજન માટે કતારમાં ઊભા હતા અને ગોળીબાર થયો

। ઈઝરાયલ, તા.૧૭ ।

ગાઝા પટ્ટીના દક્ષિણ શહેર ખાન યુનિસમાં ઈઝરાયલની ટેક્રો દ્વારા અંધાધૂધ ગોળીબાર કરાતાં ૪૫ પેલેન્સ્ટાઈન નાગરિકોના મોત થયા છે. સેકડો ઘાયલ થયા છે. આ દાવો હમાસ દ્વારા સંચાલિત ગાઝા સ્વાસ્થ્ય મંત્રાલયે કર્યો હતો. મંત્રાલયના જણાવ્યા અનુસાર, અલ-તહલિયા ચાર રસ્તા પર લોકો ભોજન સેવા આપવા આવતી ટ્રકોની રાહ જોઈ રહ્યા હતાં. ત્યાં અચાનક ઈઝરાયલની ટેક્રો દ્વારા અંધાધૂધ ગોળીબાર થતાં લોકો માર્યા ગયા હતા. મૃતકોની સંખ્યા વધવાની આશંકા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતુ કે, ઈઝરાયલની ટેક્રોએ ખાન યુનિસમાં રસ્તા પર ઉભેલી ભીડ પર અંધાધૂધ ગોળીબાર કર્યો હતો. જ્યાં હજારો લોકો ભોજન અને અન્ય આવશ્યક સામગ્રીની સહાય આપવા આવતી ટ્રકોની રાહ જોઈ રહ્યા હતા. આ હુમલામાં અનેક લોકો ગંભીર રૂપે ઘવાયા હતા. તેમને નાસર હોસ્પિટલ અને અન્ય ચિકિત્સા કેન્દ્રોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આતંરરાષ્ટ્રીય સમુદાય પાસે તાત્કાલિક ધોરણે સહાયતાની અપીલ કરી છે. કારણકે, ઈમરજન્સી, અને જટિલ ઓપરેશનની જરૂરિયાત વધી છે.

## મહારાષ્ટ્રના મુંબઈમાં મુશળધાર વરસાદથી જનજીવન પ્રભાવિત થયું : ઓરેન્જ એલર્ટ

### જોગેશ્વરી (પૂર્વ)માં એક નિર્માણાધીન ઇમારતની દિવાલ ધરાશાયી થતાં પસાર થઈ રહેલી બે મહિલાઓ ઘાયલ, અન્ય વિસ્તારોમાં રસ્તાઓ પાણીથી ભરાયા

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

કેરળ, દિલ્હી અને ગુજરાત સહિત ભારતના અનેક ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન સોમવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે મહારાષ્ટ્રના મુંબઈ સહિત ઘણા ભાગોમાં ભારે વરસાદ નોંધાયો હતો. ૨૪ કલાકમાં મુંબઈમાં સરેરાશ ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જેમાં પશ્ચિમ ઉપનગરોમાં આવેલા નારિયાલવાડી વિસ્તારમાં સૌથી વધુ ૯૩ મીમી પડ્યો હતો. જોગેશ્વરી (પૂર્વ)માં એક નિર્માણાધીન ઈમારતની



દિવાલ ધરાશાયી થતાં પસાર થઈ રહેલી બે મહિલાઓ ઘાયલ, અન્ય વિસ્તારોમાં રસ્તાઓ પાણીથી ભરાયા દિવાલ પડવા અને ઝાડ પડવાની ઘટનાઓમાં ત્રણ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. પાણી ભરાવાને કારણે લોકલ ટ્રેન અને મેટ્રો રેલ સર્વિસ થોડા સમય માટે ખોરવાઈ હતી તેમજ ખરાબ હવામાનને કારણે વિમાની સેવાને પણ અસર થઈ હતી. જોગેશ્વરી (પૂર્વ)માં એક નિર્માણાધીન ઈમારતની દિવાલ ધરાશાયી થતાં પસાર થઈ રહેલી બે મહિલાઓ ઘાયલ થઈ હતી. પવઈ, અંધેરી, કુર્લા, ચેમ્બુર અને મલાડ જેવા વિસ્તારોમાં રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા.

### ફરિયાદીને સપ્ટેમ્બર, ૨૦૨૪માં દુબઈ મોકલવામાં આવ્યો હતો

## 'ડંકી' એજન્ટોના કારણે ભારતીય પાસપોર્ટનું અવમૂલ્યનઃ સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

અમેરિકા અને યુકે જેવા દેશમાં ભારતીયોને ગેરકાયદે ઘૂસાડવાનો ગોરખધંધો દેશના અનેક વિસ્તારોમાં પથરાયેલો છે. 'ડંકી' રૂટથી ભારતીયોને વિદેશમાં ધકેલનારી ટોળકીઓના કારણે ભારતીય પાસપોર્ટનું અવમૂલ્યન થઈ રહ્યું હોવાનું સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું. 'ડંકી' રૂટથી ભારતીયોને ગેરકાયદે વિદેશ મોકલવાનું કૌભાંડ આચરતી ટોળકીના એજન્ટે રૂ.૪૩ લાખ પડાવ્યા હોવાના મામલે હરિયાણામાં ગુનો નોંધાયો હતો. આ કેસમાં ધરપકડથી બચવા આરોપીએ જામીન લેવા



પ્રયાસ કર્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટ સુધી તેને આગોતરા જામીન મળ્યા ન હોતા. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ઉજ્જલ ભુયાન અને મનમોહનની બેન્ચે આ કેસની સુનાવણી દરમિયાન ઠરાવ્યું હતું કે, આરોપી ઓમપ્રકાશ સામેના આરોપો અતિ ગંભીર છે. આ પ્રકારના લોકોના કારણે ભારતીય પાસપોર્ટનું અવમૂલ્યન થઈ રહ્યું છે. કેસની વિગતો મુજબ, ઓમપ્રકાશે રૂ.૪૩ લાખમાં ફરિયાદીને કાયદેસર રીતે યુએસ મોકલવાની ખાતરી આપી હતી. જેના ભાગરૂપે ફરિયાદીને સપ્ટેમ્બર, ૨૦૨૪માં દુબઈ મોકલવામાં આવ્યો હતો. દુબઈમાંથી તેને વિવિધ દેશોમાં ફેરવી પનામાના જંગલોમાં લઈ જવાયો હતો. બાદમાં મેક્સિકોમાં ઘૂસાડી દેવાયો હતો. ત્યાંથી ઓમપ્રકાશની ટોળકીએ તેને અમેરિકાની સરહદમાં ઘૂસાડ્યો હતો, પરંતુ બાદમાં તેને પોલીસે પકડી લીધો હતો.

## લોકો ભોજન લેવા લાઈનમાં ઉભા હતા, અચાનક ગોળીબાર થયો

### ગાઝાના સહાય કેન્દ્રોપર ઈઝરાયલના સતત હુમલા

। (એજન્સી) ગાઝા, તા.૧૭ ।

ઈઝરાયલી સેના ઈરાનની સાથે સાથે ગાઝા પર ભયાનક હુમલાઓ કરી રહી છે. ગાઝામાં અવારનવાર ભોજન વિતરણ કેન્દ્ર પર હુમલા થતા રહે છે, ત્યારે ફરી આવી ઘટના બની છે. ગાઝા પટ્ટીના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, 'ઉત્તર ગાઝાના એક વિસ્તારમાં હજારો લોકો ભોજન વિતરણ કેન્દ્ર પાસે ખાણી-પીણી લેવા માટે એકઠા થાય હતા, જ્યાં આડેધડ ગોળીબાર થયો છે, જેમાં ઓછામાંઓછા ૩૮ પેલેસ્ટાઈની ઓના મોત અને ૭૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મંત્રાલયે કહ્યું કે, 'ભોજન કેન્દ્ર પાસે હજારો લોકો લાઈનમાં ઉભા હતા. આ દરમિયાન અચાનક આડેધડ ગોળીબાર થયો છે. મૃતકોમાં અનેક મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. ઈઝરાયેલના હુમલાના કારણે ગાઝામાં માત્ર કેટલીક હોસ્પિટલો જ બચી છે, જ્યાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા છે. હોસ્પિટલમાં સાધન સામગ્રીની પણ અછત છે. ઉલ્લેખનીય છે



કે, ગાઝામાં ગંભીર માનવીય સંકટ ઉભી થયું છે. ઈઝરાય અને હમાસના યુદ્ધના કારણે અહીં ખાદ્ય સામગ્રી, દવાઓ અને વીજળીની અછત વર્તાઈ છે. સંયુક્ત રાષ્ટ્રએ અગાઉ ચેતવણી આપી છે કે, જો ગાઝામાં રાહત સામગ્રી નહીં પહોંચે તો લોકો ભૂખમરો અને બિમારીના કારણે અનેક લોકોના મોત થઈ શકે છે. બીજીતરફ ગાઝાના સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ કહ્યું કે, ઈઝરાયલ ગઈકાલે ગાઝામાં ભયાનક હુમલો કર્યો હતો, જેમાં ૧૬ લોકોના મોત અને ૧૨૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હમાસ સાથે ઈઝરાયેલના યુદ્ધને ૨૦ મહિના થયા છે. હવે તેણે હમાસના સમર્થક ઈરાનને નિશાન બનાવી હુમલા કર્યા છે.

### પહેલગામનો હુમલો ફંડ કે નેટવર્ક વગર શક્ય બની શકે નહીં

## આતંકી સમર્થક પાકિસ્તાનને ફરીથી 'ગ્રે લિસ્ટ'માં નાખી દેવા તખ્તો તૈયાર

### પાકિસ્તાનને પહેલીવાર ૨૦૦૮માં એફએટીએફના ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવ્યું હતું, ત્યાર પછી ૨૦૧૦માં હટાવવામાં આવ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

પહેલગામ આતંકવાદી હુમલા પછી વિશ્વભરમાં પાકિસ્તાનનો આંતકી ચહેરો ખુલ્લો પડી ગયો છે. પાકિસ્તાનને ફરી એક વાર ગ્રે લિસ્ટમાં નાંખવાની માંગ કરવામાં આવી રહી છે. આ દરમિયાન વૈશ્વિક આતંકી ફન્ડિંગ પર દેખરેખ રાખતી સંસ્થા ફાઈનાનન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ(એફએટીએફ) એ ૨૨મી એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલાની આકરા શબ્દોમાં ટીકા કરી છે. આ હુમલામાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી હતી. સોમવારે જાહેર કરેલા એક નિવેદનમાં એફએટીએફે કહ્યું કે, આવો હુમલો ફંડ કે નેટવર્ક વગર શક્ય બની શકે નહીં. આમ, એફએટીએફે આ નિવેદન સીધી રીતે પાકિસ્તાન પર તાક્યું છે. એફએટીએફે એ પણ સ્પષ્ટ કર્યું કે હવે અમે સભ્ય દેશો દ્વારા આતંકવાદને કરાતા ફન્ડિંગને રોકવા માટે ઉઠાવેલા નક્કર અને પ્રભાવી



પગલાં પર વધુ ધ્યાન આપી રહ્યા છીએ. આ નિવેદન આવે સમયે સામે આવ્યું છે, જ્યારે ભારતે પાકિસ્તાન તરફથી સતત આતંકવાદને સમર્થન અને ફન્ડિંગ આપવાના પુરાવા આપ્યા છે. સૂત્રોના કહેવા મુજબ, ભારત હવે પાકિસ્તાનને ફરીથી એફએટીએફના ગ્રે લિસ્ટમાં નાંખવાની પ્રક્રિયા શરુ કરવાનું છે. ભારત ઓગષ્ટ મહિનામાં યોજાનારી એશિયા પેસિફિક જૂથની બેઠકમાં અને ૨૦મી ઓક્ટોબરે યોજાનારી એફએટીએફની પૂર્ણ બેઠકથી પહેલા પાકિસ્તાનની સામે એક વિસ્તૃત ડોઝિયર તૈયાર કરી રહ્યું છે. પાકિસ્તાનને પહેલીવાર ૨૦૦૮માં એફએટીએફના ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવ્યું હતું. પછી ૨૦૧૦માં હટાવવામાં આવ્યું હતું અને ૨૦૧૨માં ફરીથી મૂકવામાં આવ્યું હતું. ૨૦૧૫માં પાકિસ્તાનને બહાર કરવામાં આવ્યું અને ૨૦૧૮માં ફરીથી ગ્રે લિસ્ટમાં નાંખવામાં આવ્યું હતું. ઓક્ટોબર ૨૦૨૨માં એફએટીએફે બહાર કર્યુ, પરંતુ સુધારા ચાલુ રાખવા માટે પાકિસ્તાનને સૂચના આપી હતી. પરંતુ હકીકત, એ છે કે પાકિસ્તાન સમયાંતરે આતંકવાદી સામેલ હોવાના પુરાવા મળતા રહ્યા છે.

## ઈરાનમાં ફસાયેલાં ૧૫૦૦ જેટલા ભારતીય વિદ્યાર્થીઓ આર્મેનિયાના રસ્તે પરત ફરશે

### સરહદો ખુલ્લી છે, વિદેશી નાગરિકો જઈ શકે છેઃ ઇરાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ઈઝરાયેલ સાથે સતત ચોથા દિવસે ચાલી રહેલી લડાઈની વચ્ચે ઈરાને સોમવારે વિદેશી નાગરિકોને દેશ છોડવાની મંજૂરી આપી દીધી છે. આ દરમિયાન ભારતે પોતાના વિદ્યાર્થીઓને ઈરાનમાંથી બહાર કાઢવા માટે આર્મેનિયાના રાજદૂતની સાથે વાતચીત કરી છે.

વિશ્વસનીય સૂત્રોના કહેવા મુજબ ભારતીય વિદ્યાર્થીઓને આર્મેનિયા બોર્ડર પર નોરદુજ ચોકીથી બસો દ્વારા બહાર કાઢવામાં આવશે. ઈરાનમાં ૧૫૦૦ વિદ્યાર્થી સહિત ૧૦ હજાર ભારતીય ફસાયેલા છે. ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે વર્તમાન હાલતમાં દેશના એરપોર્ટ ભલે બંધ છે, પરંતુ જમીની સરહદો ખુલ્લી છે. વિદેશી નાગરિકોને ઈરાન છોડતા પહેલા રાજદ્વારી મિશનો દ્વારા ઈરાનના જનરલ પ્રોટોકોલ વિભાગને પોતાનું નામ, પાસપોર્ટ નંબર, ગાડીની વિગત, દેશમાંથી નિકળવાનો સમય અને જે બોર્ડરથી જવા ઈચ્છે છે, તેની જાણકારી પહેલા આપવી પડશે. ઈરાનના અલગ-અલગ શહેરોમાંથી ભારતીય વિદ્યાર્થીઓ આર્મેનિયાથી અડીને આવેલી નોરદુજ બોર્ડર પર પહોંચશે. અહીંથી વિદ્યાર્થીઓને બસ દ્વારા આર્મેનિયાના યેરવન એરપોર્ટ લઈ જવાશે. ત્યાર પછી આ વિદ્યાર્થીઓને વિમાન દ્વારા ભારત લાવવામાં આવશે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન
નં. ED/G/838/1 (CMP) તારીખ: 17.06.2025
વોક-ઈન-ઈન્ટરવ્યુ રદ
અમદાવાદ ડિવિઝન (WR) માં પૂર્ણ-સમયના ધોરણે કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટિશનર્સ (CMPs) (જનરલ ડ્યુટી મેડિકલ ઓફિસર) ની નવી નિમણૂક.
અમદાવાદ ડિવિઝનમાં પૂર્ણ-સમયના ધોરણે કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટિશનર્સ (CMPs / જનરલ ડ્યુટી મેડિકલ ઓફિસર) ની નવી ભરતી માટેની સૂચના, જેના માટે 19.06.2025 (ગુરુવાર) ના રોજ સવારે 09.30 વાગ્યે અમદાવાદ ખાતે ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસના બોર્ડ રૂમમાં વોક-ઈન-ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું, **તે હવે રદ કરવામાં આવ્યુ છે.**
080
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સૌરાષ્ટ્રમાં મેઘરાજા મહેરબાન

# શેત્રુંજી ડેમ છલોછલ, અમરેલીના ૫ ડેમ પણ ઓવરફ્લો થયા

## સૌથી વધુ ગઢડામાં ૧૪ ઇંચ, પાલીતાણામાં ૧૨ ઇંચ, સિહોરમાં ૧૧.૬ ઇંચ, બોટાદમાં ૧૧ ઇંચ, ઉમરાળામાં ૧૦.૪ ઇંચ, જેસરમાં ૧૧ ઈંચ, મહુવામાં ૯ ઈંચ અને રાજુલામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો



। અમદાવાદ, તા.૧૭ ।

છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ઉકળાટ અને બફારા થતાં વરસાદના આગમનની રાહ જોવામાં આવી રહી હતી. ત્યારે ગુજરાતમાં ચોમાસાનું ધમાકેદાર આગમન થયું છે. ગત મોડી રાત્રે ૨થી ૪ વાગ્યા સુધીના બે કલાકમાં બોટાદમાં ૪ ઈંચ નોંધાયો છે, જ્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૧ તાલુકામાં ધોધમાર વરસાદ પડી ચૂક્યો છે. આ પૈકીસૌથીવધુગઢડામાં૧૪ઈંચ, પાલીતાણામાં ૧૨ ઈંચ, સિહોરમાં ૧૧.૬ ઈંચ, બોટાદમાં ૧૧ ઈંચ, ઉમરાળામાં ૧૦.૪ ઈંચ, જેસરમાં ૧૧ ઈંચ, મહુવામાં ૯ ઈંચ અને રાજુલામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

સૌરાષ્ટ્ર પંથકમાં ભારે વરસાદના પગલે ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ આજે (૧૭ જૂન) બપોરે ૧ કલાકે ૧૦૦% ભરાઈ ગયો હતો. શેત્રુંજી ડેમ ૧૦૦% ભરાતા પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાંને એલર્ટ કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ અમરેલીના ૫ ડેમ થયા ઓવરફ્લો થયા છે. ધાતરવાડી ડેમના તમામ ૧૬ દરવાજા ત્રણ-ત્રણ ફૂટ સુધી ખોલવાની ફરજ પડી હતી. પાણી છોડતા પહેલા સાયરન વગાડીને નીચાણવાળા અને નદી કાંઠાના અનેક ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. આ સિઝનના પ્રથમ ભારે વરસાદમાં જ ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી છે. ભાવનગરમાં છેલ્લાં બે દિવસથી અતિભારે વરસાદ જોવા મળી રહ્યો છે. મેઘ મહેરના કારણે નદીઓમાં નવા નીરની આવક થઈ છે. આ સિવાય મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયાની માહિતી પણ સામે આવી હતી. ભારે વરસાદને લઈને હવે શાળાઓને લઈને મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. અતિભારે વરસાદ અને હવામાન વિભાગના રેડ એલર્ટને ધ્યાને લઈને બુધવારે (૧૮ જૂન) શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

ભાવનગરના જિલ્લા કલેક્ટકર ડૉ. મનીષ બંસલે માહિતી આપી કે, ભાવનગરમાં અતિશય વરસાદના લીધે કાલે એટલે કે, ૧૮ જૂન ૨૦૨૫ના દિવસે તમામ શાળાઓમાં (જેમાં પ્રિ-પ્રાઈમરીથી લઈને ધોરણ ૧૨ સુધીનો સમાવેશ થાય છે) રજા જાહેર કરવામાં આવે છે. શિક્ષણ જગત સાથે સંકળાયેલા લોકોને અપીલ છે કે, આવતી કાલે તમામ શાળા બંધ રાખવામાં આવશે. આ નિર્દેશ ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ તમામ શાળાઓને લાગુ પડશે. ભાવનગર જિલ્લામાં ભારે વરસાદે તારાજી સર્જી છે. ભૂતિયા ગામ નજીક ભૂતિયા અને શેત્રુંજી ડેમને જોડતો કોઝવે તૂટી ગયો. ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજીની જૂની પાઈપલાઈન પણ તૂટી હોવાના અહેવાલ મળી રહ્યા છે. ભાવનગરના વલ્લભીપુર તાલુકાની ઘેલો નદીમાં ઘોડાપૂર આવતા નદીના પાણી આસપાસના ગામડાઓમાં ઘૂસી ગયા હતા. જેના કારણે નવાગામ, લોલિયાના, હાલિયાદ અને ખેતાટીંબી સહિતના ગામડાઓનો તાલુકા સાથેનો સંપર્ક તૂટ્યો છે. નવા નીર આવવાથી નદીની આસપાસના ગામડાઓને એલર્ટ કરી દેવાયા છે. અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ થતાં રોડ-રસ્તા, ખેતરો બેટમાં ફેરવાયા હોવાના દ્રશ્યો જોવા મળ્યા. તેવામાં સાવરકુંડલાના થોરાળી નદી ઉપર ચેકડેમ ઓવરફ્લો થતાં નેરડામાં બળદ ગાડા સાથે પિતા-પુત્ર તણાયા હતા. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિકોએ ફાયર વિભાગની ટીમને જાણ કરી હતી. આ ઘટનામાં પાણીમાં તણાવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

## ન્યુઝ બોક્ષ

### ડીસામાં વરસાદથી બાજરી અને મગફળીના પાકને મોટું નુકસાન

। (એજન્સી) ડીસા, તા.૧૭ ।

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી અનુભવાતા સખત બફારા અને ઉકળાટ બાદ ગત રાત્રિના સુમારે તેમજ સોમવારે સાંજના સુમારે જિલ્લાના કેટલાક ભાગોમાં અચાનક વરસાદ વરસ્યો હતો. જેને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. પ્રાથમિક અહેવાલો મુજબ, આ વરસાદને કારણે બાજરીના પાકને વ્યાપક નુકસાન થયું છે. ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તૈયાર થઈ ગયેલા બાજરીના પાકને વરસાદથી મોટો ફટકો પડ્યો છે. તેવી જ રીતે, મગફળીના ખેડૂતોને પણ રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. જોકે, વરસાદના કારણે વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી હતી, પરંતુ આજે દિવસ દરમિયાન ફરીથી ભારે ઉકળાટ અને બફારો અનુભવાયો હતો ત્યારબાદ સાંજના સુમારે વરસાદી ઝાપટું વરસ્યું હતું. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં વરસાદની સંભાવના અંગે કોઈ સ્પષ્ટ આગાહી કરાઈ નથી, જેના કારણે ખેડૂતોમાં અનિશ્ચિતતાનો માહોલ છે.

### સાબરકાંઠામાં પોલીસ કોન્સ્ટેબલ દારુ સાથે ઝડપાયો

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૭ ।

સાબરકાંઠામાં પોલીસ કોન્સ્ટેબલ દારુ સાથે ઝડપાયો છે, ગાંભોઈ પોલીસના પેટ્રોલિંગમાં કોન્સ્ટેબલ ઝડપાયો છે, તો કોન્સ્ટેબલ સંજય સોલંકીની કારમાંથી મળ્યો દારુ અને આ કોન્સ્ટેબલ ચિલોડા પોલીસ મથકમાં ફરજ બજાવી રહ્યો છે, પોલીસે ૪ લાખથી વધુનો મુદ્દામાલ કર્યો જપ્ત અને પોલીસે પ્રોહિબિશનનો ગુનો પણ નોંધ્યો છે. ચિલોડા પોલીસ સ્ટેશનના ફરજ બજાવતો કોન્સ્ટેબલ દારૂ સાથે ઝડપાયો છે, ગાંભોઈ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કાર ચેક કરી તો કાર દારૂથી ભરેલી હતી અને દારૂ કોઈ બુટલેગર નહી પણ પોલીસ કોન્સ્ટેબલ લઈને આવ્યો છે, ભિલોડાથી ગાંભોઈ તરફ આ કોન્સ્ટેબલ દારૂ ભરીને આવતો હતો અને ઝડપાઈ ગયો છે, સમગ્ર ઘટનામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ગુજરાતમાં બાંધવામાં આવનાર આઠમો સ્ટીલ બ્રિજ

## અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે ૧૦૦ મીટર લાંબો લોખંડનો પુલ લોન્ચ

### પુલને ૮૪ મીટર લાંબા લોન્ચિંગ નોઝનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવ્યો છે, જેનું વજન લગભગ ૬૦૦ મેટ્રિક ટન છે

। અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સતત પ્રગતિના ભાગ રૂપે, ગુજરાતના ભરૂચ નજીક DFCC ટ્રેક પર ૧૦૦ મીટર લાંબો સ્ટીલ બ્રિજ પૂર્ણ થયો.

આ પ્રોજેક્ટ માટે ગુજરાતમાં બાંધવામાં આવનાર આઠમો સ્ટીલ બ્રિજ છે અને સમગ્ર કોરિડોર માટે ૧૭ સ્ટીલ બ્રિજ અને ૨૮ સ્ટીલ બ્રિજ છે.લગભગ ૧૪૦૦ મેટ્રિક ટન વજનવાળો આ પુલ ૧૪.૬ મીટર ઊંચો અને ૧૪.૩ મીટર પહોળો છે. તેને ટ્રિચી ખાતેના વર્કશોપ માં તૈયાર કરવામાં આવ્યો છે અને ખાસ ડિઝાઈન કરાયેલા ટ્રેલરો દ્વારા સાઈટ સુધી પહોંચાડવામાં આવ્યો છે.

પુલને ૮૪ મીટર લાંબા લોન્ચિંગ નોઝનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવ્યો છે, જેનું વજન લગભગ ૬૦૦ મેટ્રિક ટન છે. આ પુલના નિર્માણમાં અંદાજે ૫૫,૩૦૦ જેટલા ટોર-શીયર પ્રકારના હાઈ સ્ટ્રેન્થ બોલ્ટ્સ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને C5 પધ્ધતિથી પેઈન્ટિંગ કરવામાં આવ્યું છે અને એલાસ્ટોમેરિક બેરિંગ્સ ૧૦૦ વર્ષના આયુષ્ય માટે ડિઝાઈન કરવામાં આવેલ છે. પુલનું એસેમ્બલી કાર્ય સ્થળ ઉપર જમીનથી ૧૮ મીટર ઊંચાઈએ તાત્કાલિક ટ્રેસલ્સ પર કરવામાં આવ્યું હતું અને તેને ૨ અર્ધ-સ્વચાલિત જેક્સની આપમેળે કાર્ય કરતી પદ્ધતિ વડે ખેંચવામાં આવ્યો હતો, જેમાં દરેક જેકની ક્ષમતા ૨૫૦ ટન હતી અને તેમાં મેક-એલોય બાર્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ લોંચિંગ કાર્ય ખૂબ જ જાગરુકતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યું હતું, જેમાં ડીએફસી ટ્રેક્સ પર તબક્કાવાર રીતે યોજના મુજબ ટ્રાફિક બ્લોક્સ લેવામાં આવ્યા હતા જેથી સલામતી સુનિશ્ચિત રહે અને માલવાહક ટ્રેનોની અવરજવર ઓછામાં ઓછી ખલેલ સાથે ચાલુ રહી શકે.

### વાસદ–રનોલી સ્ટેશનો વચ્ચે લેવામાં આવેલ બ્લોક રદ,પ્રભાવિત ટ્રેનો પુનઃ સ્થાપિત

। અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગ પર વાસદ-રણોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૬૨૪ પર રિગર્ડરિંગના કામ માટે ૧૮ જૂન ૨૦૨૫ (બુધવાર) ના રોજ બ્લોક લેવામાં આવ્યો હતો. જે ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવ્યો છે. તદનુસાર ૧૮ જૂન ૨૦૨૫ ના રોજ પ્રભાવિત ટ્રેનો હવે તેમના નિર્ધારિત સમયસારણી પ્રમાણે ચાલશે. પુનઃસ્થાપિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

**સંપૂર્ણ પણે રદ ટ્રેન**

ટ્રેન સંખ્યા ૧૯૦૩૬ મણિનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ

ટ્રેન સંખ્યા ૧૯૦૩૫ વડોદરા-મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ

**આંશિક રીતે રદ ટ્રેન**

ટ્રેનસંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ

**રિશિડયુલ/રેગ્યુલેટ ટ્રેનો**

૧. ટ્રેન સંખ્યા ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ

૨. ટ્રેન સંખ્યા ૧૬૫૩૩ ભગત કી કોઠી-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ

૩. ટ્રેનસંખ્યા ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ

૪. ટ્રેન સંખ્યા ૨૦૬૨૬ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ એક્સપ્રેસ

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતીમાટે, યાત્રીઓ www. enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

તસ્કરો સોના, ચાંદી, રોકડ સહિત ૨૦ લાખની મતાની ચોરી કરી પલાયન

## પોલીસ વીવીઆઇપી બંદોબસ્તમાં વ્યસ્ત શાહીબાગમાં ૧૦ દુકાનના તાળાં તૂટ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ સિવિલ હોસ્પિટલમાં વીવીઆઈપીની અવર જવર રહે છે. સિવિલ હોસ્પિટલ શાહીબાગ પોલીસ મથકની હદમાં આવે છે, જેના કારણે પોલીસ છેલ્લા કેટલાક દિવસોથી વીવીઆઈપી બંદોબસ્તમાં વ્યસ્ત રહે છે. ત્યારે શાહીબાગ સુજાતા ફ્લેટની સામે આવેલા મલ્લીનાથ કોમ્પ્લેક્સની ૧૦ દુકાનના તાળાં તોડી તસ્કરો રોકડ, દાગીના તેમજ અન્ય ચીજ વસ્તુઓ મળીને અંદાજે રૂ.૨૦ લાખની મતા ચોરી ગયા હતા.

એક જ રાતમાં જે ૧૦ દુકાનોને ટાર્ગેટ કરવામાં આવી તેમાં એક જ્વેલરી શોપનો પણ સમાવેશ થાય છે. ત્યાંથી દાગીના અને રોકડ મળીને કુલ રૂ.૧૬.૧૪ લાખની મતાની ચોરી થઈ હતી. જ્વેલરી શોપના સીસીટીવીમાં કેદ થયેલી ચોરીની ઘટનાની તસ્વીરના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.સુભાષબ્રિજ કેશનવગર આસુતોષ રેસિડેન્સીમાં રહેતા અમિતભાઈ મોહનલાલ શાહ(૪૩) મલ્લીનાથ કોમ્પ્લેક્સના પહેલા માળે મારુતિ જ્વેલર્સ નામની દુકાન ધરાવે છે. અમિતભાઈને છેલ્લા ૧ વર્ષથી પેટની તકલીફ હતી. જો કે તા.૯ જૂને તેમની તબિયત બગડતા સાંજે દુકાન બંધ કરીને ઘરે જતા રહ્યા હતા. જ્યારે તા.૧૫ જૂનના રવિવારે સવારે ૮ વાગ્યે તેમના કોમ્પ્લેક્સમાં હેર સલુન ધરાવતા અશોકભાઈ નાઈએ ફોન કરીને કહ્યું હતું કે આપણા કોમ્પ્લેક્સની દુકાનોના તાળા તૂટેલા છે. તમારી દુકાનનું શટર પણ અડધુ ખુલ્લું છે. જેથી અમિતભાઈ દુકાને આવ્યા હતા અને જોયું તો દુકાનના ડ્રોઅરમાંથી રૂ.૧૫.૪૯ લાખની કિંમતના સોના - ચાંદીના દાગીના અને રોકડા રૂ.૬૫ હજાર મળીને કુલ રૂ.૧૬.૧૪ લાખની મતાની ચોરી થઈ હતી. આ ઉપરાંત અન્ય ૯ દુકાનોના તાળાં તૂટ્યાં હતાં. જેમાંથી કેટલીક દુકાનોમાંથી ચોરી થઈ હતી તો કેટલીક દુકાનોમાંથી કશું ગયું ન હતું. કુલ ૨૦ લાખની મતાની ચોરી થઈ હોવાનું જણાયું છે. આ મામલે પોલીસે અમિતભાઈ શાહની ફરિયાદ નોંધી આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ આદરી છે.

શહેરમાં વધુ ૭ દર્દી કોરોનામુક્ત થતા રાહત

## ભાવનગરમાં કોરોના વાયરસની ગતી વધી, વધુ ૭ કેસ નોંધાયા

। (એજન્સી) ભાવનગર, તા.૧૭ ।

ભાવનગર શહેરમાં આજે સોમવારે કોરોના વાયરસના વધુ ૭ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૭ દર્દી કોરોના મૂક્ત થયા છે. કોરોના વાયરસની ગતી વધી રહી છે તેથી લોકોની ચિંતા વધી છે. ભાવનગર શહેરમાં આજે સોમવારે કોરોના વાયરસના વધુ ૭ કેસ નોંધાયા છે, જેમાં શહેરના શિશુવિહાર વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષના સ્ત્રી, વાઘાવાડી રોડ વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષના સ્ત્રી અને શાંતિનગર વિસ્તારમાં રહેતા ૫૩ વર્ષના સ્ત્રી (ટ્રાવેલ હિસ્ટ્રી સુરત), સાગવાડી વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષના પુરૂષ, કાળિયાબીડ વિસ્તારમાં રહેતા ૫૯ વર્ષના પુરૂષ (ટ્રાવેલ હિસ્ટ્રી ધંધુકા), શિવપાર્ક સોસાયટી વિસ્તારમાં રહેતા ૪૬ વર્ષના પુરૂષ (ટ્રાવેલ હિસ્ટ્રી કચ્છ), સિદસર વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષના પુરૂષ વગેરેનો સમાવેશ થાય છે. આ દર્દીઓની તબીયત બગડતા તેઓને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા અને તેઓને કોરોનાના લક્ષણો હોવાથી રિપોર્ટ કરવામાં આવ્યા હતા. દર્દીઓનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો પરંતુ તેની તબીયત સારી હોવાથી હાલ ઘરે સારવાર હેઠળ રાખવામાં આવેલ છે તેમ મહાપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવેલ છે. શહેરમાં આજે વધુ ૭ દર્દી કોરોના મૂક્ત થયા હતાં. શહેર અને જિલ્લામાં છેલ્લા ૨૩ દિવસમાં કોરોનાના કુલ ૫૫ કેસ નોંધાયા છે, જેમાં શહેરમાં કોરોનાના ૫૪ કેસનો સમાવેશ થાય છે. શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૩૬ દર્દી કોરોના મૂકત થયા છે, જ્યારે કોરોનાના ૧૭ દર્દી હાલ ઘરે સારવાર હેઠળ છે. કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે ત્યારે લોકોએ સાવચેત રહેવુ જરૂરી છે તેમ આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવેલ છે.

## જૂન ૨૦૨૫માં આરપીએફ અમદાવાદે કર્યા વિવિધ સરાહનીય કાર્યો










। અમદાવાદ, તા.૧૭ ।

રેલવે સુરક્ષા બળ (આરપીએફ) અમદાવાદ મંડળ રેલવેની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા અને યાત્રીઓ ને મદદ કરવા માટે સતત કાર્યરત છે. જૂન ૨૦૨૫ મહિનામાં અત્યાર સુધી આરપીએફ દ્વારા યાત્રીઓને મદદ કરવા, ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા, બાળકોનું રક્ષણ કરવા અને યાત્રીઓની સંપત્તિની સુરક્ષા હેતુ ઘણા નોંધપાત્ર કાર્યો કરવામાં આવ્યા. મુખ્ય ઉપલબ્ધિઓ નીચે મુજબ છેઃ

**૧. ઓપરેશન 'નન્હે ફરિશ્તે'**

આરપીએફએ રેલવે પરિસરમાં લાવારિસ અને અસહાય અવસ્થામાં મળી આવેલા ૦૭ બાળકોને સુરક્ષિત રેસ્ક્યૂ કરીને અને તેમને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (સીડબલ્યુસી) અને જીઆરપી ને સોંપ્યા. આ કાર્ય બાળકોની સુરક્ષા અને પુનર્વસન તરફનો એક મજબૂત પ્રયાસ છે.

**૨. ઓપરેશન 'સતર્ક' (ગેરકાયદેસર દારૂ સામે ઝુંબેશ)**

ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે ચલાવવામાં આવેલા અભિયાનમાં આરપીએફ દ્વારા ૦૪ કેસ પકડવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂા.૭૫,૨૩૨ ની કિંમતનો દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. તમામ આરોપીઓને કાયદેસરની કાર્યવાહી માટે જીઆરપીને સોંપવામાં આવ્યા હતા.

**૩. ઓપરેશન 'નાર્કોસ'**

કાંકરિયા યાર્ડમાં ચાલતી ટ્રેનમાંથી ઉતરતી વખતે બે વ્યક્તિઓને રૂા.૧,૭૩,૫૦૦ ની રકમના ગાંજા સાથે પકડવામાં આવ્યા હતા. બંને આરોપીઓને એનડીપીએસ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી માટે જીઆરપીને સોંપવામાં આવ્યા હતા.

**૪. ઓપરેશન 'અમાનત' (ખોવાયેલ સામાન પરત આપ્યો)**

મુસાફરો દ્વારા ખોવાયેલો કુલ રૂા.૪,૯૯,૧૪૯ ની કિંમતનો સામાન વેરિફિકેશન પછી તેમને સોંપવામાં આવ્યો હતો.

**૫. ઓપરેશન 'યાત્રી સુરક્ષા'**

યાત્રીઓની મિલકતની ચોરીમાં સંડોવાયેલા ૦૩ આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે જીઆરપીને સોંપવામાં આવી હતી.

**૬. નકલી ટીટીઈની ઓળખ**

અમદાવાદ સ્ટેશન પર ટીટીઈની યુનિફોર્મમાં યાત્રીઓ પાસેથી કયું આર કોડના માધ્યમ થી છેતરી રહેલા એક નકલી વ્યક્તિને આરપીએફએ પકડી પાડ્યો પૂછપરછ દરમિયાન તેણે પોતાનો ગુનો કબૂલ્યો. તેને જીઆરપી ને સોંપવામાં આવ્યો. આ અભિયાનોના માધ્યમથી આરપીએફ અમદાવાદે એ સિદ્ધ કર્યું કે તેઓ ના ફક્ત રેલવે સંપત્તિ અને યાત્રીઓની સુરક્ષા માટે કટિબદ્ધ છે પરંતુ માનવતા અને સામાજિક જવાબદારીઓ પણ નિભાવી રહી છે. રેલવે યાત્રીઓની સેવા અને સુરક્ષા આરપીએફની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

વડોદરાના લક્ષ્મીપુરા વિસ્તારની ઘટના

## વડોદરાના એમઆઈજી ફ્લેટમાં થી જુગાર રમતા છ ખેલી ઝડપાયા

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

વડોદરા લક્ષ્મીપુરા વિસ્તારમાં આચવેલા એમઆઈજી ફ્લેટના બંધ મકાનમાં રેઈડ કરી જુગાર રમતા કુલ ૬ ખેલીને ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા જુગારીઓની અંગઝડતી તથા દાવ પર લાગેલી રોકડ રકમ મળી રૂ.૩૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડોદરા શહેરના પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર ડૉ.લીના પાટીલ તરફથી શહેરમા દારૂ અને જુગાર સંબંધીત ગુનાઓ શોધી કાઢવા સુચના કરવામાં આવી હતી. જેના આધારે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરી રહ્યા હતા. તે દરમ્યાન બાતમી મળી હતી કે સરદાર પટેલ હાઈટ્સ ટાવર એમઆઈજી ફ્લેટના મ.નં. ૬૦૨ માં બહારથી કેટલાક માણસો આવ્યા છે અને તેઓ ભેગા મળી જુગાર રમે છે. જે આધારે પોલીસની ટીમે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરી હતી ત્યારે મકાનમાં જુગાર રમતા ૬ જુગારી વિનોદ પ્રકાશભાઈ ગંગવાણી (રહે-ખોડિયાર નગર સિધ્ધાનાર્થ પાર્ક ડિ-માર્ટની પાછળ વડોદરા), તેજશ લાલાભાઈ કહાર (રહે-વારસીયા ઝુપડપટ્ટીમાં, જુના આર. ટી.ઓ. પાસે વડોદરા), હસમુખ શનાભાઈ પરમાર (રહે- સમા ગામ, ઉંડ ફળીયું.સમા, વડોદરા), નાનુભાઈ ચંદ્રસિંહ પટેલ (રહે-નારાયણધામ, ખોડીયાર નગર ચાર રસ્તાની આગળ, વડોદરા શહેર), નવસાદભાઈ મોહેમંદ સૈયદ (રહે-આશાપુરા સોસાયટી,સયાજી પુરા ગામ, આજવા રોડ, વડોદરા) અને હરીશ ભોગીલાલ ટેલર (રહે-પ્રાર્થના ફ્લેટ,વારસીયા રિંગરોડ, વડોદરા) ઝડપાઈ ગયા હતા. પોલીસ દ્વારા જુગારીઓની અંગઝડતી કરવામાં આવી હતી ત્યારે જમીન દાવના રોકડા રૂપિયા ૧૩ હજાર, અંગ ઝડતીના રોકડા રૂપિયા ૯ હજાર, મોબાઈલ નંગ ૩, અને ૧૫ હજાર રોકડા મળી રૂ.૩૮ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.